MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૨૯-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ભારતમાં કોરોના વાયરસની એન્ટ્રી..? દિલ્હીમાં ૩,કેરળમાં ૫ લોકો શંકાસ્પદ

5 આજે ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી ટી-૨૦માં ઈતિહાસ રચવા ઉતરશે ભારત

8 તારા આગમનથી નવીન ઉર્જા મળી ને એવો પ્રભાવ પડ્યો કે હું પ્રેમમાં પડી ગયો

12 રાજપીપળા પાલિકાના ખોખલા વહીવટથી ખુદ ભાજપના સભ્યો તોબા પોકારી ઉઠ્યાઃ માજી પ્રમુખે આપી રાજીનામાની ચીમકી

એનસીસીના કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીનો હૂંકાર

...તો ભારત પાકિસ્તાનને ૧૦ દિવસમાં ખતમ કરી નાંખશે..!

પાકિસ્તાનને હરાવવામાં આપણા સૈન્યને ૧૦ દિવસ પણ નહી લાગે,આપણો પડોશી દેશ ત્રણ લડાઈ હારી ગયું છે,સીએએ વિરોધીઓને પાકિસ્તાનમાં અત્યાચાર નથી દેખાતા,વર્ષો જૂની બિમારીઓને અમે ઠીક કરી રહ્યા છીએ

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અત્રે આયોજિત એનસીસીના એક કાર્યક્રમમાં દેશની રાજધાની દિલ્હીની ધરતી પરથી પડોશી રાષ્ટ્ર કે જે આતંકવાદને પોષે છે તે પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કર્યા વગર ફરી એકવાર લલકારતાં કહ્યું હતું કે આપણે જાણીએ છીએ કે આપણાં પડોશી દેશ આપણી સાથે ત્રણ વખત લડાઈ હારી ચુક્યું છે. અને જો ફરી ભૂલ કરશે તો આપણા સશસ્ત્ર દળોને તેમને(પાકિસ્તાનને) હરાવવામાં ૧૦-૧૨ દિવસથી વધારે સમય નહીં લાગે. અન્ય શબ્દોમાં કહીએ તો પાક. સામે સર્જીકલ સ્ટ્રાઈક અને બાલાકોટ એર સ્ટ્રાઈક કરનાર પીએમ મોદીએ પાકિસ્તાનને ફરીથી લલકારતાં કહ્યું કે ભારત ધારે તો પાકિસ્તાનને માત્ર ૧૦ દિવસમાં જ મસળીને મૂકી દે તેટલી સૈન્ય તાકાત ધરાવે છે.

ભારતે હમણાં જ ૨૬મીએ ૭૧મા પ્રજાસત્તાક દિનની ઉજવણી દરમ્યાન દેશ અને દુનિયાને



અમે જમ્મુ-કાશ્મીરમાં અલગાવવાદ અને આતંકવાદને ખતમ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ

જેઓ બદલાયા નથી, તેને પ્રજાએ બદલી નાંખ્યા દેશ માટે ગાળો ખાઈ રહ્યો છું,અમે દશકો જૂની ભૂલોને સુધારી રહ્યા છીએ,અમે સમસ્યાઓનું સમાધાન ઈચ્છએ છીએ,હવે ટાળવામાં નહી આવે ટકરાવામાં અને જવાબ આપવામાં આવશે

પોતાની સૈન્ય શક્તિનો પરિચય આપ્યો હતો. ૨૬મીના કાર્યક્રમ બાદ આજે ૨૮મીએ દિલ્હીમાં નેશનલ કેડેટ કોર્પ્સ(એનસીસી) જવાનોના એક કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ ઉપસ્થિત રહીને તેમને પ્રેરણા આપી હતી અને રાજકિય પ્રહારોની સાથે પડોશી રાષ્ટ્રને પણ ચિમકી આપી હતી કે ભારતનું સૈન્ય બળ એટલું મજબૂત અને કૂનેહ રણનીતિ ધરાવે છે કે પાકિસ્તાનને હરાવવામાં ૧૦-૧૨ દિવસથી વધારે સમય નહીં લે. તેમણે કહ્યું હતું કે આપણે જાણીએ છીએ કે આપણા પડોશી દેશ આપણી સાથે ત્રણ વખત લડાઈ હારી ચુક્યા છે. આપણા સશસ્ત્ર દળોએ તેમને હરાવવા ૧૦-૧૨ દિવસથી વધારે સમય નહીં લાગે. તેઓ દાયકાઓથી ભારતની સામે પરોક્ષ યુદ્ધ(પ્રોક્સી વોર) લડી રહ્યાં છે. જેમાં હજારોની સંખ્યામાં નાગરિકો, જવાનોએ જીવ ગુમાવ્યો છે. પાકિસ્તાન ભારતની સૈન્ય તાકાત જાણે છે. તેથી તે ભારતની સામે સીધા યુધ્ધમાં ઉતરે તો

અનુસંધાન પાના નં. ૬

વડાપ્રધાને ગાંધીનગર ખાતે વીડિયો કોન્ફરન્સથી વૈશ્વિક બટેકા સંમેલનમાં ખેડૂતોને સંબોધ્યા

૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્યઃ મોદી

ગાંધીનગરમાં આજથી ત્રિદિવસીય ગ્લોબલ પોટેટો કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું છે. વૈશ્વિક બેટેકા સંમેલનમાં દેશના વડાપ્રધાન પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સથી સંબોધન કર્યું હતું. ૨૮ થી ૩૧ સુધી આ કોક્લોવ ચાલશે. જેમાં, ખેડૂતો, વૈજ્ઞાનિકો વિદ્યાર્થીઓ સહિત અન્ય લોકો બટાકાની જાણકારી આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ભારતના તમામ ઘરોમાં ગુજરાતના બટાકાનો પ્રવેશ થઈ ચૂક્યો છે. ગુજરાતમાં બટાકાના ઉત્પાદનમાં ૧૫૦ ટકાનો વધારો વધારો થશે. ગુજરાત દેશમાં બટાટાના મોટા કેન્દ્ર તરીકે ઉભર્યું છે. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ ખેડૂતોને કહ્યું કે, પોટેટો કોક્લેવ પ્રથમ વખત દિલ્હીની બહાર યોજાઈ રહી છે, ગુજરાતમાં આ કાર્યક્રમ થવાનું મહત્વ એટલે છે કે ગુજરાત બટાકાનું ઉત્પાદન કરનારું પ્રથમ રાજ્ય છે, છેલ્લા બે દશકમાં ગુજરાત બટાકાનું ઉત્પાદનનું નંબર વન હબ બન્યું છે, ગુજરાતમાં ૧૧૭ પ્રતિ ઉત્પાદન વધ્યું છે.

છેલ્લા બે દશકમાં પોલિસી નિર્ણય સહિત સિંચાઈ માટેની યોગ્ય સુવિધા જોવા મળી રહી છે. ગુજરાતમાં બટાકાના સ્ટોરેજ માટે આધુનિક વ્યવસ્થા છે. સુજલામ સુફલામ સહિત સૌની યોજના અને સરદાર સરોવરના માધ્યમથી ગુજરાતના તમામ ખૂણે પાણી પહોંચી રહ્યું છે. ગુજરાતમાં બટાકાનો ઉત્પાદન દર ૧૧૭% વધ્યો છે. ગુજરાતમા દુકાળગ્રસ્ત રહેતા વિસ્તારમાં આજે સિંચાઈ થાય છે. નર્મદાનું પાણી નહેરોના માધ્યમથી પહોંચે છે. સિંચાઈ માટે પણ વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવાય છે. ટપક સિંચાઈ અને ફુવારા પદ્ધતિનો ઉપયોગ થાય છે. ખેડૂતોને આવક બમણી કરવા આપણે ઘણુ બધુ કરી રહ્યા છીએ.

વધુમાં તેમણે કહ્યું કે, ભારત દુનિયાના ટોપ ત્રણ દેશોના અનાજ ઉત્પાદન કરવામાં છે. કૃષિના આધારે સ્ટાર્ટઅપને પ્રમોટ કરવામાં આવશે. આધુનિક ટેકનોલોજી, ડ્રોન ટેકનોલોજી વગેરેનો સારી રીતે ઉપયોગ થઈ શકે છે. બટાકા ઉત્પાદન માટે નવી પોલિસીનો સમય આવી ગયો છે. ૧૯ મી સદીમી બટાકાના કારણે અન્ય દેશોમાં વગેરેમા રોગચાળો થયો હતો. ૨૦૨૨માંથી ખેડૂતોની આવક ડબલ કરવા માટેના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અનાજ સહિત ખાવાની વસ્તુઓનું ઉત્પાદન કરવામાં ભારત સમગ વિશ્વમાં ઉના સ્થાન પર છે. એક સમયમાં

અનુસંધાન પાના નં. ૬

કૃષિક્ષેત્રે ૧૦૦ ટકા એફડીઆઈ પર વિચાર,સરકાર કૃષિ ટેકનોલોજી આધારિત સ્ટાર્ટઅપને પ્રમોટ કરવા પર ભાર આપી રહી છે,૨૧મી સદીમાં પણ કોઈ ભૂખ્યુ અને કુપોષિત ન રહે તેની જવાબદાર આપણા તમામના ખભે

રાજસ્થાનના જયપુરમાં કોંગ્રેસ નેતાએ આક્રોશ રેલીને સંબોધિત કરી

અર્થવ્યવસ્થા બરબાદ,સરકારે યુવાઓને બેરોજગાર કર્યાઃ રાહુલ ગાંધી

કેન્દ્રએ દેશના યુવાનોને બરબાદ કરી નાખ્યા,મોદી સરકારમાં દેશનો ગ્રોથ રેટ ૯%થી ઘટાડીને ૫% કર્યો,નબળી અર્થવ્યવસ્થા માટે સરકાર જવાબદાર,સીએએ પર મોદી બોલે છે, બેરોજગારી પર ચુપ

જયપુર

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારનાં રાજસ્થાનનાં જયપુરમાં યુવા આક્રોશ રેલીને સંબોધિત કરી. કોંગ્રેસ નેતા આ રેલીમાં મોદી સરકાર પર જોરદાર પ્રહાર કરતા જોવા મળ્યા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર દેશની છબિને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવ્યો. રાહુલ બોલ્યા કે પહેલા હિન્દુસ્તાનની ભાઈચારાની છાપ હતી, પરંતુ નરેન્દ્ર મોદીએ એ છબિને



નુકસાન પહોંચાડ્યું છે. આ રેલીમાં મુખ્ય રીતે રાહુલ ગાંધીએ બેરોજગારીનાં મુદ્દા પર સરકારને ઘેરી છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, રોકાણકારો ભારતમાં રોકાણ કરતા ડરે છે, કેમકે અહીં હિંસા છે. હિન્દુસ્તાનની સરકાર દેશમાં હિંસા ફેલાવી રહી છે, આવામાં રોકાણ કેમ કરે? નરેન્દ્ર મોદીએ હિંદુસ્તાનની ભાઈચારાવાળી છબિને તોડી દીધી. પહેલા લોકો કહેતા હતા પાકિસ્તાનમાં હિંસાનો માહોલ છે. પાકિસ્તાનને હિંસાવાળો અને ભારતને પ્રેમવાળો દેશ કહેતા હતા, પરંતુ નરેન્દ્ર મોદીએ આ ઈમેજને બરબાદ કરી દીધી છે. દુનિયામાં હિંદુસ્તાનને રેપ કેપિટલ કહેવામાં આવે છે.

યુવા આક્રોશ રેલીમાં રાહુલનું સંપૂર્ણ જોર હિંદુસ્તાનનાં યુવાનો પર રહ્યું. તેમણે કહ્યું કે, દેશની સ્થિતિ દરેક યુવા જનતા જાણે છે. દરેક દેશ પાસે કોઈને કોઈ પૂંજી હોય છે. ભારતની સૌથી મોટી પૂંજી તેના યુવા છે.

અનુસંધાન પાના નં. ૬

દેશની સુરક્ષા કરતા સીમાના જવાનોને સરકારનો મોટો ઝટકો

મંદીનો માર..?,સૈનિકોને છેલ્લા બે માસથી ભથ્થુ ચૂકવાયું નથી

સશસ્ત્ર સીમા દળના ૯૪,૦૦૦થી વધુ જવાનો મુશ્કેલીમાં,અર્ધ સૈનિક દળોના તમામ ભથ્થાઓ અટકાવી દેવાયા,૪ મહિનામાં બીજી વખત ભથ્થાઓ ઉપર લગામ

ન્યુ દિલ્હી

ટાઢ, હિમવર્ષા, જાનનું જોખમ અને બીજા અનેક અવરોધો વચ્ચે બારેમાસ આંખમાં તેલ આંજીને સીમાડા સાચવતા લશ્કરના જવાનોને જાન્યુઆરી અને ફેબ્રુઆરીનું ભથ્થું આપવાના પૈસા કેન્દ્ર સરકાર પાસે નથી એવી ચોંકાવનારી માહિતી એક દૈનિકે પ્રગટ કરી હતી.

અંગ્રેજી, અને બંગાળી એમ બે ભાષામાં અડધો ડઝન આવૃત્તિ પ્રગટ કરતા આ દૈનિક જૂથે એક અહેવાલમાં જણાવ્યું હતું કે મંદીની અસર સીમાડા સાચવતા જવાનોને પણ થઈ જણાય છે. સીમાડા સાચવતા સશસ્ત્ર દળના ૯૦ હજાર જવાનોને જાન્યુઆરી અને ફેબ્રુઆરીનું ભથ્થું હજુ ચૂકવાયું નથી. જાન્યુઆરી માસ તો પૂરો થવા આવ્યો.

આ જવાનોને ચાઈલ્ડ એજ્યુકેશન ભથ્થું હજુ મળ્યું નથી. બોર્ડર સિક્યોરિટી ફોર્સે

અનુસંધાન પાના નં. ૬

સમગ્ર દુનિયામાં કોરોના વાયરસના ૪૫૧૫ કેસ નોંધાયા

કોરોના વાયરસઃ ચીનમાં મૃત્યુઆંક ૧૦૦ને પાર,૧૫૦૦ નવા કેસ નોંધાયા

ચીનમાં અત્યાર સુધી ૧૦૭ના મોત, શ્રીલંકા, કેનેડા અને જર્મનીમાં પણ પહેલો કેસ નોંધાયો

ન્યુ દિલ્હી/બેઈજિંગ

ચીનમાં કોરોના વાયરસથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા સતત વધી ગઈ છે. આ સંખ્યા મંગળવારે ૧૦૭ થઈ ગઈ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૦૦ નવા કેસ સામે આવ્યા છે. ચીનમાં હેલ્થ કમિશને જણાવ્યું કે, હુબેઈ રાજ્યમાં સૌથી વધારે ૧૦૦ લોકોના જીવ ગયા છે. સમગ્ર દુનિયામાં અત્યાર સુધી કોરોના વાયરસના કુલ ૪૫૧૫ કેસ નોંધાયા છે. તેમાં ૪૪૦૯ માત્ર ચીનમાં છે. વિદેશ મંત્રાલયને સૌથી વધારે અસર ગ્રસ્ત વુહાન શહેરમાં ફસાયેલા ભારતીયોની સંખ્યા વિશે જાણ નથી. જોકે તેમને ત્યાંથી બહાર કાઢવા માટે એર ઈન્ડિયા જંબો જેટ તૈયાર કરવામાં આવ્યું છે. તેઓ હવે માત્ર સરકાર પાસેથી આદેશ મળવાની રાહ જોઈ રહ્યા છે.

હકીકતમાં વુહાનમાં ૬૦૦થી વધારે ભારતીયો અભ્યાસ કરે છે. પરંતુ ક્રિસમસની રજાના કારણે મોટા ભાગના ભારતીયો ભારત આવ્યા હતા. ૨૫૦થી ૩૦૦ જેટલા હજી પણ ભારતીય વિદ્યાર્થીઓ ચીનમાં ફસાયા હોવાની શંકા છે. વિદેશ મંત્રાલયના અધિકારી તરફથી કહેવામાં આવ્યું છે કે, ચીન જતાં દરેક ભારતીય કાઉન્સલેટમાં રજીસ્ટ્રેશન કરાવતા નથી. તેથી આ સંજોગોમાં તેમનો ચોક્કસ આંક મેળવવો મુશ્કેલ છે. દરેક વિદ્યાર્થીઓની ફોન લઈને માહિતી મેળવવામાં આવી રહી છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝરના મહાનિર્દેશકો પણ કોરોના વાયરસના સંક્રમણની સ્થિતિથી

અનુસંધાન પાના નં. ૬



તમામને હોસ્પિટલોમાં ઓબ્ઝર્વેશન હેઠળ રખાયા,ભારતમાં ફફડાટ

ભારતમાં કોરોના વાયરસની એન્ટ્રી..? દિલ્હીમાં ૩,કેરળમાં ૫ લોકો શંકાસ્પદ

મ્યાનમારમાં ભારતની સીમા પર સ્ક્રીનિંગ ડિવાઈસ લગાવાઈ, ૨૫૦ ભારતીયો ચીનના વુહાન શહેરમાં ફસાયા,એર ઈન્ડિયાના ખાસ વિમાનથી ભારત લાવવાની કવાયત શરૂ

ન્યુ દિલ્હી

દિલ્હીમાં મંગળવારે કોરોના વાયરસના ઈન્ફેક્શનની શંકાએ ત્રણ લોકોને રામ મનોહર લોહિયા હોસ્પિટલ (આરએમએલ)માં દાખલ કરવામાં આવ્યા છે. તેમના બ્લડ સેમ્પલને તપાસ માટે નેશનલ સેન્ટર ફોર ડિસીસ કંટ્રોલ (એનસીડીસી) મોકલવામાં આવ્યા છે. જ્યારે કેરળના તિરુવંતપુરમ, એર્નાકુલમ અને ત્રિસુરમાં પાંચ લોકોને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે. ૪૩૧ અન્ય યુવકોને તેમના ઘરમાં જ ઓબ્ઝર્વેશનાં રાખીને સારવાર કરવામાં આવી રહી છે. મહારાષ્ટ્રના એક સીનિયર ઓફિસરે મંગળવારે જણાવ્યું છે કે, તાજેતરમાં જ ચીનથી પરત આવેલા છ યુવકોને ઈન્ફેક્શનની શંકા પછી પુણે અને મુંબઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

હોસ્પિટલનાં અધિક્ષક ડો.મીનાક્ષી ભારદ્વાજે જણાવ્યું કે, દર્દીઓને સારવાર માટે અલગ રાખવામાં આવ્યા છે. આ પહેલા મુંબઈ, જયપુર અને બિહારની એક યુવતીમાં પણ આ વાયરસનાં સંકેતો જોવા મળ્યા છે. ચીનથી બિહાર પરત આવેલી એક યુવતીને પટના મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં (પીએમસીએચ) દાખલ કરવામાં આવી છે. યુવતી બિહારનાં છપરાની છે અને હાલમાં જ ચીનથી પરત આવી છે.

મળતી માહિતી મુજબ ચીનથી પરત ફર્યા બાદ બિહારની આ મહિલા બીમાર થઈ ગઈ હતી. અગાઉ તેને છપરાની એક હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ કરાઈ હતી. સારવાર દરમિયાન, સ્થાનિક ડોકટરોએ શોધી કાઠ્યું કે સ્ત્રીનાં રોગનાં લક્ષણો કોરોના વાયરસ જેવા જ છે. આ પછી, છોકરીને પટનામાં પીએમસીએચ રિફર કરવામાં આવી હતી. ડોક્ટરોનું કહેવું છે કે મહિલાની તપાસ કરવામાં આવી રહી છે.

મ્યાનમારમાં ભારત સાથે જોડાયેલી સીમા પર કોરોનાવાયરસ સ્ક્રીનિંગ લગાવાવમાં આવી છે. મ્યાનમારના અધિકારીઓએ મંગળવારે જણાવ્યું કે, ભારતીય નાગરિકોના સ્ક્રીનિંગ માટે સીમા પર ઈન્ફેક્શન તપાસવા માટે એક ડિવાઈસ લગાવવામાં આવી છે. મણિપુરના મોરેહ દ્વારા લોકો મ્યાનમારમાં પ્રવેશ કરી રહ્યા છે. મોરેહ ભારત અને મ્યાનમાર વચ્ચે વેપારનું એક મુખ્ય કેન્દ્ર છે. અધિકારીઓએ કહ્યું કે, ભારતીય નાગરિકોએ વેપાર માટે રોજ મ્યાનમારમાં ૧૬ કિમી અંદર જવાની મંજૂરી આપવામાં આવી છે.

આ બાજુ ચીની સરકારે વુહાન કોરોના વાઈરસના ચેપને રોકવા માટે વુહાન જવાના તમામ રસ્તાઓ બંધ કરી દીધા છે. પરંતુ નિર્ણયના કારણે લગભગ ૨૫૦ ભારતીયો વુહાન શહેરમાં ફસાયેલા છે. હવે આ સ્થિતિમાં કેન્દ્ર સરકારે આ ભારતીયોને બહાર કાઢવાની કવાયત શરૂ કરી દીધી છે. વિદેશ મંત્રાલયે ભારતીયોના વાપસી માટે રોડમેપ તૈયાર કરી લીધો છે.

વિદેશ મંત્રાલય પાસેથી મળેલી જાણકારી મુજબ ૨૫૦ ભારતીયોને વુહાન શહેરમાંથી બહાર કાઢવા માટે ચીની સરકાર સાથે વાતચીત ચાલુ છે. આ માટે એર ઈન્ડિયાનું એક ખાસ વિમાન ચીન મોકલાશે. જો કે હજુ સુધી ચીની સરકારે ભારતીય નાગરિકોને કાઢવા માટે અધિકૃત મંજૂરી આપી નથી.

નિર્ભયા કેસમાં નવો વળાંક

દોષિત મુકેશને જેલમાં અક્ષય સાથે શારિરીક સંબંધ બાંધવા મજબૂર કરાયાનો દાવો

- **સુપ્રિમે મુકેશની અરજી પર ફેંસલો સુરક્ષિત રાખ્યો,આજે વધુ સુનાવણી**
- **મારાભાઈએ આપઘાત નહોતો કર્યો, જેલમાં તેની હત્યા થઈઃ મુકેશની સુપ્રિમમાં રજૂઆત**

ન્યુ દિલ્હી

નિર્ભયા ગેંગરેપ મામલે સુપ્રીમ કોર્ટે દોષિત મુકેશ સિંહની અરજી પર ફેંસલો સુરક્ષિત રાખ્યો છે. કોર્ટે બુધવારે એટલે કે ૨૯મી જાન્યુઆરીના રોજ આ મામલે ફેંસલો સંભળાવશે. દોષીના વકીલ અંજના પ્રકાશે કોર્ટમાં કહ્યું કે, 'રાષ્ટ્રપતિને જે અરજી આપવામાં આવી હતી તેમાં જેલ સુપ્રિન્ટેન્ડેન્ટે પોતાનો અભિપ્રાય આપ્યો ન હતો. જો જેલ અધિકારીએ અભિપ્રાય આપવાની જરૂર ન હતી તો આ 'કૉલમ' શા માટે આપવામાં આવી હતી. જો વિકલ્પ છે તો તેમણે અભિપ્રાય આપવો જોઈતો હતો.' બીજી તરફ મુકેશ સિંહ તરફથી કોર્ટમાં ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મુકેશના વકીલ દ્વારા કોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો કે જેલમાં મુકેશનું શારીરિક શોષણ થયું. તેને કેસના અન્ય દોષિત અક્ષય સાથે શારીરિક સંબંધ બનાવવા માટે મજબુર કરાયો હતો. નિર્ભયા ગેંગરેપ મામલે દોષી મુકેશ સિંહે સુપ્રીમ કોર્ટમાં ચોંકાવનારો દાવો કર્યો છે.

મંગળવારે સુપ્રીમ કોર્ટમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ તરફથી દયા અરજી ફગાવવાના વિરુદ્ધમાં થયેલી અરજી મામલે સુનાવણી દરમિયાન મુકેશના વકીલ અંજના પ્રકાશે દાવો કર્યો કે, આ મામલાના એક આરોપીની જેલમાં હત્યા કરી નાખવામાં આવી હતી. કોર્ટમાં મુકેશની અરજી વાંચતા વકીલ અંજના પ્રકાશે જણાવ્યું કે, 'મુકેશની દલીલ છે કે આરોપીઓમાંથી એકની આત્મહત્યા ખરેખરે હત્યા હતી, પરંતુ વર્ષો સુધી આ વાત છૂપાયેલી રહી છે.'

એટલું જ નહીં સુપ્રીમ કોર્ટમાં પ્રકાશે જણાવ્યું કે મુકેશનું શારીરિક શોષણ કરવામાં આવ્યું છે. વકીલે કોર્ટમાં જણાવ્યું કે, 'જેલમાં તેનું યૌન શોષણ કરવામાં આવ્યું હતું. જેલમાં તે મરવાના વાંકે જીવી રહ્યો હતો.'

મુકેશના વકીલે કોર્ટમાં કહ્યું કે, તે કોર્ટના ચુકાદાને નથી પડકારતી, કારણ કે મુકેશની ક્યુરેટિવ પીટિશન નકારવામાં આવી ચુકી છે, એટલે ફેંસલાને પડકારવાનો વિકલ્પ ખતમ થઈ ગયો છે. અમે ફક્ત રાષ્ટ્રપતિ દ્વારા દયા અરજી ફગાવવાના નિર્ણયને પડકારી રહ્યા છીએ. દોષીના વકીલે કોર્ટમાં કહ્યું કે, "પાપ"ને નફરત કરો "પાપી"ને નહીં, પરંતુ જેલ અધિકારીએ કાયદાનું પાલન નથી કર્યું.

ભાજપના સાંસદ પ્રવેશ વર્માએ વિવાદાસ્પદ ઉચ્ચારણો કર્યા

શાહીનબાગવાળા તમારી બહેન-દિકરીઓ પર બળાત્કાર કરશે...!

સરકારે છૂટ આપી તેથી જ ભાજપ નેતાઓ બેફામ નિવેદનો કરે છેઃ કોંગ્રેસ

ભાજપના સાંસદ પ્રવેશ વર્માએ આપેલા નિવેદન પર રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના નેતા કપિલ સિબ્બલે આક્ષેપ લગાવ્યો છે, સરકાર અને ભાજપ તરફથી છૂટ આપવામાં આવી છે. એટલે જ ભાજપના નેતાઓ બેફામ નિવેદનબાજી કરી રહ્યા છે અને તેમની સામે પોલીસ તંત્ર, સરકાર અને ગૃહપ્રધાન પણ પગલા લેતા નથી.જે લોક તંત્ર માટે ચિંતાજનક છે.

- **અમારી સરકાર બનતા જ એક જ કલાકમાં શાહીન બાગ ખાલી થશેઃ સાંસદનો હૂંકાર**
- **દિલ્હીમાં ભાજપની સરકાર બનશે તો સરકારી જમીન પર બનેલી એકપણ મસ્જિદને અમે છોડીશું નહીં,મોદી નહીં હોય તો શાહીનબાગ વાળા તમને કાપી નાંખશેઃ પ્રવેશ વર્મા**
- **દેશદ્રોહીઓને ગોળી મારી દોના અનુરાગ ઠાકુરના સૂત્રોચ્ચાર પર ચૂંટણી પંચે રિપોર્ટ માંગ્યો**

ન્યુ દિલ્હી

દિલ્હી ચૂંટણીમાં પ્રચાર અને તમામ મુદ્દા હવે શાહીન બાગની તરફ જ સમેટાતા દેખાય છે. ગૃહમંત્રી અમિત શાહે શાહીન બાગ પર કહ્યું હતું કે સીએમ અરવિંદ કેજરીવાલે ધરણાં ખત્મ કરવા જોઈએ. હવે પશ્ચિમ દિલ્હીથી ભાજપ સાંસદ પ્રવેશ વર્માએ શાહીન બાગની તુલના કાશ્મીરથી કરી દીધી. વર્માએ તો એટલે સુધી કહ્યું કે જો તેમની પાર્ટી સત્તામાં આવી તો એક કલાકની અંદર શાહીન બાગને ખાલી કરી દેશે. વર્માએ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરના વિવાદાસ્પદ નિવેદન ગોળી મારોપનો પણ બચાવ કર્યો અને કહ્યું કે દેશની પ્રજા પણ ગદ્દારોની સાથે આમ જ કરવા માંગે છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરની સોમવારે દિલ્હીમાં યોજાયેલી રેલી અંગે ચૂંટણી પંચે રિપોર્ટ માંગ્યો છે.

અનુરાગ ઠાકુરે જણાવ્યું કે ગદ્દારોને ભગાડવા માટે સૂત્રોચ્ચાર પણ કરવો જરૂરી છે. તેમણે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતની અસ્મિતાને બચાવવાનો મદ્દો જણાવ્યો હતો. ત્યારે મચ પર હાજર અન્ય મંત્રી ગિરિરાજ સિંહે જણાવ્યું કે કમળનું બટન દબાવ્યા પછી જ આ ગદ્દારો મરશે.

વર્માએ કહ્યું કે અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા પણ કહે છે કે હું શાહીનબાગની સાથે છું. દિલ્હીની પ્રજા જાણે છે કે એક આગ થોડાંક વર્ષો પહેલાં કાશ્મીરમાં લાગી હતી. ત્યાં કાશ્મીર પંડિતોની બહેન-દીકરીઓની સાથે રેપ થયો હતો. ત્યારબાદ આ આગ યુપી, હૈદ્રાબાદક, કેરળમાં લાગતી રહી. તેમણે આગળ કહ્યું કે આજે એ આગ દિલ્હીના એક ખૂણામાં લાગી ગઈ છે. ત્યાં લાખો લોકો એકત્ર થયા છે અને આગ દિલ્હીના ઘરો સુધી પહોંચી શકે છે. દિલ્હીના લોકોને સમજી-વિચારીને નિર્ણય લેવો પડશે. આ લોકો પોતાના ઘરમાં ઘૂસશે. તેમની બહેન-દીકરીઓને ઉઠાવશે, રેપ કરશે, તેમને મારે. આથી આજે સમય છે. કાલે મોદી અને અમિત શાહ બચાવા આવશે નહીં.

ભાજપ સાંસદે કહ્યું કે શાહીન બાગમાં કયા લોકો પ્રદર્શન કરી રહ્યા છે અને તેમને કોણ સમર્થન આપી રહ્યું છે બધાને ખબર છે. તેમણે કહ્યું કે જો ભાજપ સત્તામાં આવશે તો અમે એક કલાકમાં શાહીન બાગને ખાલી કરાવી દઈશું. ત્યારબાદ તેમણે એમ પણ કહ્યું કે હું કોઈપણ સૂરતમાં નિવેદન પાછું લઈશ નહીં અને નજફગઢમાં આજે ચૂંટણી પ્રચાર કરતાં પણ તેને ફરીથી કહી રહ્યો છું.

અનુરાગના નિવેદન અંગે કોંગ્રેસે સવાલ કર્યા હતા. પાર્ટીએ કહ્યું હતું કે કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રીનું આ નિવેદન ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ છે.

૨૦૧૮માં અમૃતસરમાં થયેલા હુમલાનો મુખ્ય આરોપી હતો

ટોચના ખાલિસ્તાની નેતા હેપ્પી પીએચડીની લાહોર નજીક હત્યા કરાયાની આશંકા

પંજાબ પોલીસના મોસ્ટવોન્ટેડ હરમીત સિંહ પર સંઘ અને શિવસેનાના નેતાઓની હત્યાનું કાવતરું ઘડવાના આરોપ હતા

ન્યુ દિલ્હી

ખાલિસ્તાન લિબરેશન ફોર્સ (કેએલએફ)ના ટોચના નેતાને પાકિસ્તાનની સ્થાનિગ ગેંગ દ્વારા હત્યા કરાઈ હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. સુરક્ષા દળોના સૂત્રોના મતે નાણાકીય બાબતે કોઈ માથાકૂટમાં હત્યા થઈ હોવાની સંભાવના છે. જો કે હાલમાં આ વાતની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

૨૦૧૬-૧૭માં પંજાબમાં રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના નેતાની હત્યામાં કથિત સંડોવણી ધરાવતા હરમીત સિંહની લાહોરમાં ડેરા ચહલ ગુરુદ્વારા નજીક હત્યા કરી દેવામાં આવી હોવાનું જણાયું છે. આ ઉપરાંત તે પાકિસ્તાનથી હથિયારોની દાણચોરી અને ડ્રગ્સની હેરાફેરીના સંખ્યાબંધ કેસમાં વોન્ટેડ હતો.

અધિકારીઓના મતે કેએલએફના આકા હરમિંદર મિંટૂને પંજાબ પોલીસે ૨૦૧૪માં થાઈલેન્ડથી ઝડપી પાડ્યા બાદ હેપ્પીની ભૂમિકા વધુ સ્પષ્ટ થઈ શકી હતી. જો કે મિંટૂ બાદમાં નાભા જેલમાંથી ગુંડાઓ સાથે નાસી છૂટ્યો હતો અને ફરી તેને ઝડપી લેવાયો હતો. એપ્રિલ ૨૦૧૮માં હદય રોગના હુમલાને પગલે તેનું મોત થયું હતું.

હરમિત સિંહ અમૃતસરના છેહર્તાનો રહેવાસી છે અને તેણે પોતાનું ઉપનામ 'પીએચડી' રાખ્યું છે. સિંહ બે દાયકાથી પાકિસ્તાનમાં વસવાટ કરી રહ્યો છે. ઓક્ટોબરમાં ભારતની માહિતીને આધારે ઈન્ટરપોલે હરમિત સહિત આઠ ખાલિસ્તાની ઉગ્રવાદીઓ વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જાહેર કરી હતી.

અસમને ભારતથી અલગ કરવાનું ભડકાઉ ભાષણ કરવાનો આરોપ હતો

..આખરે રાજદ્રોહના આરોપી શરજીલ ઈમામની બિહારથી ધરપકડ

ન્યુ દિલ્હી/પટના



દેશનાં ટૂકડાઓ કરવાનું વિવાદાસ્પદ ભાષણ આપ્યા બાદ અંડરગ્રાઉન્ડ થઈ ગયેલા જવાહર લાલ નહેરૂ વિશ્વવિદ્યાલયનાં વિદ્યાર્થી શરજીલ ઈમામને આખરે પોલીસે ઝડપી પાડ્યો છે. આસામને ભારતથી અલગ કરવાનાં ભડકાઉ નિવેદન આપ્યા બાદ શરજીલ ચર્ચામાં આવ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે શરજીલને પોલીસે બિહારનાં જહાનાબાદથી ઝડપ્યો છે. આ પહેલા તેના ભાઈની પણ પોલીસે ધરપકડ કરી હતી.

દિલ્હી પોલીસે મંગળવારનાં દોવો કર્યો હતો કે શરજીલ જલદીથી મળી જશે. તેની તપાસ માટે બનેલી પાંચ ટીમોએ મુંબઈ, દિલ્હી, પટનાનાં અનેક વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા. દિલ્હી પોલીસનાં એક ઓફિસરે સોમવાર રાત્રે કહ્યું હતુ કે, "તે પોલીસની રડારથી ગાયબ થઈ ચુક્યો છે. ચિંતા છે કે નેપાળ ના જતો રહ્યો હતો. નેપાળ જતો રહ્યો તો તેને ભારત લાવવા માટે ઘણા પાપડ વણવા પડી શકે છે, કેમકે તમામ કાયદાકીય અડચણોનો સામનો કરવો પડશે."

શરજીલનો પરિવાર મૂળ રીતે બિહારનાં જહાનાબાદ જિલ્લાનાં કાકોનો રહેવાસી છે. શરજીલનાં પિતા અકબર ઈમામ જેડીયૂ નેતા હતા. કેટલાક સમય પહેલા તેમનું લાંબી બીમારી બાદ નિધન થઈ ચુક્યું છે.

સીએમ નીતિશ કુમારનાં નજીકનાં અકબર ઈમામે વર્ષ ૨૦૦૫માં જહાનાબાદ સીટથી જેડીયૂની ટિકિટ પર વિધાનસભા ચૂંટણી લડી હતી, જેડીયૂની ગઠબંધન સહયોગી હોવાના નાતે તે ચૂંટણીમાં તેમને બીજેપીનો સાથ મળ્યો હતો. જો કે આરજેડીનાં ઉમેદવાર સચ્ચિદાનંદ રાય સામે ૩૦૦૦ વોટોથી ચૂંટણી હારી ગયા હચા.

પિતા અકબર ઈમામનાં નિધન બાદ શરજીલનાં નાનો ભાઈ મુઝમ્મિલ ઈમામે પિતાની રાજકીય વિરાસતને આગળ વધારી. તે ઘણા સમય સુધી જેડીયૂ સાથે જોડાયેલો રહ્યો. કેટલાક મહિના પહેલા જેડીયૂ છોડી ચુકેલો મુઝમ્મિલ પણ ઝછછનાં વિરોધમાં ઘણો સક્રિય છે. તે પણ પટના, જહાનાબાદ સહિત અનેક જગ્યાઓ પર નાગરિકતા કાયદાની વિરુદ્ધ પ્રદર્શનોમાં સામેલ રહ્યો અને લોકોને આના વિરોધમાં ભેગા કર્યા.

અનંતનાગમાં એક આતંકવાદીને ઠાર કરાયો, જવાન ઘાયલ

જમ્મુ નજીક સરહદે બીએસએફે ઘૂસણખોરીની શંકાથી પાકિસ્તાનનું ડ્રોન તોડી પાડ્યું

જમ્મૂ

બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના જવાનોએ સોમવારે રાત્રે એક પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યું છે. બીએસએફના જમ્મુ ફ્રન્ટિયરના આઈજી એનએસ જમ્વાલે જણાવ્યું કે આ ડ્રોન અર્નિયા બેલ્ટ પોસ્ટ પર જોવા મળ્યું હતું. જવાનોને પહેલા કોઈ ઉડતી ચીજ જણાઈ હતી, પરંતુ જ્યારે તેમણે કેમેરાથી જોયું તો ડ્રોન હોવાની જાણ થઈ હતી. ગત નવેમ્બરમાં પંજાબના હુસૈનીવાલા સેક્ટરમાં પાકિસ્તાનના સરહદ વિસ્તારમાં પાક. તરફથી ડ્રોન ઉડાડવાનો કિસ્સો સામે આવ્યો હતો. ત્યારબાદ લશ્કર સતર્ક થઈ ગયું છે.

આ ઘટનાઓ અગાઉ લશ્કરે જણાવ્યું હતું કે પાકિસ્તાન વિરુદ્ધ ખાલિસ્તાનના આતંકી સંગઠને ૮ ડ્રોન વડે ૮૦ કિલો હથિયાર સરહદ પાર મોકલ્યા હતા. ત્યારબાદ બીએસએફે હુસૈનીવાલા ચેક પોસ્ટ નજીક પાંચ વખત ડ્રોન ઉડતું જોયું હતું. જેમાં ચાર વખત પાકિસ્તાન સરહદની અંદર અને એક વખત ભારતીય સરહદની અંદર જોવા મળ્યું હતું. બીએસએફે સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યું હતું. દરમિયાન કાશ્મીરના અનંતનાગ જિલ્લાના બિજબેહરા વિસ્તારમાં સોમવારે એક સુરક્ષાકર્મી સાથે અથડામણમાં એક આતંકવાદી ઠાર કરાયો હતો. આ કાર્યવાહીમાં લશ્કરનો એક જવાન પણ ઈજાગ્રસ્ત થયો હતો. સુરક્ષાદળોએ આ ઓપરેશનમાં મોટાપાયે હથિયારો કબ્જે કર્યા હતા.

બ્રેસેલ્સમાં ભારતની સાથે ૧૫માં શિખર સંમેલનની યજમાની કરશે

સીએએ વિરુદ્ધની ચર્ચા-મતદાનની પ્રક્રિયામાંથી ઈયુ સંસદે ખુદને અલગ કરી

લંડન

નાગરિકતા સંશોધન કાયદાનાં મુદ્દા પર પોતાના સભ્યો દ્વારા ચર્ચા અને પછી મતદાનની પ્રક્રિયા પર યૂરોપિયન યૂનિયનની સંસદે ખુદને અલગ કરી દીધી છે. ઈયુ પ્રવક્તાએ કહ્યું કે યૂરોપીય સંસદ અને તેના સભ્યો દ્વારા વ્યક્ત કરવામાં આવેલું મંતવ્ય 'યૂરોપીય સંઘની સત્તાવાર સ્થિતિ નથી.' એક રિપોર્ટ અનુસાર ફ્રાંસીસ રાજદ્વારી સૂત્રોએ કહ્યું કે ફ્રાંસ નાગરિકતા કાયદાને 'ભારતનો આંતરિક રાજકીય મુદ્દો' માને છે અને યૂરોપીય સંદદ એક સંસ્થા છે જે 'સભ્ય રાજ્યોથી સ્વતંત્ર છે.'

રિપોર્ટ અનુસાર એક ઈમેલનાં જવાબમાં વિદેશ મુદ્દા અને સુરક્ષા નીતિ માટે યૂરોપીય સંઘની પ્રવક્તા વર્જિની બટ્ટૂ-હેનરિક્સને કહ્યું કે, "યૂરોપીયન સંસદ વર્તમાનમાં ભારત સરકાર દ્વારા અપનાવવામાં આવેલા કાયદા પર એક ચર્ચાની યોજના બનાવી રહી છે. ભારતનું સર્વોચ્ચ ન્યાયાલય વર્તમાનમાં આ કાયદાની સંવૈધાનિકતાનું આકલન કરી રહ્યું છે. એક પ્રક્રિયા અનુસાર યૂરોપીય સંસદે ડ્રાફ્ટને પ્રકાશિત કર્યો. એ યાદ રાખવું મહત્વપૂર્ણ છે કે ફક્ત યૂરોપીય સંસદમાં અલગ અલગ રાજકીય સમૂહો દ્વારા બનાવવામાં આવેલા ડ્રાફ્ટ છે. તેમણે કહ્યું કે, "હું તમને એ પણ યાદ અપાવું છે કે યૂરોપીય સંસદ અને તેમના સભ્યો દ્વારા વ્યક્ત કરવામાં આવેલું મંતવ્ય યૂરોપીય સંઘની સત્તાવાર સ્થિતિનું પ્રતિનિધિત્વ નથી કરતુ. ઈયૂ ભારત સાથે પોતાની રણનીતિક ભાગેદારીને મજબૂત કરવાનાં ઉદ્દેશથી બ્રેસેલ્સમાં ૧૩ માર્ચ, ૨૦૨૦નાં ભારતની સાથે ૧૫માં શિખર સંમેલનની યજમાની કરશે. ભારત યૂરોપીય સંઘ માટે વૈશ્વિક પડકારોનું સમાધાન કરવા અને બહુપક્ષીય વ્યવસ્થાનાં નિયમોને સંયુક્ત રીતથી પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ ભાગીદાર છે.

બારામુલ્લામાંથી લશ્કર-એ-તૈયબનો આતંકવાદી ઝડપાયો

શ્રીનગર

જમ્મુ કશ્મીરમાં સિક્યોરિટી દળોએ છેલ્લા ચોવીસ કલાકમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવી હતી. આજે મંગળવારે સવારે બારામુલ્લા જિલ્લાના અંદ્રેગામ પટ્ટનથી લશ્કર-એ-તૈયબનો બીજો એક આતંકવાદી જીવતો ઝડપાયો હતો. પ્રવક્તાએ જણાવ્યા મુજબ ૧૯ વર્ષના આ આતંકવાદીની ઓળખ સાજિદ ફારુખ ડાર તરીકે મળી હતી. એ બારામુલા વિસ્તારનો રહેવાસી છે. સોમવારે રાત્રે અનંતનાગ જિલ્લાના બીજબહેરા વિસ્તારમાં એક આતંકવાદીને સિક્યોરિટી દળોએ ઠાર કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે આફ્રિકી ચિત્તાને ભારતમાં લાવવાની મંજૂરી આપી

ન્યુ દિલ્હી

દેશમાં દુર્લભ ભારતીય ચિત્તા લગભગ લુપ્ત થઈ રહ્યાં છે. જેથી રાષ્ટ્રીય ટાઈગર કન્સર્વેઝન ઓથોરિટીએ નામિબિયાથી આફ્રિકાના ચિત્તા લાવવાની મંજૂરી માટે અરજી કરી હતી.

સુપ્રીમ કોર્ટે આ મુદ્દે નિર્ણય લેવા એનટીસીએને માર્ગદર્શન આપવા માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. જેમાં ભૂતપૂર્વ ડિરેક્ટર વાઈલ્ડ લાઈફ ઈન્ડિયા રણજીતસિંહ, ભારતના વાઈલ્ડ લાઈફના ડીજી ધનંજય મોહન અને વન્યજીવન ડીઆઈજી વાતાવરણીય અને વન મંત્રાલયનો સામેલ હતાં.

મુખ્ય ન્યાયાધીશ એસ. એ. બોબડે અને ન્યાયાધીશ બી. આર. ગવાઈ અને સૂર્યકાંતની ખંડપીઠે જણાવ્યું હતું કે, "સર્વોચ્ચ અદાલત આ પ્રોજેક્ટની દેખરેખ રાખે છે અને સમિતિ દર ચાર મહિને તેનો અહેવાલ રજૂ કરશે. આફ્રિકાના ચિત્તાના સ્થળાંતરનો નિર્ણય યોગ્ય સર્વેક્ષણ પછી લેવામાં આવશે. તેમજ પ્રાણીની રજૂઆતની કાર્યવાહી એનટીસીએના નિર્ણય પર છોડવામાં આવે છે.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

વિધાનસભા નવા રોલમાં

રાજનીતિમાં વધી રહેલા ખેંચતાણના આ દોરમાં વિધાનસભા નવી ભૂમિકામાં આવી રહી છે. પંજાબ, કેરળ, રાજસ્થાન, બંગાળની વિધાનસભા દ્વારા સુધારેલા નાગરિક કાનુનની સામે પ્રસ્તાવ પાસ કરીને નવી ચર્ચા જગાવી છે. સોમવારના દિવસે આંધ્રપ્રદેશ વિધાનસભામાં પણ વિધાન પરિષદ સમાપ્ત કરવા સાથે સંબંધિત પ્રસ્તાવ પાસ કરી દીધો હતો. કારણ એ આપવામાં આવ્યુ છે કે રાજ્યમાં ત્રણ પાટનગરના વિધાનસભામાં પાસ કરવામાં આવેલા પ્રસ્તાવને વિધાન પરિષદ દ્વારા રોકવામાં આવે છે. વિધાનસભામાં મુખ્યપ્રધાન જગન મોહન રેડ્ડીની પાર્ટી બહુમતિ ધરાવે છે. જ્યારે બીજી બાજુ વિધાન પરિષદમાં તેલુગુ દેશમ પાર્ટી બહુમતિ ધરાવે છે. આંધ્રપ્રદેશમાં વિધાન પરિષદ રહેશે કે કેમ તેને લઈને હવે ફેંસલો સંસદના બંને ગૃહો દ્વારા કરવામાં આવનાર છે. સંસદમાં વિધાન પરિષદના મહત્વ પર ચર્ચા કરવામાં આવનાર છે. જે પ્રક્રિયા ખુબ પહેલા હાથ ધરવાની જરૂર હતી. રાજ્યસભાની જેમ રાજ્યોમાં વિધાન પરિષદની રચનાની જોગવાઈ રહેલી છે. ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, તેમજ બિહાર જેવા રાજ્યો સહિત કેટલાક મોટા રાજ્યોમાં વિધાન પરિષદ છે. શુ આ વિધાન પરિષદ પોતાના ઉદ્ધેશ્યોને હાંસલ કરવામાં સક્ષમ છે કે કેમ તેની ચર્ચા છે. વિધાન પરિષદોમાં યોગ્ય અને સાર્થક ચર્ચા થઈ રહી છે કે કેમ તેને લઈને પણ જોરદાર સવાલ થઈ રહ્યા છે. કેટલાક લોકો એમ પણ માને છે કે વિધાનસભામાં જીતી નહીં શકેલા રાજનેતાઓના શરણ સ્થળ તરીકે તે છે. આ સદનની જાળવણી અને સભ્યોના વેતન અને ભથ્થા પર દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. આંધ્રપ્રદેશ વિધાન પરિષદને ખતમ કરવા સાથે સંબંધિત પ્રસ્તાવ પર ચર્ચા દર્મિયાન આ બાબત સ્પષ્ટ થવી જોઈએ કે ખરેખર દેશમાં રાજય વિધાન પરિષદની જરૂર છે કે કેમ. સંસદના ઉપલા ગૃહ ની રચના એટલા માટે કરવામાં આવી હતી કે તેમાં બેસીને અલગ અલગ ક્ષેત્રોના નિષ્ણાંત લોકો ચર્ચા કરે. સ્વતંત્રતા બાદ શરૂઆતના ત્રણ દશકોને છોડી દેવામાં આવે તો ત્યારબાદ રાજ્યસભા પણ તેની કોઈ છાપ છોડવામાં નિષ્ફળ છે. સંસદ, ન્યાયપાલિકા અને કાર્યપાલિકા લોકશાહીના ત્રણ મોટા આધારસ્તંભ તરીકે છે. જેથી તેમાં આવી રહેલી ખામીઓને રાજનીતિથી ઉપર ઉઠીને દુર કરવાની જરૂર દેખાઈ રહી છે. આજે જે બાબત આંધ્રપ્રદેશ વિધાનસભામાં બની છે તે કોઈ અન્ય રાજ્યમાં પણ બની શકે છે જેથી ચિત્ર હવે સ્પષ્ટ બને તે જરૂરી છે. ધ્યાન આપવાની જરૂર એ છે કે વિધાનસભાઓ ખેંચતાણના એક નવા માધ્યમ તરીકે ઉભરીને ન આવે તે જરૂરી છે. વિધાન પરિષદ જો લોકશાહીના હિતોમાં છે તો અન્ય રાજ્યોમાં તેની રચના કેમ કરવામાં આવી નથી. રાજસ્થાન પણ રાજ્યમાં વિધાન પરિષદની રચનાનો પ્રસ્તાવ કરીને કેન્દ્ર સરકારને મોકલી ચુકી છે. અન્ય રાજ્યોમાં પણ તેની રચનાની માંગ ઉઠતી રહી છે. કેન્દ્ર સરકાર હવે રાજકીય પક્ષોને વિશ્વાસમાં લઈને આનો સમાધાન કરે તે જરૂરી છે. વિરોધી દળોને પછડાટ આપવાના હેતુથી વિધાનસભામાં પાસ થતા પ્રસ્તાવ પર પણ વિચારણા થવી જોઈએ. લોકશાહીમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાની સાથે સાથે સામંજસ્ય બેસાડવાની જરૂર છે.

કમજોરીને પક્ષની રાજનીતિથી ઉપર ઉઠીને દુર કરવાની જરૂર છે : ઘણી સમસ્યાઓ

ઝારખંડ ચૂંટણીના પરિણામ ભાજપ માટે સાવધાન થવા સમાન છે....

નડ્ડા : અનેક મોટા પડકારો છે

ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકે હવે જેપી નડ્ડાને જવાબદારી સોંપવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટી આજે દેશની સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી ચુકી છે ત્યારે તેમની સામે પાર્ટીને વધારે મજબુત કરવાના અનેક પડકારો રહેલા છે. તેમની સામે પોતાના અનુભવથી લોકોની વચ્ચે પાર્ટીને વધારે સ્થાપિત કરવાની પણ તક રહેલી છે. હાલમાં ભારતીય જનતા પાર્ટીની ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીમાં હાર થઈ છે જે તેના માટે સાવધાન થવાના સંકેત સમાન છે.જે ક્ષણે જેપી નડ્ડા જેવા જમીન સાથે જોડાયેલા સંઘ કાર્યકરને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા ત્યારે એવા દુર્લભ અવસર આવ્યા હતા જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પાર્ટીના કોઈ કાર્યકરની સાથે પોતાના ભાવનાત્મક સંબંધની વાત કરી હતી. મોદીએ પોતાની ભાવના રજૂ કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે ૯૦ના દશકમાં પાર્ટીના કામથી શિમલામાં નડ્ડાની સાથે સ્કુટર પર ફરવાના દિવસો તેમને હજુ પણ યાદ છે. આના બે અર્થ થાય છે. એક અર્થ તો વડાપ્રધાને સ્પષ્ટતા કરી દીધી છે કે નડ્ડા પાર્ટીના સર્વોચ્ચ હોદ્દા પર એમ જ પહોંચ્યા નથી. બલ્કેએ તેઓએએ પણ વડાપ્રધાનની જેમ જ વિકટ પરિસ્થિતીમાં ભૂમિકા અને કામ કર્યુ છે. જેના કારણે પાર્ટીના હોદેદારોને પ્રેરણા મળે છે. બીજી બાબત એ છે કે આ નિવેદન કરીને મોદીએ સાફ સંકેત આપી દીધો છે કે નડ્ડા પર પાર્ટી પૂર્ણ વિશ્વાસ રાખનાર છે. જેમ અમિત શાહ પર પાર્ટી પૂર્ણ વિશ્વાસ રાખતી હતી તેવી જ રીતે નડ્ડા પર પાર્ટીને મજબુત કરવાની પૂર્ણ જવાબદારી રહેશે. પોતાની ભૂમિકાને સફળતાપૂર્વક અદા કરી શકે તે માટે તેમને સંપૂર્ણ સ્વતંત્રતા આપી દેવામાં આવી છે. નડ્ડાએ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ તરીકે બનીને જે સિદ્ધી હાંસલ કરી છે તે તમામ માટે પ્રેરણા સમાન છે. આ સફળતા માઉન્ટ એવરેસ્ટ પર પહોંચવા સમાન સિદ્ધી છે. કારણ કે અમિત શાહના નેતૃત્વમાં પાર્ટીએ ઐતિહાસિક સિદ્ધી હાંસલ કરી છે. ૧૯ રાજ્યોમાં




નડ્ડા ભારતીય જનતા પાર્ટી માટે વિકટ પરિસ્થિતીમાં પણ કામ કરી ચુક્યા છે : પાર્ટી હોદ્દેદારોને આના કારણે પ્રેરણા મળે છે

પાર્ટીની સરકાર બની ચુકી છે. નવા અધ્યક્ષની સામે કેટલાક મોટા પડકારો રહેલા છે. પ્રથમ પડકાર હોદેદારોમાં જુસ્સાને જાળવી રાખવા માટેનો રહેશે. પાર્ટીમાં ક્યાં કઈ કમી રહી ગઈ છે તે જોવાની બાબત પણ તેમના માટે રહેશે. રાજસ્થાન, છત્તિસગઢ, મધ્યપ્રદેશ સહિતના કેટલાક રાજ્યોમાં કેમ સત્તાથી ભારતીય જનતા પાર્ટી બહાર થઈ ગઈ તે બાબતમાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની તેમની જરૂર છે. સાથે સાથે પાર્ટીને આગળ વધારી દેવા, બંગાળમાં સત્તામાં આવવા, અમિત શાહના પ્રભાવશાળી ચૂંટણી તંત્રને કાયમ રાખવા તેમજ પાર્ટી સંગઠનમાં શિસ્ત જાળવી રાખવા માટેની તેમની જવાબદારી મોટી રહેશે. વર્ષ ૨૦૧૪થી લઈને ૨૦૧૯ વચ્ચેના ગાળામાં છ વર્ષમાં જ ભારતીય જનતા પાર્ટીએ એક પછી એક રાજ્યોમાં પોતાની સરકાર બનાવી હતી. દેશની રાજનીતિમાં અમિત શાહે એક નવો ઈતિહાસ રચી દીધો છે. મોદી સાથે શાહનો તાલમેલ એટલો મજબુત રહ્યો છે કે તેમા ગેરસમજ માટે કોઈ જગ્યા જ નથી. નડ્ડાને મોદી અને અમિત શાહની સાથે આ જ તાલમેળ રાખવાની જરૂર રહેશે. જો જોરદાર તાલમેલ રહેશે તો જ આ ત્રિપુટી બંગાળમાં પાર્ટીને જીત અપાવી શકે છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં પાર્ટીને ફરી સત્તામાં લાવી શકાય છે. લાલકૃષ્ણ અડવાણીના નેતૃત્વમાં પાર્ટીની બીજી લાઈનના નેતાઓને કેન્દ્ર અને રાજ્યોમાં ખુબ પ્રોત્સાહન આપવામાં આવ્યુ હતુ. જેમાં નરેન્દ્ર મોદી, અરૂણ જેટલી, પ્રમોદ મહાજન, વસુન્ધરા રાજે , શિવરાજ સિંહ ચૌહાણ, યેદીયુરપ્પા, સુસ્મા સ્વરાજનો આમાં સમાવેશ થાય છે. પરંતુ આમાં કોઈ એવા નેતા મોદી સમકક્ષ દેખાતા નથી. નિષ્ણાંતો કહે છે કે મોદી, શાહ અને નડ્ડાને પ્રાથમિકતા આપી શકે છે. દેશમાં નેતાની સ્વીકાર્યતા પણ રહે તે જરૂર છે. હાલમાં કોઈ નેતામાં આવી મજબુતી દેખાઈ રહી નથી. આ બાબત પાર્ટી માટે ભવિષ્યમાં નેતૃત્વ સંકટ સર્જી શકે છે. મોદીના માર્ગદર્શનમાં શાહે ટેકમનિક અને સોશિયલ મિડિયામાં મોટા ભાગે સક્રિય રહીને લાભ લીધો છે. નવા અધ્યક્ષ પણ વિપક્ષી દળોને પરાજિત કરવા માટે આ પરંપરાનો ઉપયોગ કરી શકે છે. નડ્ડા પણ ટેકનોલોજીમાં સારી પક્કડ ધરાવે છે. જે તેમને નવી પેઢીમાં સંપર્ક વધારી દેવામાં ઉપયોગી સાબિત થઈ શકે છે. નડ્ડાની સામે સૌથી મોટી પ્રાથમિકતા કમજોરીઓ પર નિયંત્રણ કરીને તેમને દુર કરવાની રહેશે. ઝારખંડમાં આવેલા પરિણામ સાવધાન થવા સમાન છે. માત્ર મોદી મેજિક, રામ મંદિર, કલમ ૩૭૦ જેવા મુદ્દાથી ભારતીય જનતા પાર્ટી વિજય મેવવી શકશે નહીં. હરિયાણા અને મહારાષ્ટ્રમાં પાર્ટી અપેક્ષા મુજબ દેખાવ કરી શકી નથી.

પરિણિત હસ્તીઓને સંતના દરજ્જાને લઈને નવી ચર્ચા જારી....

ગૃહસ્થી અને સંતને લઈને ચર્ચા છેડાઈ

સાધુ સંતોમાં હાલમાં સંતના દરજ્જાને લઈને એક નવી ચર્ચા છેડાઈ ગઈ છે. કારણ કે કેટલાક મામલા એવા સપાટી પર આવ્યા છે જે આ અંગેની ચર્ચાને વેગ આપે છે. ચર્ચા છેડાઈ ગઈ છે ત્યારે સાધુ સંતોના ૧૩ પ્રમુખ અખાડાની ટોપની સંસ્થા અખિલ ભારતીય અખાડા પરિષદે સાફ શબ્દોમાં કહ્યુછે કે તે ધર્મ અને આધ્યાત્મની સાથે જોડાયેલા પરિણિત લોકો અને ખાસ કરીને પરિણિત હસ્તીઓને સંતનો દરજ્જો આપતી નથી. પરિષદનુ કહેવુ છે કે ૫૦ વર્ષ પહેલા સુધી દેશમાં ગૃહસ્થ સંતોની કોઈ માન્યતા ન હતી. પરંતુ હવે કથા વાચકો, ઉપદેશકો અને પ્રવચન કરનાર લોકોને પણ સંત કહેવામાં આવે છે. જે બિલકુલ યોગ્ય બાબત નથી. જે ચિંતા હેઠળ અખાડા પરિષદ દ્વારા આ નિવેદન જારી કરવામાં આવ્યુ છે તે પોતાની જગ્યાએ બિલકુલ યોગ્ય છે. સાથે સાથે વાજબી પણ છે. આના માટે શોધવામાં આવેલા રસ્તાને પણ મોટા ભાગના લોકો યોગ્ય ગણી શકે છે. પરંતુ ધ્યાનથી જોવામાં આવે તો આ રસ્તાને ભારતની ધાર્મિક અને આધ્યાત્મિક પરંપરા સાથે કોઈ લેવા દેવા નથી. ભારતના તમામ પ્રાચીન સંત અને રિશી પરિણિત જીવન ગાળતા હતા. સાથે સાથે હજુ સુધી ગૃહસ્થ સંતોનુ ગૌરવશાળી ઈતિહાસ રહ્યુ છે. શુ કબીરને માત્ર એટલા માટે સંત માની શકાય નહી કે તેઓગૃહસ્થ હતા. અથવા તો ગુરૂ નાનકને જેમને પોતાના પુત્ર શ્રીચંદને ગુરૂનો પદ એટલા માટે સોપ્યો ન હતો કે તેઓ ગૃહસ્થ આશ્રમ છોડીને ઉદાસીન થઈ ગયા હતા. છેલ્લા ચાર પાંચ વર્ષના ગાળામાં કેટલાક સાધુ સંતો અને સાધ્વી દ્વારા ભારતની ગૌરવશાળી પરંપરાને કલંક લગાવવામાં કોઈ કમી રાખી નથી. આ સંતો કેટલાક પ્રકારના જુદા જુદા કોંભાડોમાં ફસાઈ ગયા છે. જેના કારણે ભારતીય સમાજમાં ધર્મ અને આધ્યાત્મના સ્તર પર બેચૈની સરળતાથી જોઈ શકાય છે. આવી સ્થિતીમાં સાધુ સંતો પોતાના બચાવમાં ઉતરે તે બાબત સ્વાભાવિક છે. પ્રયાગમાં



અખિલ ભારતીય અખાડા પરિષદનુ કહેવુ છે કે તે ધર્મ અને આધ્યાત્મના ક્ષેત્રમાં રહેલા પરિણિત લોકોને સંતનો દરજ્જો આપતી નથી

હાલમાં આયોજિત કરવામાં આવેલા કુંભમાં મહામંડળેશ્વર વિવાદ બાદ અખડા પરિષદે કેટલીક મોટી બાબત કરી હતી. અનિયમિતતાની સામે કેટલાક પગલા લેવાની શરૂઆત કરી હતી. જેના ભાગરૂપે સંતોની યાદી પણ જારી કરવામાં આવી હતી. આમાં એવી જાહેરાત પણ કરવામા આવી હતી કે આ લોકોને સંત તરીકે ગણવામાં ન આવે. ગૃહસ્થ સંતોના સંબંધમાં તેમની જાહેરાતના મામલે કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મધ્યપ્રદેના ભૈયુજી મહારાજની આત્મહત્યાના કારણે પણ કેટલીક બાબતો સપાટી પર આવી હતી. ભૈયુજી મહારાજે થોડાક વર્ષો પહેલા આત્મહત્યા કરી લીધી હતી. ભારતમાં ધર્મ-આધ્યાત્મની કેટલીક પરંપરા રહેલી છે. સહજ જીવનને મુક્તિમાં અડચણરૂપ માનવાની ધારણા અહીં ક્યારેય પણ સ્થાપિત થઈ શકી નથી. સ્વંય અખાડા પરિષદ પર નજર કરવામાં આવે તો તેના ૧૩ અખાડામાંથી એક ઉદાસીન છે. લાખો લોકો દ્વારા આધ્યાત્મિક વ્યક્તિત્વનુ પતન કોઈ ઘેરી ગંભીરત બિમારી તરફ ઈશારો કરે છે. જેની સારવાર લોકોની ભાગીદારી સાથે જ શક્ય છે. ધાર્મિક સંસ્થાઓ પણ આ મામલે ધીરજથી કામ કરે તે જરૂરી છે. હાલમાં કેટલાક સંતોના વિવાદના કારણે સામાન્ય લોકોનો વિશ્વાસ હચમચી ઉઠ્યો છે. આસારામ, નારાયણ સાંઈ , બાબા રામ રહીમ અને અન્ય કેટલાક સંતોના કેસ હાલમાં સપાટી પર આવ્યા છે. છેલ્લે ભૈયુજી મહારાજે આપઘાત કરતા આ મામલે વધારે ચર્ચા રહી છે. અત્રે નોંધનીય છે કે જાણિતા આધ્યાત્મિક ગુરુ અને સામાજિક કાર્યકર ભૈયુજી મહારાજે પોતાને ગોળી મારીને આપઘાત કરી લેતા ખળભળાટ મચી ગયો હતો. તેમના સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. લોકપ્રિય ભૈયુજી મહારાજે આપઘાત કેમ કર્યો તેને લઈને પ્રશ્નોની શરૂઆત થઈ ગઈ હતી. ભૈયુજી મહારાજને રાજકીયરીતે પણ ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવતા હતા. શક્તિશાળી સંત પૈકીના એક હતા. તેમનું વાસ્તવિક નામ ઉદયસિંહ દેશમુખ હતી અને પિતા મહારાષ્ટ્રમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા હતા.

તેમનું નામ એ વખતે ચર્ચામાં આવ્યું હતું જ્યારે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન દરમિયાન ભુખ હડતાળ ઉપર બેઠેલા અણ્ણા હજારને મનાવી લેવા માટે યુપીએ સરકારે તેમનો સંપર્ક કર્યો હતો. જ્યારે તેઓ નાની વયમાં હતા ત્યારે સિયારામ શૂટિંગ માટે પોસ્ટર મોડલિંગ કરી રહ્યા હતા. તલવારબાજી, ઘોડેસવારી અને ખેતીનું કામ પણ કરતા હતા. તેઓ ફેસ લીડર તરીકે પણ હતા.

સિદ્ધી : એક સામાન્ય બ્લડ ટેસ્ટથી વિગત મળશે

કેટલા જીવશો તે જાણી શકાશે

તમારી વય વધવાની ગતિ કેટલી રહેશે એટલે કે તમે ક્યારે વૃદ્ધ થશો અને કેટલા સમય સુધી જીવી શકશો જો આ બાબત જાણવાની ઈચ્છા છે તો આ ઈચ્છા ટૂંક સમયમાં જ હવે પૂર્ણ થશે. એક સામાન્ય બ્લડ ટેસ્ટ લોકોના આવા તમામ પ્રશ્નોના જવાબ આપી શકશે. મળેલી માહિતી મુજબ આ બ્લડ ટેસ્ટમાં ટેલોમીઅર્સની ચકાસણીના આધાર પર પરિણામ નક્કી કરવામાં આવે છે. ચકાસણીના આધાર પર એવા પરિણામ કાઢવામાં આવે છે કે વ્યક્તિની બાયોલોજીકલ વય શું રહેશે. આ ટેસ્ટ ભારતમાં આ જ વર્ષે ઉપલબ્ધ બની જશે. ટેલોમિઅર્સ એવા પ્રોટેક્ટિવ કેપ્સ છે જે ક્રોમોસોમ્સના અંતમાં નજરે પડે છે. વૈજ્ઞાનિકો માને છે કે તેમની લંબાઈના આધાર પર વ્યક્તિની જૈવીક વય અંગે માહિતી મળી શકે છે. વૈજ્ઞાનિકોએ સંશોધનના આધારે જાણી લીધું છે કે વ્યક્તિના નાના ટેલોમીઅર્સની ચકાસણીથી એવી માહિતી મેળવી શકાય છે કે વ્યક્તિની વય વધવાની સાથે સાથે તેના શરીરમાં કેવા કેવા ફેરફાર થઈ શકે છે. કેન્સર, કાર્ડિયો બિમારી, અલ્ટ સાઈમર્સ અંગે પણ માહિતી મળી શકે છે. લોકોની લાઈફ સ્ટાઈલ સંબંધિત ટેવ જેમ કે સ્થૂળતા અને એક્સેસાઈઝથી ટેલોમિઅર્સની લંબાઈ ઉપર અસર થાય છે. ટેલોમિઅર્સના ક્રોમોસોમ્સને પ્રોટેક્ટ કરનાર શોધને વર્ષ ૨૦૦૯માં નોબેલથી સન્માનિત કરવાનો નિર્ણય કરાયો હતો. આ બ્લડ ટેસ્ટને અંજામ આપનાર ટીમના મહત્વપૂર્ણ સભ્ય યુનિવર્સિટી ઓફ ટેક્સાસના સેલ બાયોલોજીના પ્રોફેશર જેરી શયે કહ્યું છે કે ભારતમાં પણ લોકો સ્વસ્થ જીવનને લઈને જાગૃત થઈ ગયા છે. લોકો જાણવા લાગ્યા છે કે તેમના સેલ્સ કેટલા સ્વસ્થ છે અને તેઓ કેટલા સમય સુધી જીવી શકશે. આ બ્લડ ટેસ્ટથી ટેલોમિઅર્સની લંબાઈ અંગે માહિતી મળી શકશે.

ડાયાબિટીસ અને માઈગ્રેનમાં પણ નિયમિત યોગથી રાહત થાય છે...

નિયમિત યોગથી બીપીમાં પણ રાહત

આમાં કોઈ શંકા નથી કે યોગથી મોટા ભાગની બિમારીની સારવાર શક્ય છે. જો કોઈ વ્યક્તિ નિયમિતરીતે યોગાભ્યાસ કરે છે તો તે રોગમુક્ત રહે છે. સાથે સાથે કેટલીક બિમારી જો તેને પહેલાથી જ રહી ચુકી છે તો તે બિમારી પણ ધીમે ધીમે દુર થવા લાગી જાય છે. શરીરને રોગમુક્ત રાખવા માટે નિયમિત યોગ કરવાની સલાહ નિષ્ણાંત લોકો દ્વારા આપવામાં આવી રહી છે. દરરોજ યોગ કરવાથી અસ્થમા, જેવી જુની બિમારી પણ દુર થાય છે. સાથે સાથે ડાયાબિટીસની સારવાર પણ યોગ મારફતે થઈ શકે છે. પરંતુ આના માટે જરૂરી છે કે સૌથી પહેલા બ્લડ શુગર લેવલને કન્ટ્રોલ કરવામાં આવે. માઈગ્રેનથી પણ યોગથી રાહત મળે છે. નિષ્ણાંત કહે છે કે માઈગ્રેનનુ મુખ્ય કારણ દિમાગ સુધી લોહી નહીં પહોંચવાનુ છે. પુરતા પ્રમાણમાં જ્યારે લોહી પહોંચતુ નથી ત્યારે આઈ સમસ્યા ઉભી થઈ જાય છે. યોગની મદદથી સરળતાથી મગદ સુધી લોહી પહોંચી જાય છે. માઈન્ડમાં ફ્રેશનેસ બની રહે છે. માઈગ્રેન હોવાની સ્થિતીમાં શિર્સાસિન અને હેડ સ્ટેન્ડ કરવાથી ફાયદો થાય છે. સુર્યનમસ્કાર કરવા માટેની પણ સલાહ આપવામાં આવે છે. પીઠના નિચલા હિસ્સામાં પીડા થવાની બાબત કષ્ટદાયક હોય છે. પ્રોફેશનલ અને કામકાજી લોકોને આ તકલીફનો સામનો સામાન્ય રીતે કરવો પડે છે. આવી સ્થિતી થવાની સ્થિતીમાં કેટલાક યોગ આસાન કરવાથી લાભ થાય છે. જેમા શલભ આસન, સરળ ભુજંગ આસન, મર્કેટ આસનનો સમાવેશ થાય છે. યોગથી ડિપ્રેશનને પણ દુર કરી શકાય છે. યોગ મારફતે ફીલ ફેશર ફેક્ટર આવે છે. કોઈ પણ વ્યક્તિ લાઈફને નવેસરથી ફ્રેશ રીતે આગળ વધારી દેવા ઈચ્છુક લોકોએ યોગની સાધના થોડાક સમય સુધી કરવી જોઈએ. ડિપ્રેશનમાં સિંહાસન, કરટક ક્રિયા અને જળ નિતી ક્રિયા જેવા યોગ ઉપયોગી સાબિત થાય છે. ઓફિસમાં વર્કલોડ અમને હાઈપર ટેન્શનનો શિકાર બનાવે છે. આના કારણે યોગથી ફાયદો થાય છે. હાઈ બ્લડ પ્રેશર કેટલીક બિમારીની જડ તરીકે છે. જો હાઈપર ટેન્શનને નિયંત્રિત કરી લેવામાં આવે તો કેટલીક બિમારી તો એમ જ દુર થઈ શકે છે. મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના ભારતીયોમાં ડાયાબિટીશના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના દર પાંચ વ્યક્તિ પૈકી એક માત્ર હાઈપરટેન્શનથી જ ગ્રસ્ત નથી બલ્કે ડાયાબિટીશથી પણ પરેશાન છે. મહારાષ્ટ્રમાં આનાથી પણ ચિત્ર ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં દર ત્રણ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ હાઈપરટેન્શન અને ડાયાબિટીશથી પરેશાન છે.તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી માહિતી આપવામાં આવ્યા બાદ આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. સ્કીની ઈન્ડિયાસ ટ્વીન ઈપીડેમીક (એસઆઈટીઈ) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે આ બે રોગથી મોટાભાગના લોકો પરેશાન થયેલા છે. ભારતના સૌથી મોટા ક્લીનીક આધારિત સર્વેમાં ઘણી બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

ફિલ્મી ગપસપ...

'મેન ફજ વાઈલ્ડ' શોમાં પીએમ મોદી બાદ હવે રજનીકાંત જોવા મળશે




બેંગલુરુ

સાઉથ સુપરસ્ટાર રજનીકાંત બેયર ગ્રિલ્સના શો 'મેન ફજ વાઈલ્ડ'માં જોવા મળશે. કર્ણાટક ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટે આ વાતને કન્ફર્મ કરી છે. શોનું શૂટિંગ કર્ણાટકના બાંદીપુર ફોરેસ્ટમાં થઈ રહ્યું છે. શૂટિંગ દરમિયાનનો વીડિયો પણ સામે આવ્યો છે.

રજનીકાંત તથા બેયર ગ્રિલ્સ બાંદીપુર ફોરેસ્ટ તથા નેચર અંગે વાત કરશે. શૂટિંગ આગામી ત્રણ દિવસ સુધી ચાલશે. સોમવારે રાત્રે ૯.૩૦ વાગે બેયર ગ્રિલ્સ ગુંડલુપેટ ટાઉન પહોંચી ગયો હતો. રજનીકાંત બાંદીપુરની બહાર એક રિસોર્ટમાં રોકાયા છે. બેયર ગ્રિલ્સની સાથે કુલ ૧૮ ક્રૂ મેમ્બર્સ છે. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટે તમામ માટે ગાડીની સગવડ કરી આપી છે.

રજનીકાંત પહેલાં પીએમ નરેન્દ્ર મોદી આ શોમાં જોવા મળ્યાં હતાં. ૧૨ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ ડિસ્કવરી ચેનલ પર 'મેન ફજ વાઈલ્ડ'માં પીએમ મોદી તથા બેયર ગ્રિલ્સ સાથે જોવા મળ્યાં હતાં. પીએમ મોદી તથા બેયરે ઉત્તરાખંડના જિમ કોર્બેટના જંગલોમાં શૂટિંગ કર્યું હતું. આ એપિસોડ દુનિયાની સૌથી ટ્રેડિંગ ટેલિવિઝન ઈવેન્ટ રહી હતી. આ એપિસોડે સુપરબોલ ઈવેન્ટને પણ પછાડી દીધી હતી. મોદી-બેયર ગ્રિલ્સના એપિસોડને ૩.૬ બિલિયન સોશિયલ ઈમ્પ્રેશન મળી હતી, જ્યારે સુપરબોલ ઈવેન્ટને ૩.૪ ઈમ્પ્રેશન મળી હતી.

હું સીએએ-એનઆરસીનું સમર્થન નથી કરતી : પૂજા ભટ્ટ



શહીન બાગ અને લખનઉની મહિલાઓનેપ. અમે ત્યાં સુધી

મુંબઈ

સીએએ-એનઆરસીને લઈ દેશના ઘણા ભાગમાં વિરોધ ચાલી રહ્યો છે. આમ જનતાથી માંડી દેશના મોટા મોટા લોકોએ પર આ વાત પર ટિપ્પણી કરી છે. બોલિવૂડમાં પણ આ વાતને લઈ મે ફાટા પડી ગયા છે. કોઈએ સમર્થનમાં તો કોઈ વિરુદ્ધમાં પોતાનો મત આપી રહ્યા છે. એવામાં હવે પૂજા ભટ્ટ મેદાને આવી છે અને આ મુદ્દે બયાન આપ્યું છે. આ એ જ અભિનેત્રી છે કે જેને પોતાના સગા બાપે લિપ કિસ કરીને કહ્યું હતું કે, આ તો દીકરી છે નહીંતર ફેરા ફરવા હતા.

પૂજાનું કહેવું છે કે, એ સીએએ-એનઆરસીનું સમર્થન નથી કરતી, કારણ કે એ મારા ઘરના ભાગલા પાડી નાખે છે. પૂજાએ કહ્યું કે, હું આપણા નેતાઓને વિનંતી કરુ છું કે, દેશભરમાં જે અવાજો ઉઠી રહ્યા છે તેને સાંભળો. ભારતની મહિલાઓને, નહીં અટકશું કે જ્યાં સુધી અમારો અવાજ સાંભળવામાં નહીં આવે.પૂજાએ આગળ વાત કરી કે, આ મુદ્દા પર વધારે અને વધારે બોલવા માટે હું લોકોને વિનંતી કરુ છું. હું સીએએ-એનઆરસીનું સમર્થન નથી કરતી. કારણે કે આ મારા ઘરના ભાગલા પાડે છે. અભિનેત્રીએ કહ્યું કે, મતભેદ દેશભક્તિનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. સીએએ-એનઆરસી વિરોધમાં જે વિદ્યાર્થીઓ પ્રદર્શન કરી રહ્યા છે તેનાથી આપણને એ સંદેશ મળે છે કે, હવે અવાજ ઉઠાવવાનો સમય આવી ગયો છે.

'રાધે'ના ૨૦ મિનિટના ક્લાઈમેક્સ સીન પાછળ અધધધ...૭.૫ કરોડનો ખર્ચ..!!



મુંબઈ

સલમાન ખાન હાલમાં ફિલ્મ 'રાધે'ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મને સલમાન ખાન પ્રોડ્યૂસ પણ કરી રહ્યો છે. આ ફિલ્મના ક્લાઈમેક્સ પછળ ૭.૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે, તેમ ચર્ચાઈ રહ્યું છે. ક્લાઈમેક્સનો આખો સીન કોમા કીમાં શૂટ કરવામાં આવશે અને પછી તેમાં હેવી વિઝ્યૂઅલ ઈફેક્ટ્સ આપવામાં આવશે. સૂત્રોના મતે, મુંબઈના સ્ટૂડિયોમાં આ સીન શૂટ કરવામાં આવશે.

સૂત્રોના મતે, કોમા કીમાં શૂટિંગ કરવું ઘણું જ મોઘું છે. મોટા ફિલ્મમેકર્સને આ જ પોસાય તેમ છે. 'બાહુબલી' તથા તેની સીક્વલમાં કોમા કીમાં શૂટિંગ કરવામાં આવ્યું હતું. કોમમાં શૂટિંગની પાછળ બ્લૂ અથવા ગ્રીન બ્રેકગ્રાઉન્ડ રાખવામાં આવે છે. કોમામાં યુઝ થતી લાઈટિંગ ઘણી જ મોંઘી હોય છે. જ્યારે વીએફએક્સની વાત આવે ત્યારે બેકગ્રાઉન્ડમાંથી ડિજિટલી બ્લૂ કે ગ્રીન બેકગ્રાઉન્ડ હટાવીને ડિરેક્ટર પોતાની પસંદના સીન એડ કરે છે.

'રાધે'ના ફાઈનલ સીન દુબઈમાં સેટ કરવામાં આવશે. ફિલ્મનું શૂટિંગ દિલ્હી, કોલકતા, જયપુર તથા લખનઉમાં થયું છે. ફિલ્મમાં હાઈ ઓક્ટેન એક્શન સીન્સ સ્ટૂડિયોમાં શૂટ કરવામાં આવશે. વધુમાં ફિલ્મના ડિરેક્ટર પ્રભુદેવાએ વીએફએક્સ ટીમ સાથે સલમાન-રણદિપ વચ્ચેના ફાઈટિંગ સીનની ચર્ચા કરી હતી. જ્યારે પ્રભુદેવા-સલમાને ટીમ સાથે ચર્ચા કરી તો તેમને કહેવામાં આવ્યું કે આ સીન પાછળ સાત કરોડથી વધુનો ખર્ચ થશે. સલમાન આ માટે તરત જ તૈયાર થઈ ગયો હતો.

'મૈદાન'નું પોસ્ટર રિલીઝ, અજય દેવગણ ફૂટબોલ કોચની ભૂમિકા ભજવશે



મુંબઈ

અજય દેવગને પોતાની આગામી સ્પોર્ટ્સ બાયોપિક 'મૈદાન'નું ટીઝર પોસ્ટર સોશિયલ મીડિયામાં શેર કર્યું હતું. પોસ્ટરમાં કોઈના ચહેરા જોવા મળતા નથી પરંતુ વરસતા વરસાદમાં કીચડમાં છથી સાત લોકો ફૂટબોલ રમતા હોય તે રીતે તેમના પગ દેખાય છે.

ફિલ્મમાં અજય દેવગન ઈન્ડિયન ફૂટબોલ કોચ તથા મેનેજર સૈયદ અબ્દુલ રહીમનો રોલ પ્લે કરી રહ્યો છે. સૈયદ અબ્દુલ ૧૯૫૦થી ૧૯૬૩ સુધી ભારતીય ફૂટબોલ ટીમના કોચ તથા મેનેજર તરીકે કાર્યરત હતાં. તેમના માર્ગદર્શનને કારણે ફૂટબોલ ટીમ ૧૯૫૬માં મેલબોર્ન ઓલિમ્પિક્સમાં સેમી ફાઈનલ સુધી પહોંચી હતી.

અજય દેવગનની આ ફિલ્મ ૨૭ નવેમ્બરે રિલીઝ થવાની છે. સોશિયલ મીડિયામાં યુઝર્સે અજય દેવગનને ફિલ્મ ક્રિસમસ પર રિલીઝ કરવાનું કહ્યું હતું. બોની કપૂર 'મૈદાન'ને પ્રોડ્યૂસ કરશે. આ ફિલ્મને 'બધાઈ હો' ફેમ અમિત શર્મા ડિરેક્ટ કરી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે ક્રિસમસ પર આમિર ખાનની ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા' રિલીઝ થઈ રહી છે. નોંધનીય છે કે અક્ષય કુમારની ફિલ્મ 'બચ્ચન પાંડે' પણ ક્રિસમસ પર રિલીઝ થવાની હતી પરંતુ આમિરની વિનંતી બાદ હવે 'બચ્ચન પાંડે' વર્ષ ૨૦૨૧માં ૨૨ જાન્યુઆરીએ રિલીઝ થશે.

મહિલાને એડલ્ટ વીડિયો બતાવતા કોરિયોગ્રાફર ગણેશ આચાર્ય વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

મુંબઈ

બોલિવૂડ ફિલ્મોમાં અભિનેતાઓને પોતાના પર નચાવનારા કોરિયોગ્રાફર્સનો વિવાદ આજે પણ થમવાનું નામ લેતો નથી. એકવાર ફરીથી ગણેશ આચાર્ય અભદ્ર વાતને લઈ ચર્ચામાં આવ્યા છે. ગણેશ પર એક મહિલાએ ગંભીર આરોપો નાખ્યા છે. મહિલાએ કહ્યું કે, ગણેશ આચાર્ય એને જબરદસ્તી કરીને સાથે એડલ્ટ વીડિયો બતાવવા માટે મજબુર કરે છે. એક રિપોર્ટ પ્રમાણે મુંબઈની ૩૩ વર્ષીય મહિલાએ ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન ક્ષેત્રે ઉંચુ નામ ધરાવનાર કોરિયોગ્રાફર્સ એસોસિએશનના જનરલ સેક્રેટરી ગણેશ આચાર્ય વિરુદ્ધ રાજ્ય મહિલા આયોગ અને આંબલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મહિલાએ કોરિયોગ્રાફર ગણેશ આચાર્ય વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

'મિશન મંગલ'ના ડિરેક્ટર જગન શક્તિની મગજની સર્જરી સફળ રહી


મુંબઈ

'મિશન મંગલ'ના ડિરેક્ટર જગન શક્તિનું સોમવાર (૨૭ જાન્યુઆરી)ના રોજ ઓપરેશન કરવામાં આવ્યું હતું અને હવે તે આઉટ ઓફ ડેન્જર છે. જગન શક્તિના મેન્ટર ડિરેક્ટર આર બાલ્કીએ ન્યૂઝ પેપર સાથેની વાતચીતમાં આ માહિતી આપી હતી.

બાલ્કીએ કહ્યું હતું, 'સર્જરી બાદ જગનની હાલત સુધારા પર છે અને હવે ચિંતાનું કોઈ કારણ નથી.' જગન શક્તિને કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. દલીપ તાહિલે કહ્યું હતું, 'અક્ષય કુમારને સૌ પહેલાં ખબર પડી હતી કે જગનને દાખલ કરવામાં આવ્યો છે અને તેને જેવી ખબર પડી એટલે તેણે તરત જ જગનની જવાબદારી ઉપાડી લીધી હતી.' ઉલ્લેખનીય છે કે 'મિશન મંગલ'માં અક્ષય કુમાર, સોનાક્ષી સિંહા, વિદ્યા બાલન, નિત્યા મેનન, તાપસી પન્નુ, શરમન જોશી તથા દલીપ તાહિલ પણ હતાં. સંજય કપૂરે જગન શક્તિને લઈને કહ્યું હતું કે તે ફિટનેસમાં માનનારો વ્યક્તિ છે.

રમત જગત વિશેષ

ન્યૂઝીલેન્ડના પ્રશંસકે 'ભારત માતા કી જય'નો નારો લગાવ્યો, વિડીયો વાયરલ



ઓકલેન્ડ

ભારત અને ન્યૂઝીલેન્ડની વચ્ચે બુધવારે ત્રીજી ટી-૨૦ મેચ રમાઈ રહી છે. આ સીરીઝમાં ભારત ૨-૦થી આગળ ચાલી રહ્યું છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં ન્યૂઝીલેન્ડનો એક પ્રશંસક 'ભારત માતા કી જય'નો નારો લગાવતો જોવા મળી રહ્યો છે. આ વીડિયોને 'ભૈયાજી' નામના એક વ્યક્તિએ ટ્વિટ કર્યો છે.

આ વીડિયો ઑકલેન્ડમાં રમાયેલી બીજી ટી-૨૦ મેચ દરમિયાનનો હોવાનું કહેવામાં આવી રહ્યું છે, જ્યાં મેચ જોવા માટે બંને ટીમના સમર્થકો બેઠા હતા. આ દરમિયાન ભારતીય પ્રશંસકોની સાથે ન્યૂઝીલેન્ડનો એક પ્રશંસક પણ બેઠેલો હતો. ટીમ ઈન્ડિયાએ જ્યારે સિક્સર મારી તો સ્ટેડિયમમાં 'ભારત માતા કી જય'ના નારા ગૂંજવા લાગ્યા. આ દરમિયાન ભારતીય પ્રશંસકો કીવી પ્રશંસકથી 'ભારત માતા કી જય' બોલવા માટે કહે છે. તે વ્યક્તિ પણ જોશમાં આવીને 'ભારત માતા કી જય' નારો લગાવે છે. આ વીડિયોને ભૈયાજી નામના ટ્વિટર યૂઝરે શેર કરી છે. ત્યારબાદ તેને ખૂબ શેર કરવામાં આવી રહ્યો છે. આ વીડિયોને અત્યાર સુધી ૧૩૦૦થી વધુ વાર રિટ્વિટ કરવામાં આવી ચૂક્યો છે. આ વીડિયો લોકોને ખૂબ પસંદ આવી રહ્યો છે જેને જોઈને તમે પણ ખુશ થઈ જશો.

મેચ બપોરે ૧૨.૩૦ કલાકે શરૂ થશે, ભારત આજે મેચ જીતશે તો સિરિઝ જીતી લેશે

આજે ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી ટી-૨૦માં ઈતિહાસ રચવા ઉતરશે ભારત



ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે

હેમિલ્ટન

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ મેચોની ટી૨૦ આંતરરાષ્ટ્રીય સિરીઝનો ત્રીજો મુકાબલો હેમિલ્ટનના સેડોન પાર્કમાં રમાશે. આ મુકાબલો આજે બુધવાર ૨૯ જાન્યુઆરી બપોરે ૧૨.૩૦ કલાકે શરૂ થશે. ભારત જો ત્રીજી ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ જીતે તો તે ન્યૂઝીલેન્ડની ધરતી પર ઈતિહાસ રચી દેશે. આ મેચમાં જીતની સાથે ભારત પ્રથમવાર ન્યૂઝીલેન્ડની ધરતી પર કીવીઓ વિરુદ્ધ દ્વિપક્ષીય ટી-૨૦ આંતરરાષ્ટ્રીય સિરીઝ કબજે કરી લેશે.

ભારત અત્યાર સુધી ન્યૂઝીલેન્ડની ધરતી પર દ્વિપક્ષીય ટી૨૦ આંતરરાષ્ટ્રીય સિરીઝ જીતી શક્યું નથી. હાલની ટી૨૦ સિરીઝ પહેલા માત્ર બે દ્વિપક્ષીય ટી૨૦ આંતરરાષ્ટ્રીય સિરીઝ રમાઈ છે. આ બંન્ને ટી૨૦ સિરીઝમાં ભારતે ન્યૂઝીલેન્ડના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. એક દ્વિપક્ષીય ટી૨૦ સિરીઝ વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં રમાઈ હતી. બે મેચોની આ ટી૨૦ સિરીઝમાં ભારતે ૦-૨થી હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ ભારતને ૨૦૧૮-૨૦૧૯માં રમાયેલી ટી૨૦ સિરીઝમાં ન્યૂઝીલેન્ડે ૨-૧થી પરાજય આપ્યો હતો.

મહત્વનું છે કે હાલની ટી૨૦ સિરીઝના પ્રથમ મુકાબલામાં ભારતે ન્યૂઝીલેન્ડને ૬ વિકેટે પરાજય આપ્યો હતો. ત્યારબાદ બીજી ટી૨૦ મેચ પણ સાત વિકેટે જીતીને ભારતે ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ૫ મેચોની ટી૨૦ સિરીઝમાં ૨-૦ની સરસાઈ મેળવી લીધી હતી. ભારતીય ટીમ હાલ શઆનદાર ફોર્મમાં છે અને ૨૦૧૯ના વિશ્વકપબાદ તેણે જે પાંચ ટી૨૦ સિરીઝ રમી છે તેમાં ધમાકેદાર પ્રદર્શન કર્યું છે. તેમાં હાલની સિરીઝ પણ સામેલ છે. આ વચ્ચે તે માત્ર આફ્રિકા વિરુદ્ધ સિરીઝ જીતી શક્યું નથી.

ન્યૂઝીલેન્ડની સૌથી મોટી ચિંતા ભારતીય બોલરો વિશેષકરીને જસપ્રીત બુમરાહનો સામનો કરવાની છે. બે મેચોમાં તેના બેટ્સમેન બુમરાહના બોલને સમજવામાં નિષ્ફળ રહ્યાં છે. ન્યૂઝીલેન્ડનો આમ તો સેડોન પાર્કમાં રેકોર્ડ સારો રહ્યો છે. અહીં અત્યાર સુધી તેણે ૯ મેચ રમી છે અને ૭ મેચમાં વિજય મેળવ્યો છે. તે ભારતના વિજય રથને રોકવાનો પ્રયત્ન કરશે.

ભારતઃ રોહિત શર્મા, લોકેશ રાહુલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, મનીષ પાંડે, શિવમ દુબે, રવિન્દ્ર જાડેજા, શાર્દુલ ઠાકુર, જસપ્રીત બુમરાહ, યુજવેન્દ્ર ચહલ અને મોહમ્મદ શમી.

ન્યૂઝીલેન્ડઃ માર્ટિન ગુપ્ટિલ, કોલિન મુનરો, કેન વિલિયમ્સન, રોસ ટેલર, ટિમ સેફર્ટ, કોલિન ડી ગ્રાન્ડહોમ, મિશેલ સેન્ટનર, ટિમ સાઉદી, ઈશ સોઢી, બ્લેયર ટિકનર, હાશિમ બેનેટ.

ઓસ્ટ્રેલિયન ઓપનઃ સૈન્ડગ્રેનને હરાવી ફેડરર ૧૫મી વખત સેમિફાઈનલમાં પહોંચ્યો

મેલબોર્ન

૨૦ વખતના ગ્રાન્ડ સ્લેમ વિજેતા સ્વિટ્ઝર્લેન્ડનો રોજર ફેડરર મંગળવારે ઓસ્ટ્રેલિયન ઓપનના સેમિફાઈનલમાં પહોંચી ગયો છે. તેણે અમેરિકાના ટેનિસ ખેલાડી સૈન્ડગ્રેનને ૫ સેટ સુધી ચાલેલા મુકાબલામાં ૬-૩, ૨-૬, ૨-૬, ૭-૬(૮), ૬-૩થી પરાજય આપ્યો હતો. ફેડરર આ ટૂર્નામેન્ટમાં ૧૫મી વખત સેમિફાઈનલમાં પહોંચવામાં સફળ રહ્યો છે. છેલ્લે ૨૦૧૮માં અંતિમ-૪માં પહોંચ્યો હતો. ૧૦૦મી રેન્કના સૈન્ડગ્રેને મેચમાં શાનદાર પ્રદર્શન કરતા વર્લ્ડ નંબર-૩ ફેડરરને ૩ કલાક અને ૩૧ મિનિટ સુધી રમવા પર મજબૂર કર્યો હતો.

ફેડરરે મેચ જીત્યા બાદ કહ્યું, 'ક્યારેક-ક્યારેક તમારે મેચ જીતવા માટે લકી થવું પડે છે. ૭ વખત મેચ પોઈન્ટની બરોબરી કરવી સરળ નથી. જ્યારે મેચ પોતાના મિડમાં પહોંચી મને ઘણું સારૂ લાગવા લાગ્યું. મેં આજે સર્વિસ સારી કરી, ખાસ કરીને મેચના અંતમાં. હું અત્યારે અહીં ઉભો છું તે સૌથી ખુશીની વાત છે.'

ફેડરર જ્યારે ત્રીજા સેટમાં ૦-૩થી પાછળ હતો, ત્યારે મેડિકલ ટીમની મદદ લીધી હતી. તેણે તેના પર કહ્યું, 'મને ગ્રોઈનનો અનુભવ થયો હતો. હું ડિફેન્સમાં અસફળ થઈ રહ્યો હતો. તેથી મેં વધારાની સારવાર લીધી. હું જાદૂમાં વિશ્વાસ કરુ છું. બની શકે છે કે હું આ મેચ ન જીતત અને બે દિવસ બાદ સ્વિટ્ઝર્લેન્ડમાં સ્કી કરી રહ્યો હોત. પરંતુ તેમ ન થયું અને મેં જીત મેળવી.' સૈન્ડગ્રેને બીજીવાર સેમિફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો છે. તે ૨૦૧૮માં દક્ષિણ કોરિયાના ચૂંગ હ્યૂન વિરુદ્ધ હારી ગયો હતો. સૈન્ડગ્રેન અત્યાર સુધી એકપણ વખત ગ્રાન્ડસ્લેમની સેમિફાઈનલમાં પહોંચ્યો નથી. તે ફ્રેન્ચ ઓપનમાં ત્રણ વખત પ્રથમ રાઉન્ડમાં હાર્યો છે. વિમ્બલ્ડનમાં એક વખત ચોથા અને યૂએસ ઓપનમાં એકવાર ત્રીજા રાઉન્ડ સુધી પહોંચ્યો હતો.

ઝઘડીયા આરતી ઈન્ડસ્ટ્રીઝમાં ક્રિકેટ પ્રીમીયર લીગનું આયોજન

ટુર્નામેન્ટમાં મિકેનિકલ હેમર્સનો વિજય

અંકલેશ્વર

ઝઘડિયા ખાતે આવેલી આરતી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ક્રિકેટ પ્રીમિયર લીગનું આયોજન કરવામાં આવ્યું હતું જેનું સમાપન પ્રજાસત્તાક દિને થયું હતું. આરતી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આયોજિત આરતી ક્રિકેટ પ્રીમિયર લીગમાં કુલ ૩૬ ટીમોએ ભાગ લીધો હતો. આ ક્રિકેટ પ્રીમિયર લીગમાં ૩૩ મેચ તારીખ ચોથી જાન્યુઆરી ૨૬ મી જાન્યુઆરી દરમિયાન યોજાઈ હતી. જેમાં ફાઈનલ મિકેનિકલ હેમર્સ અને કેલ્શિયમ ફાઈટર્સ વચ્ચે યોજાઈ હતી. ૨૬મી જાન્યુઆરીએ યોજાયેલા ફાઈનલ મુકાબલામાં મિકેનિકલ હેમર્સના ખેલાડીઓએ નિર્ધારિત ૧૨ ઓવર્સમાં ૯ વિકેટે ૧૦૯ રન કર્યા હતા. બીજો દાવ લેતા કેલ્શિયમ ફાઈટર્સના ખેલાડીઓ ૧૨ ઓવરમાં ૯ વિકેટે માત્ર ૬૧ રન નોંધાવી શક્યા હતા અને મિકેનિકલ હેમર્સનો જવલંત વિજય થયો હતો. મિકેનિકલ હેમર્સના ટીમ મેનેજર ધીરેન જોગીદાસે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

મરોલી ખાતે બારી-બારીયા સમાજ દ્વારા રમતોત્સવ યોજાયો

વલસાડ

દક્ષિણ ગુજરાત બારી-બારીયા સમાજ દ્વારા મરોલી-દાંડી ગ્રાઉન્ડ ખાતે આયોજિત ખેલ મહાકુંભ અવસરે વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરે વિશેષ ઉપસ્થિત રહી રમતવીરોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ રમતોત્સવમાં વૉલીબોલ, રસ્સા ખેંચ, ક્રિકેટ, સંગીત ખુરશી જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના આબાલવૃધ્ધ સૌએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

આ અવસરે આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરે પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, સમાજમાં એકતા જળવાય અને સંગઠીત બને તે માટે આ પ્રકારના રમતોત્સવ જરૂરી છે. સમાજને એક તાંતણે બાંધવાની જવાબદારી અગ્રણીઓ નિભાવે તે જરૂરી છે. આ અવસરે ઉમરગામના મુકેશભાઈ પટેલ, અગ્રણી મહેશભાઈ ભટ્ટ, મરોલી બારી-બારીયા સમાજના પ્રમુખ હરેશભાઈ બારી, મંત્રી રાજુભાઈ બારી, ઉપપ્રમુખ સિમ્બલભાઈ બારીયા, રાજેશભાઈ કેણી, મરોલીના સરપંચ લતાબેન મરોલીકર, સરલાબેન બારી, દિલીપભાઈ ભંડારી, સહિત બારી-બારીયા સમાજના અગ્રણીઓ અને રમતપ્રેમીઓ હાજર રહયા હતા.

સાંચીમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું બુદ્ધ સંગ્રહાલય અને સંશોધન કેન્દ્ર બનાવાશે

શ્રીલંકામાં માતા સીતાનું ભવ્ય મંદિર બનશેઃ મધ્યપ્રદેશ મુખ્યમંત્રીની જાહેરાત

ભોપાલ

મધ્યપ્રદેશ સરકાર શ્રીલંકામાં સીતા માતાનું મંદિર બનાવવા જઈ રહી છે. આ મંદિર અંગેનો પ્રસ્તાવ વર્ષ ૨૦૧૨માં શ્રીલંકા સરકાર પાસે મુકવામાં આવ્યો હતો. મંદિર બનાવવા માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે જાહેરાત કરી છે કે શ્રીલંકામાં માતા સીતાનું ભવ્ય મંદિર બનાવશે. કમલનાથે એમ પણ કહ્યું છે કે, 'મંદિરની ડિઝાઈનને અંતિમ રૂપ આપી દેવાયું છે. તેમજ તેના માટે ભંડોળ પણ પુરૂ પાડવામાં આવશે. મંદિર બનાવવા માટે બનાવાયેલી સમિતિ મંદિરનાં નિર્માણ કાર્ય પર નજર રાખશે. વર્ષ ૨૦૧૨માં શિવરાજસિંહ ચૌહાણે શ્રીલંકા સમક્ષ આ પ્રસ્તાવ મુક્યો હતો. આ પ્રસ્તાવ આકાર પામી રહ્યો છે.

શ્રીલંકામાં સીતા માતાનું ભવ્ય મંદિર બનાવવામાં આવશે. જેના પ્રયાસો ઝડપી બન્યાં છે. મધ્યપ્રદેશનાં મુખ્યમંત્રી કમલનાથ અને શ્રીલંકાનાં અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. મંદિર નિર્માણ માટે મધ્યપ્રદેશ અને શ્રીલંકાનાં અધિકારીઓની એક સમિતિ બનાવવામાં આવશે. મંદિરની સાથે સાંચીમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું બુદ્ધ સંગ્રહાલય અને સંશોધન કેન્દ્ર બનાવવા પર ચર્ચા કરવામાં આવી છે. કમલનાથે બૌદ્ધ સંગ્રહાલય, અભ્યાસ અને પ્રશિક્ષણ કેન્દ્રો માટે જમીન આપવાની સાથે તેને આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થા બનાવવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે કેટલીક જાપાની કંપની અને અન્ય સંસ્થાઓમાં સાંચીમાં વિભિન્ન સંરચનાઓ નિર્માણ માટે નાણાકિય મદદ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

લોજિસ્ટિક્સ સેકટરના સ્ટાર્ટઅપ્સ માટે અલગ ફન્ડ બનાવવાનો પણ પ્રસ્તાવ

બજેટમાં ટ્રાન્સપોર્ટને સરળ બનાવવા નેશનલ લોજિસ્ટિક્સ પોલિસીની જાહેરાતની શક્યતા

ન્યુ દિલ્હી

દેશમાં બિઝનેસ ટ્રાન્સપોર્ટેશનને સરળ બનાવવા માટે સરકાર બજેટમાં નેશનલ લોજિસ્ટિક્સ પોલીસીની જાહેરાત કરી શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ નાણાં મંત્રાલયના લોજિસ્ટિક્સ ડિવીઝને પોલીસી પર કામ કર્યું છે. તેનો હેતું વેપારીઓને થતો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઘટાડવાનો છે. તેના માટે એક સેન્ટ્રલ પોર્ટલ બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવી શકે છે, જેથી કંપનીઓને લોજિસ્ટિક્સ સાથે જોડાયેલું સમાધાન મળી શકે. નેશનલ લોજિસ્ટિક પોલીસીમાં વેરહાઉસ ક્ષમતા વધારવા પર ભાર આપવામાં આવશે. એક્સપોર્ટ્સ અને ઈમ્પોર્ટ્સ માટે નેશનલ લોજિસ્ટિક્સ ઈ-માર્કેટપ્લેસની સુવિધા આપવા, લોજિસ્ટિક્સ સેકટરના સ્ટાર્ટઅપ્સ માટે અલગ ફન્ડ બનાવવા અને આ સેકટરમાં રોજગારની તકો બેગણી કરવાનો પણ પ્રસ્તાવ છે. સરકારનું માનવું છે કે લોજિસ્ટિક્સ ખર્ચ વધુ થવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં ઘરેલુ વસ્તુઓની પ્રતિસ્પર્ધાને અસર થાય છે. નેશનલ લોજિસ્ટિક્સ પોલીસી પ્રભાવી રીતે લાગુ થઈ તો વેપારને પ્રોત્સાહન મળશે, એક્સપોર્ટ પ્રતિસ્પર્ધી બનશે અને લોજિસ્ટિક્સ પરફોર્મેન્સ ઈન્ડેક્સમાં દેશનું રેંકિંગ સુધરશે.

ભારે વરસાદે બ્રાઝિલના રાજ્યોમાં વિનાશ નોતર્યોઃ ૪૫ના મોત

રિયો ડી જાનેરો

બ્રાઝિલના મિનસ જેરોઇસ સ્ટેટમાં ભારે વરસાદને કારણે પૂરની ગંભીર સ્થિતિએ ૪૫ લોકોનો ભોગ લઇ લીધો છે. અહીંના ૧૦૦ શહેરોમાં હાઇ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સ્થાનિક મીડિયા મુજબ ૧૮ લોકો હજુ પણ ગુમ છે અને ૧૩ હજારથી વધારે લોકોએ સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. વિતેલા કેટલાક દિવસોથી વરસી રહેલા મૂશળાધાર વરસાદને કારણે અહીં અનેક વરસાદી દુર્ઘટનાઓ બની હતી. જોકે સોમવારે વરસાદનું જોર ઓછુ થતા રાહત-બચાવના કાર્યમાં થોડી અનૂકુળતા મળી હતી. મિનસ જેરાઇસની રાજધાની બેલો હોરિજોન્તેમાં ૨૪ કલાકમાં ૧૭૧.૮ મિમી વરસાદ ખાબક્યો હતો જે એક રેકોર્ડ બન્યો હતો. મૂશળધાર અને સતત વરસી રેહલા વરસાદને કારમે અહીંની નદીઓમાં પણ ખતરાની સપાટી પાર કરી ચૂકી છે. પૂરમાં રહેણાંક વિસ્તારોમાં ભારે નુકસાનનું હાલમાં કોઇ અનુમાન નથી લેવાયું, પરંતુ પ્રશાસને અતિ ભારે નુકસાનની આશંકા વ્યક્તિ કરી હતી.

ચીનમાં ફસાયેલા ભારતીયોને લાવવાની પ્રક્રિયા શરૂઃ વિદેશ મંત્રાલયની ટ્વિટ

ન્યુ દિલ્હી

ચીનમાં ફેલાયેલા કોરોના વાયરસને લઈને દુનિયાભરમાં એલર્ટ છે અને ભારત પણ તેની ચપેટમાં આવી રહ્યું છે. ચીનમાં ફસાયેલા ભારતીય નાગરિકોને ભારત લાવવા માટે સરકારે કાર્યવાહી તેજ કરી છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, ચીનમાં હાજર ભારતીયોને જલ્દીથી ભારત લાવવામાં આવશે, તેની પ્રોસેસ શરૂ થઈ ગઈ છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે ટ્વીટ કરી જાણકારી આપી કે ચીનના હુબઈ પ્રાંતમાં કોરોના વાયરસથી જે પણ ભારતીય નાગરિક પ્રભાવિત થયાં છે, તે દરેકને લાવવા માટેની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. બિજિંગમાં અમારી ટીમ ચીની સરકારના સંપર્કમાં છે અને ભારતીય નાગરિકોની અપડેટ લઈ રહી છે. અમે સતત આ મુદ્દે અપડેટ આપતા રહીશું.

પંજાબમાં કોરોના વાયરસનો પ્રથમ શંકાસ્પદ કેસ નોંધાયો

ચંડીગઢ

ચીનના વુહાન શહેરમાંથી આવેલા જીવલેણ કોરોના વાયરસની ભારતમાં એન્ટ્રી થઈ હોવાની આશંકાએ ફફડાટ ફેલાયો છે. મોહાલીના એક ૨૮ વર્ષીય રહેવાસીને કોરોના વાયરલ જેવા લક્ષણો જણાતા તેમને અહીંની પીજીઆઈએમઈઆર હોસ્પિટલમાં આઈસોલેશન વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે. એક અધિકારીના જણાવ્યા મુજબ દેશનો પ્રથમ કોરોનાનો શંકાસ્પદ કેસ પંજાબ-હરિયાણામાંથી જોવા મળ્યો હોવાની આશંકા છે.

હોસ્પિટલમાં ખસેડવામાં આવેલા દર્દી મૂળ ઉત્તર પ્રદેશના છે અને પંજાબના મોહાલીમાં હાલ રહે છે. દર્દી ગત સપ્તાહે જ ચીનથી પરત આવ્યા હોવાથી તેમનામાં કોરોના વાયરલના લક્ષણો જોવા મળ્યા હોવાની વકી છે. પંજાબના ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામના સ્ટેટ પ્રોગ્રામ ઓફિસર ડો. ગગનદીપ સિંહે જણાવ્યું કે, દર્દીએ તાવ તેમજ શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હોવાની ફરિયાદ કરી હતી.

આપ પાર્ટીને મોટો ઝટકોઃ ધારાસભ્ય મનોજ કુમાર ભાજપમાં જોડાયા

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીને ફરી એકવાર મોટો ઝટકો લાગ્યો છે. કોંડલી વિધાનસભા સીટ૨ પરથી આમ આદમી પાર્ટીના બાગી ધારાસભ્ય મનોજ કુમારે મંગળવારે રક્ષા મંત્રી રાજનાથ સિંહની હાજરીમાં ભારતીય જનતા પાર્ટીની સદસ્યતા ગ્રહણ કરી લીધી. મનોજ કુમાર આ વખતે આમ આદમી પાર્ટી દ્વારા ટિકિટ ન આપવાને કારણે ઘણા દિવસોથી નારાજ હતા. આમ આદમી પાર્ટી પાર્ટીએ કોંડલીથી મનોજ કુમારની ટિકિટ કાપીને કુલદીપ કુમારને મેદાનમાં ઉતાર્યા છે. મનોજે પાર્ટીમાંથી પત્તુ કપાયા બાદ અપક્ષ તરીકે નામાંકન પત્ર ભર્યું હતું. તેને કારણે આમ આદમી પાર્ટીને પોતાના ઉમેદવારના વોટ ઓછાં થવાનો ડર સતાવી રહ્યો હતો. પાર્ટી ઘણા સમયથી તેને મનાવવાના પ્રયત્નો કરી રહી હતી. આમ આદમી પાર્ટીના ત્રણ બાગી ધારાસભ્યોએ પાર્ટીની વાત માનીને પોતાનું નામ પાછું ખેંચી લઈ લીધું છે. જેમાં મનોજ કુમારનું નામ પણ સામેલ હતું, પરંતુ બીજા જ દિવસે તેમણે ભાજપ જોઈન કરી લીધી.

આ નિવેદન બાદ પાક.વડાપ્રધાન સોશિયલ મિડિયામાં ટ્રોલ થયા

એક ઈંજેક્શન લગાવ્યા બાદ નર્સો પરી જેવી લાગતી હતીઃ ઈમરાન ખાનનું હાસ્યાસ્પદ નિવેદન

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન પોતાના એક નિવેદનને લઈ સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યા છે. ઈમરાન ખાને શૌકત ખાનૂમ હોસ્પિટલમાં પોતાના ભાષણમાં કહ્યું કે એક ઈંજેકશન લગાવ્યા બાદ તેમને નર્સો હૂર (પરી) જેવી લાગતી હતી. ઈમરાન ખાને કહ્યું કે ૨૦૧૩મા ચૂંટણી પ્રચાર દરમ્યાન તેઓ સ્ટેજ પરથી પડી ગયા હતા અને ત્યારે તેમને આ હોસ્પિટલમાં લાવ્યા હતા. જ્યારે તેઓ પીડાથી પીડાતા હતા તો નર્સોએ તેમને એક ઈંજેકશન લગાવ્યું ત્યારબાદ માત્ર તેમને દર્દમાંથી જ છૂટકારો મળ્યો નહોતો પરંતુ તેમણે પોતાની સ્પીચ પણ આપી હતી. ઈમરાન ખાનને કહ્યું કે એ સમયે આ નર્સો મને હૂરની જેવી જ લાગતી હતી.

ઈમરાન ખાને કહ્યું કે તેમણે ડૉકટરને ફરીથી એ જ પેનકિલર ઈંજેકશન લગાવા માટે અનુરોધ કર્યો પરંતુ તેમણે ના પાડી દીધી. એટલું જ નહીં ઈંજેકશન માટે તેઓ ડૉકટરને ધમકી સુદ્ધા આપવા લાગ્યા હતા. જો કે ઈમરાન ખાને ડૉકટર્સ અને હોસ્પિટલના વખાણ કરતાં કહ્યું કે તેમને બીજા પેનકિલર ઈંજેકશન આપ્યા નહીં. પોતાના દરેક નિવેદનને લઈ ઈમરાન ખાન સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યા છે. પાકિસ્તાની પત્રકારે લખ્યું કે પીએમ ઈમરાન ખાનને બસ એક ઈંજેકશન જોઈએ નર્સોમાં હૂર જોવા માટે. એક યુઝરે લખ્યું કે નર્સોને બહેનની જેમ જોવી જોઈએ પરંતુ ઈમરાન ખાનને તેમાં હૂરે દેખાય રહી છે. આના પરથી તેમની માનસિકતાની ખબર પડી જાય છે. તો કેટલાંક લોકોએ મીમ્સ શેર કરી લખ્યું કે તેમને મેડલ આપવા જોઈએ.

સીએએ વિરુદ્ધના પ્રસ્તાવ અંગે લોકસભા સ્પીકરે યુરોપિયન યુનિનને પત્ર લખ્યો

આ કાયદો પડોશી દેશમાં અત્યાચારનો ભોગ બનેલા લોકોને નાગરિકતા આપવા માટે છેઃ ઓમ બિરલા

ન્યુ દિલ્હી

નાગરિકતા સંશોધન કાયદા વિરૂદ્ધ પ્રસ્તાવ લાવવાને લઈને લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ યુરોપિયન યુનિયન સામે વાંધો ઉઠાવ્યો છે. તેમણે યુરોપિયન સંસદને પત્ર લખીને પુનર્વિચાર કરવા જણાવ્યું છે. આ પત્રમાં સ્પીકરે સીએએના મહત્વને સમજાવતા જણાવ્યું છે કે, આ કાયદો પડોશી દેશોમાં ધાર્મિક અત્યાચારનો ભોગ બનેલા લોકોને સરળતાની નાગરિકતા આપવા માટે છે. આ કાયદામાં કોઈની નાગરિક્તા પર તરાપ મારવામાં નહીં આવે.

યુરોપિયન સંસદના અધ્યક્ષ ડેવિટ મારિયા સસૌલીને લખવામાં આવેલા પત્રમાં સ્પીકર બિરલાએ લખ્યું છે કે, આ કાયદો અમારા પડોશી દેશોમાં ધાર્મિક અત્યાચારનો ભોગ બનેલા લોકોને સરળતાથી નાગરિક્તા આપવા માટે છે. તેનો હેતુ કોઈની પણ નાગરિક્તા છીનવવા માટેનો નથી. ભારતીય સંસદના બન્ને ગૃહોમાં ચર્ચા બાદ આ કાયદાને અમલમાં મૂકવામાં આવ્યો છે.

બિરલાએ યુરોપિયન સંસદને ભારતમાં બનાવવામાં આવેલા કાયદાનું સમ્માન કરવાની સલાહ પણ આપી છે. તેમણે આગળ લખ્યું છે કે, ઈન્ટર પાર્લિયામેન્ટ્રી યુનિયનનો સભ્ય હોવાના કારણે આપણે એકબીજાના સાર્વભૌમત્વનું સમ્માન કરવું જોઈએ, ખાસ કરીને લોકશાહીમાં. આ સંદર્ભે હું તમને પ્રસ્તાવિત ઠરાવ પર પુનર્વિચાર માટે ભલામણ કરું છું મને વિશ્વાસ છે કે, આપણામાંથી કોઈ ખોટુ ઉદાહરણ રજૂ નહી કરે.

અમે ભગવાકરણ માટે જ સત્તામાં આવ્યા છીએઃ ભાજપના મંત્રી

ચંડીગઢ

હરિયાણા સરકારમાં મંત્રી કંવર પાલે જણાવ્યું છે કે તેઓ ભગવાકરણ માટે જ સત્તામાં આવ્યા છે. એક રેલીને સંબોધતા મંત્રી કંવર પાલ સિંહે જણાવ્યું કે, કેટલાક લોકોને ભગવા રંગથી સમસ્યા છે. દેશનું ભગવાકરણ થઈ ગયું છે.

તેમણે જણાવ્યું હતું કે, અમે આ દેશની સંસ્કૃતિને બચાવવા માટે આવ્યા છીએ અને જેને સમસ્યા છે તેઓ વાંધો વ્યક્ત કરી શકે છે. અમે દેશની સભ્યતા અને સંસ્કૃતિની રક્ષા કરવા માટે આવ્યા છીએ. આ કોઈ એક પાર્ટીની જવાબદારી નથી આપણા તમામની જવાબદારી છે. અમે ભગવાકરણ કરવા માટે જ સત્તામાં આવ્યા છીએ. હાલમાં જ દિલ્હીમાં ભાજપના ઉમેદવાર કપિલ મિશ્રાએ ટ્વિટર પર લખ્યું હતું કે, ૮ ફેબ્રુઆરીએ જે દિવસે મતદાન થશે ત્યારે ભારત-પાકિસ્તાન વચ્ચે મુકાબલો થશે. તેમના આ નિવેદનને કારણે વિવાદ સર્જાયો હતો. ચૂંટણી પંચે પણ કપિલ મિશ્રાને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો હતો તેમજ તેમના પર ૪૮ કલાકનો પ્રચાર પ્રતિબંધ મૂક્યો હતો.

તો ભારત પાકિસ્તાનને પહેલા પાનાથી ચાલુ

ભારત વધુમાં વધુ ૧૦થી ૧૨ દિવસમાં જ પાકિસ્તાને ધૂળ ચાટતું કરી દે તેમ છે. તેથી ભારતની સામે પ્રોક્સી વોર એટલે કે આતંકવાદને ભડકાવીને પરોક્ષ યુધ્ધ લડી રહ્યું છે છતાં તે ભારતની સામે ફાવી નહીં શકે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે ભારતના અભિન્ન અંગ સમાન જમ્મુ-કાશ્મીર માટેની અનુચ્છેદ-૩૭૦ હંગામી હતી, માટે તેને દૂર કરવામાં આવી છે. કાશ્મીરના કેટલાક લોકો-પરિવારો તેના પર પોતાના અંગત રાજકિય હિતો ખાતર રાજકારણ કરતા રહ્યાં છે, ભારતના તિરંગા રાષ્ટ્રધ્વજનું અપમાન થતું રહ્યું અને તેઓ ફક્ત પોતાની મતબેંક જ જોતા હતા. ૭૦ વર્ષ બાદ કાશ્મીરમાંથી ૩૭૦ કલમ હટાવવામાં આવી છે, તે અમારી જવાબદારી હતી.

તેમણે કહ્યું કે પાકિસ્તાન આપણી સામે કોઈ પણ રીતે યુદ્ધમાં જીતી શકે તેમ નથી, માટે તેણે દેશમાં બોમ્બ વિસ્ફોટ અને આતંકવાદી હુમલા કર્યા. ભારત માતાનું લોહી વહેતુ રહ્યું, પણ જ્યારે સેના એક્શન માટે તૈયાર હતી ત્યારે તેને ના પાડવામાં આવતી હતી. આજે યુવા વિચાર છે. ભારત આગળ વધી રહ્યો છે. આજની સરકારમાં આતંકવાદીઓને તેમના ઘરમાં જઈને જવાબ આપવામાં આવી રહ્યાં છે. આપણે જમ્મુ-કાશ્મીરમાં અલગાવવાદ તથા આતંકવાદને ખતમ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ અને તેને ઉખાડી ફેંકીશું જ તેમાં કોઈ બેમત નથી.

બિમારી ઈલાજ ન થાય તો તે ગંભીર બની જાય છે એમ કહીને વડાપ્રધાને કહ્યું કે અગાઉ ચારેય તરફ આતંદવાદી હુમલા, અલગાવવાદીઓના વિરોધ પ્રદર્શનો, હિંસા, રાષ્ટ્રધ્વજનું અપમાન અને ભ્રષ્ટાચારના સમાચાર આવતા હતા. આપણે આ માટે તૈયાર ન હતા. કોઈ બિમારીનો ઈલાજ કરવામાં ન આવે તો તે ગંભીર સ્વરૂપ ધારણ કરી લે છે. અમે સમસ્યાઓને હળવાશથી લઈ શકીએ નહીં. કાશ્મીરમાં સમસ્યાઓ હતી પણ બે-ચાર પરિવારે તેને યથાવત સ્થિતિમાં જાળવી રાખી અને રાજકારણ કરતા કહ્યા. ૩૭૦ પછી આતંકીઓની કમર તોડી નાંખવામાં આવી છે. આ સિવાય પીએમ મોદીએ નાગરિકતા સુધારા કાયદા પર પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે વિપક્ષ આ કાયદા પર વોટ બેંકની રાજનીતિ કરી રહ્યો છે. તેઓ પાકિસ્તાનમાં લઘુમતીઓ પર અત્યાચાર જોતા નથી. પાકિસ્તાને જાહેરાતમાં હિન્દુઓનું અપમાન કર્યું છે. પાકિસ્તાનમાં હિન્દુ બહેનો અને દીકરીઓ પર ત્રાસ આપવામાં આવી રહ્યો છે. પરંતુ મત બેંકની રાજનીતિ કરતા લોકો આ બધુ જોતા નથી.

૨૦૨૨ સુધી પહેલા પાનાથી ચાલુ

દેશમાં દાળની અછત ઉભી થઈ હતી, પણ આ વખતે વધુ માત્રમાં દાળનું ઉત્પાદન ભારતમાં જોવા મળી રહ્યું છે. ફૂડ પ્રોસસિંગ સેન્ટરને વધુ ડેવલોપ કરવા માટે કેન્દ્ર સરકાર તમામ પ્રયાસ કરી રહ્યું છે. સરકારનો પ્રયાસ ખેડૂતનો ખર્ચ ઓછો થાય તે દિશામાં આગળ વધી રહ્યા છે. અત્યાર સુધી ૮ કરોડ ખેડૂતોને પ્રધાનમંત્રી ફસલ યોજનાનો લાભ મળી ગયો છે. આ મહિને ૬ કરોડ ખેડૂતોના ખાતા માં ૧૨ હજાર કરોડની રકમ નાંખીને રેકોડ બનાવ્યો છે. ખેડૂતોને માર્કેટિંગ સહિતની વિવિધ જાણકારી આપવામાં આવી છે. ૨૧મી સદીમાં પણ કોઈ ભૂખ્યુ અને કુપોષિત ન રહે તેની જવાબદાર આપણા તમામના ખભે છે.

રાહુલ ગાંધી પહેલા પાનાથી ચાલુ

હથિયારોથી આપણે અમેરિકાનો મુકાબલો ના કરી શકીએ, પરંતુ આપણી પાસે દુનિયાનાં સૌથી હોશિયાર યુવાનો છે.'' કૉંગ્રેસ નેતાએ કહ્યું કે, લોકો પોતાના પૈસા હિંદુસ્તાનમાં રોકવા માટે એ માટે ભરોસો કરે છે, કારણ કે તેમને યુવાનો પર ભરોસો છે. હું દુઃખ સાથે કહું છું કે ૨૧મી સદીનું હિંદુસ્તાન પોતાની પૂંજીને બરબાદ કરી રહ્યું છે.

તેમણે આગળ કહ્યું કે, યુવાનોને આજે પીએમ મોદી રોકી રહ્યા છે. યુવાનોને આજે બેરોજગારીનું સપનું દેખાઈ રહ્યું છે. યૂનિવર્સિટીમાં ચાલી રહેલા પ્રદર્શન પર કૉંગ્રેસ નેતાએ કહ્યું કે, દેશનો યુવાન આજે સરકારને પ્રશ્ન પુછી રહ્યો છે, પરંતુ સરકાર તેમના પર ગોળી ચલાવે છે. પીએમ કોઈ યૂનિવર્સિટીમાં જઈને વિદ્યાર્થીઓ સાથે વાત કરે. એક ધર્મને બીજા ધર્મ સાથે લડાવવો તિરંગાનું અપમાન છે, આ નહીં ચાલે. રાહુલ ગાંધીએ કહ્યું કે, હિંદુસ્તાનમાં એક કરોડ યુવાઓએ રોજગાર ખોયો છે. તો પીએમ મોદીએ ૨ કરોડ યુવાનોને રોજગાર આપવાની વાત કહી હતી. પ્રધાનમંત્રી ફક્ત લાંબા લાંબા ભાષણ આપે છે, સીએએ-એનઆરસી-એનપીઆરની વાત કરે છે, પરંતુ બેરોજગારી પર વાત નથી કરતા.

કૉંગ્રેસ નેતાએ અર્થવ્યવસ્થા પર સરકારને ઘેરી અને કહ્યું કે, યૂપીએનાં સમયે દેશની જીડીપી ૯ ટકા હતી, આજે નવી રીતો છતા ૫ ટકા જીડીપી છે. જો જૂની રીતોથી માપીએ તો ફક્ત ૨.૫ ટકા જીડીપી છે. અમારા સમયમાં અમે સરકારનાં પૈસા ગરીબોને આપતા હતા, પરંતુ આ સરકાર પોતાના દોસ્તોને આપી રહી છે. રાહુલે કહ્યું કે, કદાચ પીએમે અર્થવ્યવસ્થા નથી ભણી. જો ગરીબોનાં હાથમાં પૈસા નહીં જાય તો તે કંઈ ખરીદશે કઈ રીતે? સરકારે ખેડૂતોને બરબાદ કર્યા, મનરેગાનો ખોખલી કરી, ગબ્બર સિંહ ટેક્સ લાગુ કરી દીધો. પીએમે લોકોનાં ખિસ્સામાંથી પૈસા નીકાળીને પોતાના અમીર દોસ્તોનાં ખિસ્સામાં નાંખ્યા.

મંદીનો માર પહેલા પાનાથી ચાલુ

કેન્દ્ર સરકારને જણાવ્યું હતું કે જવાનોને ચૂકવવા માટે અમારી પાસે પૈસા સિલકમાં નથી. તમે તત્કાળ મદદ મોકલો.

છેલ્લા ચાર મહિનામાં આ બીજીવાર સીમાડા સાચવતા જવાનોના ભથ્થાને અટકાવી દેવામાં આવ્યું હતું એમ પણ આ રિપોર્ટમાં જણાવાયું હતું. ગયા વર્ષના સપ્ટેંબરમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના ત્રણ લાખ જવાનોના દરેકના ૩૬૦૦ના હિસાબે રેશન ભથ્થાને અટકાવી દેવામાં આવ્યું હતું. ગૃહ મંત્ર્યાલયને ત્રણ વાર રિમાઈન્ડર મોકલવામાં આવી હતી કે અમારી પાસે પૂરતું ફંડ નથી, તત્કાળ મદદ મોકલો. ગૃહ ખાતાએ એ વિનંતીની સરિયામ ઉપેક્ષા કરી હતી.

જો કે મિડિયામાં આ વાતનો ઉલ્લેખ થતાં ઓક્ટોબરમાં સરકારે જરૂરી ભથ્થું મોકલ્યું હતું. બોર્ડર સિક્યોરિટી ફોર્સમાં ૯૪,૨૬૧ જવાનો છે. આ જવાનો નેપાળ અને ભુતાન સાથે જોડાયેલી ૨૪૫૬૦ કિલોમીટરની સરહદો સાચવે છે.

પરિપત્રમાં જણાવાયુ છે કે જાન્યુઆરી અને ફેબ્રુઆરીના પગારના બીલો કલીયર કરવા જેટલુ તેની પાસે ફંડ નથી તેથી ભથ્થાઓ અટકાવી દેવામાં આવ્યા છે. જો કે ગૃહ મંત્રાલયના પ્રકવતાનું કહેવુ છે કે ફંડની કોઈ અછત નથી.

કોરોના વાયરસ પહેલા પાનાથી ચાલુ

માહિતગાર થવા ચીન પહોંચ્યા છે. ચીનના વડાપ્રધાન લી કેકિયાંગે વુહાન પહોંચીકોરોના વાયરસ પર કાબુ મેળવવા માટે સ્વાસ્થ્ય અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

કોરોના વાયરસના સંક્રમણની વધતી સંખ્યાને લઈને તંત્રએ ચીનમાં પ્રતિબંધોને વધુ આકરા કરી દીધા છે.ચીન સરકારે પોતાના નાગરિકોને વિદેશ પ્રવાસ ન કરવા આગ્રહ કર્યો છે. અમેરિકી સરકારે પણ પોતાના નાગરિકોને ચીનનો પ્રવાસ ન કરવા માટે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. કોરોના વાયરસના ચીન ઉપરાંત અમેરિકા, હોંગકોંગ, મકાઉ, તાઈવાન અને ભારત બાદ હવે શ્રીલંકામાં પણ સંદિગ્ધ લક્ષણો જોવા મળ્યા છે.

અમેરિકા સહિત દુનિયાના તમામ દેશો આ વાઈરસથી પરેશાન છે. હકીકતમાં ચીનના નાગરિકો નવા વર્ષની ઉજવણી માટે સમગ્ર દુનિયામાં ફરવા નીકળે છે. અંદાજો છે કે આ વર્ષે પણ ચીનના લગભગ ૭૦ લાખ લોકો સમગ્ર દુનિયામાં વેકેશન મનાવવા જશે. આવામાં નવા વાઈરસના ચેપથી જોખમ વધી ગયુ છે. જો કે અમેરિકા, ઈંગ્લેન્ડ, જાપાન અને ભારત સહિત તમામ દેશોએ પોતાના એરપોર્ટ્સને હાઈ એલર્ટમાં રાખીને તપાસ શરૂ કરી છે.

કોરોના વાયરસનો કહેર: રાજકોટ સહિત નવ શહેરનાં ૧૫૦ વિદ્યાર્થી ફસાયા

રાજકોટ

ચીનમાં અનેક લોકોનો ભોગ લેનાર કોરોના વાયરસને લઈને ભારતમાં પણ ડરનો માહોલ ફેલાઈ ગયો છે. ત્યારે ગુજરાતના રાજકોટ વડોદરા સુરત અમદાવાદ જૂનાગઢ સહિત નવ શહેરોના વિદ્યાર્થીઓ ચીનમાં અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે જે પરિવારના બાળકો ચાઇનામાં અભ્યાસ કરી રહ્યા છે તે પરિવારની અંદર પણ હાલ ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

જોકે, પરિવારજનોને પોતાના પુત્ર તેમજ પુત્રી સાથે રોજબરોજ વાતચીત થતાં તેઓએ હાશકારો અનુભવ્યો છે. ત્યારે રાજકોટના એરપોર્ટ રોડ વિસ્તારમાં રહેતા ઘનશ્યામભાઈ પંડ્યાનો પુત્ર છેલ્લા ચાર વર્ષથી ચીનમાં એમબીબીએસનો અભ્યાસ કરી રહ્યો છે.

ઘનશ્યામભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, "મારો પુત્ર ધ્યેય પંડ્યા એમબીબીએસમાં અભ્યાસ કરે છે અને ચાર વર્ષથી ત્યાં છે. અત્યારે વાત થાય છે, આજે સવારે પણ વાત થઈ રોજ રાત્રે વાતચીત થાય છે. મારા દીકરાનું કહેવું છે કે, અત્યારે કંઈ ચિંતા જેવું નથી બિલકુલ બરાબર છે. ત્યાં ગવર્મેન્ટ બરાબર સપોર્ટ કરે છે ત્યાં યુનિવર્સિટી વાળા યુનિવર્સિટીનું જે મેનેજમેન્ટ છે તેને પણ ત્યાં ચાઈનીઝ કેન્ટીન છે, જે ગવર્મેન્ટ માન્ય છે. ત્યાં પ્યુરીફાય કરેલું પાણી જ આપવામાં આવે છે."

વધુમાં તેમણે જણાવ્યું કે, "હાલ અત્યારે ત્યાં શિયાળુ વેકેશન છે. મેનેજમેન્ટ તરફથી પુરો સપોર્ટ છે. તે નાનચાંગ સિટીમાં રહે છે, જે જીયાંક્ષી પ્રોવિંસમાં આવે છે. ત્યાં તે યુનિવર્સિટી ઓફ જયનક્ષી યુનિવર્સીટી ઓફ ટ્રેડિશનલ કોર્ષિશમાં ભણે છે. છેલ્લા ચાર વર્ષથી ત્યાં એમ.બી.બી. એસનો અભ્યાસ કરે છે. જીયાંક્ષી પ્રોવિન્સમાં કુલ ૩૬ કેસ થયા છે. નાનચાંગમાં ત્રણ કેસ થવા પામ્યા છે. મેં એને કીધું છે જો ત્યાં તકલીફ જેવું લાગતું હોય તો અહીં આવી જાય પરંતુ મારા દીકરાનું કહેવું છે કે અમે અહીંયા સુરક્ષીત છીએ."

કેક ખવડાવવાની બાબતે બોલાચાલી થતા મિત્રએ યુવકને છરીનાં ઘા ઝીંક્યા

અમદાવાદ

અમદાવાદ શહેરના રામોલ વિસ્તારમાં કેક ખવડાવવા બાબતે થયેલી બોલાચાલીમાં રિક્ષાચાલકને યુવકે છરી મારી દીધી હતી. રિક્ષાચાલક અન્ય મિત્રો સાથે તેના મિત્રની રાહ જોતા હતા ત્યારે એક બગીચા પાસે કોઈનું બર્થ ડે સેલિબ્રેશન ચાલી રહ્યું હતું. કેક ખવડાવવા જતા કેકનો ટુકડો યુવકના શર્ટ પર પડતા તેણે પોતાની પાસે રહેલી છરી કાઢી મારી દીધી હતી. ઘટનાને પગલે ઈજાગ્રસ્તને સારવાર અર્થે ખસેડાતા રામોલ પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વસ્ત્રાલમાં આવેલા ગંગા એપાર્ટમેન્ટમા રહેતા રાજભાઈ રિક્ષા ડ્રાઈવીંગ કરે છે. સોમવારે રાતે તેમના પતિ રિક્ષા લઈને ઘરે આવ્યા ત્યારે તેમના મિત્ર જગદીશભાઈ તે રિક્ષા લઈને થોડી વારમાં આવશે તેમ કહી નીકળ્યા હતા. પણ ઘણો સમય વિતી ગયો છતાંય તેઓ પરત આવ્યા ન હતા. જેથી રાજભાઈ બહાર ગેટ પાસે તેમના નિખિલ લકુમ સહિત અન્ય ચાર મિત્ર સાથે ઊભાં હતા. બગીચા પાસે કોઈનો જન્મદિવસ હોવાથી તેઓ કેક ખવડાવવા આવ્યા હતા. રાજભાઈ નિખિલને કેક ખવડાવવા ગયા હતા. પણ નિખિલે ના પાડતા કેકનો ટુકડો તેના શર્ટ પર પડ્યો હતો. જેથી નિખિલે બોલાચાલી કરી રાજકુમારને છરી મારી દીધી હતી. તેઓને તાત્કાલિક તેમને સારવાર અર્થે ખસેડ્યા હતા. રામોલ પોલીસે નિખિલ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ચડ્ડી-બનીયનધારી લૂંટારુ ટોળકીનો આતંકઃ વડસર બ્રિજ પાસેની સોસાયટીમાં ત્રાટકી

વડોદરા

વડોદરા શહેરના વડસર બ્રિજ પાસે બીલાબોંગ સ્કૂલની ગલીમાં આવેલી રોયલ ગ્રીન્સ સોસાયટીમાં વહેલી સવારે ચડ્ડી-બનીયનધારી લૂંટારુ ટોળકી ત્રાટકી હતી. લૂંટારૂ ટોળકી કોઈ મકાનને નિશાન બનાવે તે પહેલાં સોસાયટીના રહીશો જાગી જતાં અને પોલીસ આવી જતા લૂંટારૂ ટોળકી ફરાર થઈ ગઈ હતી. સી.સી. ટી.વી.માં કેદ થયેલી લૂંટારૂ ટોળકીને ઝડપી પાડવા માટે પોલીસે તપાસ શરૂ કરી છે.

રોયલ ગ્રીન્સ સોસાયટીમાં વહેલી સવારે ૫ વાગ્યાના સુમારે ચડ્ડી-બનીયન ધારી લુંટારુ ટોળકી ત્રાટકી હતી. જોકે, લૂંટારૂ કોઈ મકાનને નિશાન બનાવે તે પહેલાં વહેલી સવારે ઉઠી ગયેલા લોકોએ લૂંટારૂઓને જોતા જ પોલીસ કંટ્રોલમાં ફોન કરી દીધો હતો. પોલીસ કંટ્રોલમાં સોસાયટી દ્વારા આપવામાં આવેલા મેસેજના આધારે પેટ્રોલીંગમાં ફરતી પી.સી.આર. વાન દોડી ગઈ હતી. પરંતુ, લૂંટારૂ ટોળકી સોસાયટીના લોકોની સતર્કતા અને આવી પહોંચેલી પોલીસને જોઇ લૂંટ ચલાવવાનો ઇરાદો પડતો મુકી ફરાર થઈ ગઈ હતી. પરંતુ, સોસાયટીમાં ત્રાટકેલી લૂંટારુ ટોળકી સી.સી. ટી.વી.માં કેદ થઈ ગઈ હતી. આ બનાવ અંગે માંજલપુર પોલીસ મથકમાં કોઈ ફરિયાદ નોંધાઇ નથી. પરંતુ, પોલીસે સી.સી. ટી.વી. ફૂટેજના આધારે ટોળકીને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ખેડૂતોને દિવસે વીજળી આપવા સરકારની વિચારણા : સૌરભ પટેલ

ગાંધીનગર

ઉર્જામંત્રી સૌરભ પટેલની પત્રકાર પરિષદ કરીને ખેડૂતો માટે મોટી જાહેરાત કરી હતી. ખેડૂતોને રાતે જ વીજળી મળતી હોવાને કારણે, રાતે જ ખેતરોમાં પિયતની વ્યવસ્થા થઈ શકે છે જેને પરિણામે ખેડૂતોએ રાતના ઉજાગરા કરવા પડે છે આ અંગે ખેડૂતો વારંવાર સરકાર સામે દિવસે પણ વીજળી આપવા બાબતે રજૂઆત કરી ચુક્યા છે ત્યારે સરકારે પણ આ મુદ્દાને ગંભીર રીતે લઈને ખેડૂતોને દિવસે પણ વીજળી આપવાનું વિચારીને એ દિશામાં કદમો ઉઠાવ્યા છે.

શિયાળાની કડકડતી રાતમાં પણ ખેડૂતોએ પિયત કરવા ખેતરે જવું પડતું હોય છે તો વળી કેટલાક ગામોની સીમમાં રાની પશુઓનો ડર હોવા છતાં ખેડૂતોએ રાતે ફરજિયાત ખેતરે પિયત કરવા પહોંચવું પડે છે પણ સરકાર જો દિવસે વીજળી આપશે તો ખેડૂતોને ખુબ રાહત થઈ જશે.

ઉર્જામંત્રી સૌરભ પટેલની પત્રકાર પરિષદ કરીને ખેડૂતો માટે મહત્વની જાહેરાત કરી છે. ખેડૂતોને દિવસે વીજળી આપવા મુદ્દે સૌરભ પટેલનું નિવેદન કર્યુ હતું કે ખેડૂતોને દિવસે વીજળી આપવા સરકાર વિચારણા કરી રહી છે. અને દિવસે વીજળી આપવી હોય તો ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભા કરવા પડી શકે છે. તેમજ નવા વીજ સ્ટેશન અને સબ સ્ટેશન ઉભા કરવા પડે અને નવી વીજલાઈન નાખવી પડી શકે છે.

ખેડૂતો કરારિત વીજભાર કરતા વધારાના વીજભારને નિયમિત કરી શકશે. હોર્સ પાવર આધારિત ખેડૂતોને લાભ થશે. વીજ લોડની ચકાસણી થતી હતી ત્યારે વીજ લોર્ડ વધારે આવતો હતો. વીજ લોડ વધારે આવતા ખેડૂતોને પેનલ્ટી ભરવી પડતી હતી. ચેકિંગ દરમિયાન તાત્કાલિક પુરવણી બીલ આપવામાં નહી આવે.

સાબરમતી જેલમાં મોબાઈલ મળવાનો સિલસિલો યથાવતઃ ૪ ફોન અને ચાર્જર મળ્યાં

અમદાવાદ

અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી અનેક વખત મોબાઈલ મળી આવ્યા છે. પરંતુ કુખ્યાત ખંડણીખોર વિશાલ ગોસ્વામીની બેરેકમાંથી પણ મોબાઈલ ફોન મળ્યા બાદ મામલો ગરમાયો છે. જે બાદ સતત જેલમાં સર્ચ કરવામાં આવે છે. જે દરમિયાન વધુ ૪ મોબાઈલ ફોન અને ચાર્જર મળી આવ્યાં છે.

સાબરમતી સેન્ટ્રલ જેલમાં ઝડતી સ્કવોડ દ્વારા તપાસ દરમિયાન નવી જેલની બેરેક નંબર-૭માંથી પાણી કાઢવાના બાકોરા પાસેથી એક મોબાઈલ ફોન મળી આવ્યો છે. જ્યારે નવી જેલ સર્કલ યાર્ડમાં એક ખાડામાંથી તથા મંદિર ઉપરથી ત્રણ ફોન અને ચાર્જ મળી આવ્યાં છે. આમ ઝડતી સ્કવોડને ૪ મોબાઈલ અને ૧ ચાર્જર મળી આવ્યું છે. આ મામલે રાણીપ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.

હેલમેટ ફરજિયાત કે મરજિયાત..?!! સીએમ અને મંત્રી ફળદુએ મૌન સેવ્યું

ગાંધીનગર

રાજ્યના મહાનગરોમાં હેલ્મેટ મરજિયાત મામલે રાજ્યના સીએમ રૂપાણીએ નિવેદન આપવાનું ટાળ્યું છે. તેમણે ગાંધીનગરમાં આયોજિત એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, આ મામલે કંઈપણ કહેવું યોગ્ય નથી. કેમ કે, સમગ્ર મામલો હાલ કોર્ટમાં છે. આ મામલે વકીલ કોર્ટમાં જવાબ આપશે. સીએમ રૂપાણીએ આ પ્રકારનું નિવેદન એવા સમયે આપ્યું જ્યારે હાઈકોર્ટમાં થયેલી સુનાવણીમાં સરકાર તરફથી જવાબ આપવામાં આવ્યો કે હેલમેટ પહેરવાનું મરજીયાત કરાયું નથી. હાઈકોર્ટે આગામી મુદતે સરકરે હેલમેટ મુદ્દે ક્લિયર સ્પષ્તા કરવા આદેશ કર્યો છે. હેલ્મેટ ફરજીયાત કરવા ગુજરાત હાઈકોર્ટેમાં થયેલી અરજી મામલે હાઈકોર્ટે સરકારને જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. ત્યારે આગામી સમયમાં સરકાર હાઈકોર્ટમાં એફિડેવિટ રજૂ કરશે અને આ મામલે ટ્રાન્સપોર્ટ સચિવ હાઈકોર્ટમાં જવાબ રજૂ કરશે.

રાજ્યમાં હેલ્મેટ ફરજીયાત મામલે કેબિનેટ મંત્રી આર સી ફળદુએ પણ મૌન સેવ્યું છે. તેઓએ આ મામલે કોઈ પણ કોમેન્ટ કરવાની સ્પષ્ટ ના કહી દીધી છે. આર સી ફળદુએ જણાવ્યું કે હેલ્મેટનો મુદ્દો હાલ હાઈકોર્ટમાં છે તેથી જે નિર્ણય હાઈકોર્ટ લેશે તે પ્રમાણે રાજ્ય સરકાર આગળ વધશે. બાકી જ્યાં સુધી આ મુદ્દો કોર્ટમાં છે ત્યાં સુધી હું વધારાની કોઈ કોમેન્ટ નહીં કરી શકું.

રાજવી ઠાઠ સાથે ૩૦ વિન્ટેજ કાર, ૧૫ ઘોડા, હાથી સાથે નગરયાત્રા નીકળી, માંધાતાસિંહ ચાંદીની બગીમાં સવાર થયા

રાજતિલક સમારોહઃ ૨૧૨૬ દીકરીઓનાં તલવાર રાસને ગિનિસ બુકમાં સ્થાન મળ્યું

રાજકોટ

રાજકોટના રાજવી પરિવારના આંગણે જ નહીં પરંતુ સમગ્ર રાજકોટવાસીઓ માટે રૂડો પ્રસંગ આવ્યો છે. ૧૭માં ઠાકોર સાહેબ તરીકે માંધાતાસિંહ જાડેજાની રાજતિલક વિધિ સમારોહનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે રાજકોટ નહીં ગુજરાત માટે ગૌરવની વાત કહી શકાય તેવો વિશ્વ વિક્રમ યોજાયો છે. રાજતિલક સમારોહમાં ક્ષત્રિય સમાજની ૨૧૨૬ દીકરાઓએ પરંપરાગત પોષાકમાં કાલાવડ રોડ પર આવેલા ડ્રાઈવિન સિનેમાના ગ્રાઉન્ડમાં તલવાર રાસ લીધો હતો. આ તમામ દીકરીઓએ ૯ મિનિટ અને ૪૯ સેકન્ડ સુધી સતત તલવાર રાસ લઈ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના શહેરો અને ગ્રામ્ય વિસ્તારના રાજપુત સમાજની ૨૫૦૦થી વધુ દીકરીઓ તલવાર રાસની પ્રેક્ટિસ કરી રહી હતી. તલવાર રાસથી નારી શક્તિના દર્શન જોવા મળ્યા હતા. પરંપરાગત પોષાકમાં રાજપુત સમાજના લોકો જોવા મળ્યા હતા. તલવાર રાસમાં રાજપુત સમાજની યુવતીઓ અને મહિલાઓ પણ સામેલ થઈ હતી. તલવાર રાસ નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

તલવાર રાસ યોજાયો ત્યારે રાજકોટના ૧૭માં ઠાકોર સાહેબ બનનાર છે તે માંધાતાસિંહ જાડેજા, તેમના દીકરા જયદીપસિંહ જાડેજા, યુવરાણી કાદમ્બરીદેવી સહિત સૌરાષ્ટ્રના રાજવી પરિવારો હાજર રહી તલવાર રાસને નીહાળ્યો હતો. રાજવી ઠાઠ સાથે ૩૦ વિન્ટેજ કાર, ૧૫ ઘોડા, હાથી, સાથે નગરયાત્રા નીકળી, માંધાતાસિંહ ચાંદીની બગીમાં સવાર થયા. લંડનથી ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમ આવી છે. તલવાર રાસ બાદ ટીમે તલવાર રાસના વર્લ્ડ રેકોર્ડનું સર્ટિફિકેટ માંધાતાસિંહને અર્પણ કર્યું હતું.

શાળાની દીવાલ પર અસામાજિક તત્વોએ 'મોદી-શાહ ગો બેક' લખ્યું

વડોદરા

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારના ગદાપુરામાં આવેલી ડી.આર અમિન સ્કૂલની દીવાલ પર કેટલાક અસામાજીક તત્વોએ કાળા રંગના સ્પ્રેથી નરેન્દ્ર મોદી અને અમિત શાહ વિરૂદ્ધ લખાણ લખ્યું છે. જેમાં લખ્યુ છે કે, મોદી-શાહ ગો બેક અને અમે લોકો મોદીની પ્રધાનમંત્રી તરીકેની નિંદા કરીયે છીએ. જોકે વહેલી સવારે વિસ્તારમાં રહેતા રહીશોના ધ્યાને આ લખાણ નજરે ચઢતા ગોત્રી પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસે લખાણ હટાવીને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

દેશભરમાં સીએએ, એનઆરસી અને એનપીઆરનો વિરોધ પ્રદર્શન યોજાઈ રહ્યા છે, ત્યારે થોડા દિવસો પહેલો વડોદરામાં પણ તેના પડઘા પડ્યા હતા. અને ફાઇન આર્ટસ ફેકલ્ટીના ચારથી ૫ વિદ્યાર્થીઓએ પોલીસ કમિશનર કચેરી સહિત યુનિવર્સિટીની દીવાલો પર સરકાર વિરોધી અને સીએએ અને એનઆરસી કાયદાના વિરૂદ્ધ સૂત્રો લખીને તેમજ ભાજપ અને સ્વાસ્તિકના ચિન્હની ગ્રેફિટી બનાવીને વડોદરા શહેરની શાંતિ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ફરી એક વખત શહેરની શાંતિ ભંગ કરવાનો કેટલાક અસામાજીક તત્વો દ્વારા પ્રયાસ કર્યો છે. આ વખતે ડી.આર અમીન સ્કૂલ પર ગ્રેફિટી બનાવનાર તત્વોએ પેટર્ન બદલી માત્ર મોદી અને શાહને ટાર્ગેટ કર્યા હોવાનુ જોવા મળી રહ્યું છે.

આઈટી વિભાગનું સર્ચ ઓપરેશનઃ અમદાવાદમાં બિલ્ડર્સ-ફર્નિચર કંપની પર દરોડાથી ફફડાટ

અમદાવાદ

અમદાવાદમાં બે ડઝન જેટલા ઠેકાણે આઈટી વિભાગે દરોડાની કાર્યવાહી હાથ ધરી છે. શહેરની જાણીતી ફર્નિચરની કંપની અને બિલ્ડર ગ્રૂપ પર ઈક્વમટેક્ષ વિભાગનું સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ દરોડાને પગલે અમદાવાદની બિલ્ડર લાંબીમાં સવારથી જ દોડાદોડી છે. આઈટીએ જ્યાં દરોડા પાડ્યા છે. એ અમદાવાદના ટોપ મોસ્ટ બિલ્ડર ગણાય છે. અમદાવાદની મોટી જમીનોના સોદામાં અગ્રણી એવા બિલ્ડરો પર દરોડા પણ એક જમીનના સોદા સંદર્ભ પડ્યાં છે.

જોકે, આ અંગેની વિગતો બહાર આવી નથી પણ અમદાવાદામાં જમીનના સોદામાં મોટાપાયે નાણાંની ઉથલપાથલ થઈ હોવાની આઈટી વિભાગને શંકા છે. આવકવેરા વિભાગની ટીમો દ્વારા ૨૦થી વધુ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હોવાના અહેવાલ છે. ૫૦થી વધુ અધિકારીઓ દ્વારા મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે અને મોટા મોટા બિલ્ડરોના ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે.

શહેરના સિંધુભવન રોડ પર આવેલી ફર્નિચરની કંપનીમાં આઈટી વિભાગે દરોડા પાડ્યા છે. અધિકારીઓની ટિમ હાલ હાઉસ ઓફ ફર્નિચર નામની કંપનીમાં તપાસ હાથ ધરી રહી છે. આઈટી વિભાગે મોટાપાયે કાર્યવાહી કરી હોવાથી આ દરોડામાં મોટા માથાઓના નામ ખૂલે તેવી પૂરી સંભાવના છે.

આ ઉપરાંત જાણીતા બિલ્ડરને ત્યાં પણ દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. આઈટી વિભાગે અજય શ્રીધર, રાજુ પટેલ, દિનેશ જૈનને ત્યાં તપાસ શરૂ કરી છે. તમે અમેરિકાના વ્હાઈટ હાઉસ કે યુકેના બંકિંગહામ પેલેસના વખાણ સાંભળ્યા હશે, પણ આવો જ એક મહેલ અમદાવાદમાં છે. વાત છે એસ પી રિંગ રોડ પર શિલજ સર્કલ પાસે આવેલા 'શ્રીધર આલાયમ' બંગલાની. આ ભવ્ય મહેલ અમદાવાદના વૈભવને ઉજાગર કરે છે. ચાઈના અને ઈટલીનું ફર્નિચર, મુંબઈના વોરા ફેમિલીનું ગ્લાસવર્ક, ઘાનાનાં વૂડ આ બંગલાની ખાસિયત છે. આ શ્રીધર આલાયમ ધરાવતા અજય શ્રીધર પણ આઈટી ડિપાર્ટમેન્ટના સકંજામાં આવ્યા છે.

આ ઉપરાંત મારૂતિ ગ્રુપના શરદ પટેલને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી છે. જમીનનાં એક મોટા સોદા અંગે આઈટી વિભાગે તપાસ શરૂ કરી છે. આઈટીના દરોડાના પગલે અમદાવાદના બિલ્ડરોમાં પણ ફફડાટ વ્યાપો છે. જોકે, કયા જમીન સોદામાં આ તપાસ ચાલી રહી છે. તેની વિગતો બહાર આવી નથી. આઈટી ડિપાર્ટમેન્ટે પણ આ બાબતે ચૂપકીદી સાધી છે. અમદાવાદમાં મોટાપાયે મંદીમાં પણ જમીનના સોદા થઈ રહ્યાં છે. હાલમાં આઈટી વિભાગની તપાસ બાદ જ આ અંગેની વધુ વિગતો બહાર આવશે.

પૂર્વ મહિલા ક્રિકેટર સંસાર છોડીને સંયમના માર્ગે, આજે દીક્ષા ગ્રહણ કરશે

અમદાવાદ

અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે દીક્ષા સમારોહનુ આયોજન કરવામાં આવ્યુ છે. ૩૦ જાન્યુઆરીના રોજ ૨૨ મુમુક્ષુકો દીક્ષા ગ્રહણ કરશે. જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. બુધવારે વર્ષીદાન યાત્રા પણ નિકળશે. ૨૨ મુમુક્ષુકો દીક્ષા લેવાના છે. જેમાં મુંબઈના કલ્યાણમા રહેતી અને પૂર્વ મહિલા ક્રિકેટર ઉષ્મા મંડલેચાનો સમાવેશ થાય છે. ઉષા સંસારની મોહમાયા છોડીને દીક્ષા ગ્રહણ કરશે. પૂર્વ મહિલા ક્રિકેટર ઉષ્મા મંડલેચાએ ક્રિકેટમાંથી નિવૃતિ લઈ લીધી છે હવે સંસારને પણ છોડી દેશે.

પૂર્વ મહિલા ક્રિકેટર ઉષ્મા મંડલેચાએ ઈગ્લેન્ડ,પાકિસ્તાન ઓસ્ટ્રેલિયા,સાઉથ આફ્રિકા ન્યુઝીલેન્ડ,બાંગ્લાદેશ, ફિનલેન્ડ સહિતના ૮ દેશો સામે મેચ રમી છે. અંડર-૧૯ ટીમમાંથી રમતા પૂણે નેહરુ સ્ટેડિયમમાં ઈગ્લેન્ડ સામે હેટ્રીક વિકેટ ઝડપી હતી. આફ્રિકા સામે પણ હેટ્રીક વિકેટ ઝડપી હતી. ઉષ્મા મંડલેચાએ જણાવ્યું હતું કે બીએમસીસી કોલેજમાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમા ગ્રેજ્યુએટ કર્યુ હતું. ઈન્ટર કોલેજ, ડીસ્ટ્રીકટ લેવલ તેમજ મહારાષ્ટ્ર અને વેસ્ટ ઝોનની મહિલા ક્રિકેટ ટીમમા પેસર તરીકે રમતી હતી. ૮ દેશ સામે ક્રિકેટ મેચ રમી છુ પરંતુ અત્યારે જીવનમા નવો વંળાક આવ્યો છે. સંસાર છોડવાનુ પસંદ કર્યુ છે. કારણ કે જ્યારે ઉપાશ્રયમાં સાધ્વીજી ભગવંતના આશીર્વાદ લેવા માટે જતી ત્યારે શાંતિનો અહેસાસ થતો હતો. જે અલગ અનુભવ હતો. ૨૨ વર્ષની હતી ત્યારથી દીક્ષાભાવ થયો છે. સાધ્વીજી ભગવંતોના આનંદનો અનુભવ કર્યો અને જેના કારણે હું પણ એ માર્ગ ઉપર ચાલી નિકળી છું.

આરોપીઓને ખાનગી વાહનમાં કોર્ટ લાવનાર પીએસઆઈ અને ૩ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરાયા

રાજકોટ

સોમવારે લૂંટના ૪ આરોપીઓને પોતાની પ્રાઈવેટ કારમાં લઈને પીએસઆઈ બી.બી. રાણા અને ત્રણ કોન્સ્ટેબલ ભુપેન્દ્ર વાઘેલા, મયુરસિંહ પરમાર અને યશપાલસિંહ ઝાલા સેસન્સ કોર્ટ લઈ આવતા હતા. ત્યારે કોર્ટ કમ્પાઉન્ડમાં જ સામેથી આવતી વકીલ તુષાક ગોકાણીની કાર સાથે અથડાઈ હતી. આથી વકીલ અને પોલીસ વચ્ચે માથાકૂટ થઈ હતી. પોલીસે આરોપીએ સુવિધા આપવા નંબર પ્લેટ વગરની પોતાની પ્રાઈવેટ કારનો ઉપયોગ કર્યો હોય ડીસીપી મનોહરસિંહ જાડેજાએ કાર ડિટેઈન કરી હતી. આજે પોલીસ કમિશનરે પીએસઆઈ રાણા અને ત્રણેય કોન્સ્ટેબલને સસ્પેન્ડ કર્યા છે. માલવિયા નગર પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ બી. બી. રાણા અને તેની સાથે ભક્તિનગર પોલીસ સ્ટેશનના ૩ કોન્સ્ટેબલ ભૂપેન્દ્ર જે. વાઘેલા, મયુરસિંહ વી. પરમાર અને યશપલસિંહ પી. ઝાલાએ કેદી પાર્ટીમાં જેલથી આરોપીઓને સરકારી ફાળવેલ વાહનની બદલે પોતાના ખાનગી વાહનમાં કોર્ટમાં લઈ આવી પોતાની ફરજમાં ગંભીર બેદરકારી જણાઈ આવતા પોલીસ કમશનર દ્વારા ઉપરોક્ત તમામ ચારેયને ફરજ મુક્ત કર્યા છે.

ઉના અને દીવના વાતાવરણમાં પલટો, છાંટા પડતા જગતનો તાત મુશ્કેલીમાં મુકાયો

ઉના

સૌરાષ્ટ્રમાં બે દિવસ હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. ત્યારે મંગળવારે સૌરાષ્ટ્રના વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. વહેલી સવારે ગાઢ ધુમ્મસનું આવરણ છવાયું હતું. તો બીજી તરફ ગીરસોમનાથ જિલ્લામાં અને દીવમાં વહેલી સવારે આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલું જોવા મળ્યું હતું. ઉના અને દીવ પંથકમાં કમોસમી વરસાદના છાંટા વરસતા જગતનો તાત મુશ્કેલીમાં મુકાયો છે. સૌરાષ્ટ્રભરમાં જીરાનું વાવેતર વધારે પ્રમાણમાં થયું છે. જીરૂનો પાક સારો હોય વરસાદ પડે તો નુકસાન જવાની ભીતિ સેવાઇ રહી છે. સાથોસાથ ઘઉં અને ચણાના પાકને પણ નુકસાન જવાની ભીતિ સેવાઇ રહી છે. ખેડૂતોના મોઢા આવેલો કોળિયો છિનવાઇ રહ્યો હોય તેમ ચિંતિત બન્યા છે. આ ઉપરાંત ગીર પંથકમાં આંબામાં મોર આવ્યો છે તેને પણ નુકસાન પહોંચવાની શક્યતા છે.

તારા આગમનથી નવીન ઉર્જા મળી ને એવો પ્રભાવ પડ્યો કે હું પ્રેમમાં પડી ગયો



"પ્રેમની વસંત બારેમાસ"

નીલકંઠ વાસુકિયા
મો.નંબર-9824856247
WRITER THINKER COLUMNIST

'દુનિયામાં પ્રેમ જેવું કાંઈ છે જ નહીં. અત્યારે તો મોટાભાગના લોકો પ્રેમના નામે રમત જ રમી રહ્યા છે. એકબીજાની જરૂરિયાતો સંતોષવા માટે બનાવટી સંબંધો સ્થપાઈ રહ્યા છે અને તેને પ્રેમનું નામ આપવામાં આવી રહ્યું છે. ત્યાગ સમર્પણ વગરના સંબંધને હું ક્યારેય પણ પ્રેમ તરીકે માનતો જ નથી. કોઈના પ્રભાવમાં આવીને પ્રેમ ન કરવાનો હોય. આમ તો પ્રેમ કરવાનો જ ન હોય. પરંતુ આજકાલ અનેક લોકો પ્રેમ કરવાની પ્રેરણા મેળવીને દેખાદેખીમાં પ્રેમ કરી રહ્યા હોવાનો ખોટો દેખાવ કરી રહ્યા છે. પ્રેમ એ બે વ્યક્તિઓ એટલે કે બે આત્માઓ વચ્ચેની અંગત બાબત છે. તેને ક્યારે પણ જગજાહેર ન કરવી જોઈએ. પ્રેમની પૂર્વ શરત પવિત્રતા હોવી જોઈએ. અત્યારે તો કોઈને પ્રેમ નથી કર્યો પરંતુ ભવિષ્યમાં ક્યારેય પણ કોઈ યુવતીને પ્રેમ નહીં જ કરું એવું પણ હું નથી કહી રહ્યો. પ્રેમમાં બે હાથે જ તાળી પડે. પ્રેમ કરવો તે કોઈ ગુનો નથી પરંતુ તેના માટે પણ યોગ્ય પાત્રની પસંદગી હોવી જોઈએ.' આ શબ્દો છે દર્શનના. દર્શન તેના મિત્ર નિલયને પ્રેમની પરિભાષા સમજાવી રહ્યો છે. દર્શને પોતે કોઈને પ્રેમ નથી કર્યો પરંતુ પ્રેમ વિશેની વાતો કરવાની અને બીજાને ઉપદેશ આપવો દર્શનને ખૂબ ગમે છે.

દર્શન પાસે તેનો મિત્ર નિલય પ્રેમની ટીપ્સ લેવા માટે આવ્યો છે ત્યારે દર્શન કહે છે કે હું કોઈ લવગુરુ નથી કે તને પ્રેમની ટીપ્સ આપી શકું. પ્રેમ કરવાનો ન હોય દોસ્ત પ્રેમ તો થઈ જાય. નિલય દર્શન ને પૂછે છે કે તે ક્યારેય કોઈને પ્રેમ કર્યો છે ત્યારે દર્શન કહે છે કે આજ સુધી એવી કોઈ યુવતી મને મળી જ નથી કે જેના પ્રભાવમાં આવીને મને પ્રેમ થઈ જાય. કેટલીક યુવતીઓ મારા પર પ્રભાવ પાડવાનો પ્રયત્ન કરે છે પરંતુ મારો સ્વભાવ જોઈને તેઓ મારાથી દૂર ચાલી જાય છે. અરે યાર દર્શન તું પણ તારો સ્વભાવ બદલ તો જ તારા પર કોઈનો પ્રભાવ પડશે તેમ નિલયે કહ્યું. આવી પ્રેમની વાતો કરતા કરતા દર્શન અને નિલય નજીકમાં આવેલા બગીચામાં પહોંચે છે. બગીચામાં પ્રવેશતાની સાથે જ એક દૃશ્ય જોઈને બંને સ્તબ્ધ થઈ જાય છે અને એક નજરે બગીચામાં બની રહેલ ઘટનાક્રમ નિહાળી રહ્યા છે. એક યુવકની પાછળ યુવતી દોડી રહી છે અને રડતા રડતા કહી રહી છે કે, 'આમ તું મને તરછોડી ને ન ચાલ્યો જઈશ. મેં તને સાચા મનથી પ્રેમ કર્યો છે અને પ્રેમનું આવું ગંભીર પરિણામ આવશે તેવી મને કાંઈ ખબર ન હતી. તે મારા પ્રેમને મજાક બનાવી દીધી છે.' આ સમયે તેની સાથે રહેલી અન્ય યુવતી નીલમ તેને હિંમત આપી રહી છે અને કહે છે કે 'ઘણી વખત પ્રેમમાં પણ આપત્તિઓ આવતી હોય છે. તેનાથી ડરવાનું ન હોય પરંતુ મક્કમતાથી તેનો સામનો કરવાનો હોય. પ્રેમમાં એક વખતના વિશ્વાસઘાતથી આમ તૂટી ન જવાનું હોય. તે યોગ્ય પાત્રની પસંદગી નહીં કરી હોય એટલા માટે તારે પ્રેમમાં આવા દિવસો જોવાનો વારો આવ્યો હોય તે મને લાગી રહ્યું છે.' નીલમની વાતથી તેની સહેલી શાંત થાય છે અને પોતાની ભૂલનો સ્વીકાર કરે છે. તે યુવતી નીલમને કહે છે કે મેં ફક્ત રૂપ જોઈને તેને પ્રેમ કર્યો હતો અને આજે તેના ગુણ જોઈને તેને નફરત કરી રહી છું. આ સાંભળીને નિલમે કહ્યું કે જે પણ થયું છે તેને ભૂલી જા



પ્રતિકાત્મક તસવીર

અને ભવિષ્યમાં આવી ભૂલ ન કરતી. યોગ્ય પાત્ર મળે તો જ તેને પ્રેમ કરજે બાકી આવા છદ્મવેશી લોકોને પ્રેમ કરવાનું ટાળજે. બગીચામાં થોડે દૂર ઊભા રહેલા દર્શન અનેક નિલય નીલમની વાતથી ખૂબ જ પ્રભાવિત થાય છે. એક પણ ક્ષણનો વિલંબ કર્યા વગર દર્શન નિલમની પાસે પહોંચી જાય છે અને કહે છે કે આજે તમે ફક્ત તમારી સહેલીને જ નહીં પરંતુ મને પણ પ્રેમનું સાચું જ્ઞાન આપ્યું છે. આ સાંભળીને નીલમ કહે છે કે તમે કોણ છો? હું તમને ઓળખતી નથી અને વાત રહી જ્ઞાન આપવાની તો હું કોઈને પ્રેમનું જ્ઞાન નથી આપી રહી પરંતુ પ્રેમની વાસ્તવિકતા મારી સહેલીને સમજાવી રહી હતી. દર્શનને કહ્યું કે હું પણ તમારા જેવો જ છું હું મારા મિત્ર નિલયને પ્રેમની પરિભાષા સમજાવી રહ્યો હતો અને અમે અહીયા આવી ગયા. પછી તો દર્શન અને નીલમ વચ્ચે પ્રેમ વિશે લાંબો વાર્તાલાપ ચાલે છે. સાંજ પડતા દર્શન અને નીલમ છૂટા પડે છે પરંતુ ફરીથી આવી રીતે જ બગીચામાં ખુલ્લા આકાશ નીચે મળવાનું નક્કી કરે છે. ઘરે પહોંચ્યા પછી પથારીમાં દર્શનને નીલમના પ્રેમ વિશેના શબ્દો સતત યાદ આવી રહ્યા છે. બીજાને પ્રેમનો ઉપદેશ આપતો દર્શન આજે નીલમના પ્રભાવમાં આવી ગયો હોય તેમ લાગી રહ્યું છે. સાચા પ્રેમની સતત શોધમાં રહેલો દર્શન નીલમને તેના માટે યોગ્ય યુવતી માની રહ્યો છે પરંતુ દર્શન નીલમ તેને પ્રેમ કરશે કે નહીં તે જાણતો નથી. તો બીજી બાજુ નીલમને પણ દર્શનમાં પ્રેમના દર્શન થઈ રહ્યા છે. નીલમના મનમાં પણ દર્શન વસી જાય છે અને ફરીથી દર્શનને મળવા માટે નીલમ ઉત્સુક છે. અગાઉ નક્કી થયા પ્રમાણે નીલમ બગીચામાં આવે છે અને દર્શનની રાહ જુએ છે. થોડીવારમાં દર્શનના દર્શન થતાની સાથે જ નીલમ ખુબ જ ખુશ થઈ જાય છે. નીલમના ચહેરા પરની ખુશી જોઈને દર્શનની ખુશી પણ બેવડાઈ જાય છે. પરંતુ નીલમ અને દર્શન બંને પ્રેમનો એકરાર કરવા માટે ખોટી ઉતાવળ કરતાં નથી અને એકબીજાની સાથે થોડો વધુ સમય પસાર કરવાનું વિચારે છે. પછી તો નીલમ અને દર્શન એકબીજા સાથે સમય મળ્યે મોબાઈલ પર વાતચીત કરવા લાગે છે. નવરાશના સમયે બંને સાથે હોટલમાં ભોજન કરવા માટે જાય છે અને ક્યારેક-ક્યારેક થિયેટરમાં ફિલ્મ જોવા માટે પણ ઉપડી જાય છે. વહેલી સવારે ગાર્ડનમાં આવી ને હળવી કસરત કરવાના બહાને પણ મળવા આવી જાય છે અને સાંજ પડે ત્યારે મંદિરની આરતીમાં પણ સાથે જોવા મળી રહ્યા છે. ખાસ કરીને દર્શન નીલમ સાથે મહત્તમ સમય પસાર કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે તો બીજી બાજુ નીલમ પણ દર્શનના મનની તમામ ઈચ્છાઓ પરિપૂર્ણ કરવા માટે તૈયાર રહે છે. આમ તો કોઈના પણ પ્રભાવમાં ન આવનારો દર્શન આજે નિલમના પ્રભાવમાં આવી ગયો છે અને નિલમને પ્રેમ કરવા લાગ્યો છે. દર્શન નિલમને કહે છે કે, "તારા આગમનથી નવીન ઉર્જા મળી ને એવો પ્રભાવ પડ્યો કે હું પ્રેમમાં પડી ગયો" આ સાંભળીને નિલમ કહે છે કે, "તારો સ્વભાવ એવો છો કે મારા પર પણ તારો પ્રભાવ પડી ગયો ને સાથે મને પ્રેમમાં પાડી ગયો" પ્રેમનો એકરાર કર્યા પછી દર્શન અને નિલય એકબીજાથી વધુ નજીક આવે છે. દર્શન અને નિલમ બન્નેએ પ્રેમની પવિત્રતા જાળવી રાખી છે અને વર્ષો સુધી એ જ બગીચામાં ખુલ્લા આકાશ નીચે પ્રેમથી મળીને વાતચીત કરી રહ્યા છે. પરંતુ સમયજતા પારીવારીક સંજોગો એવા ઉભા થાય છે કે દર્શન અને નિલમના લગ્ન નથી થઈ શકતા તેમ છતાં પણ બન્ને વચ્ચેના પવિત્ર પ્રેમમાં કોઈ ઓટ આવતી નથી.

ABVP-NSUIના વિદ્યાર્થી નેતાઓની મારામારીને પગલે ચૂંટણી કર્મીઓના સામૂહિક રાજીનામા

અમદાવાદ

વિદ્યાર્થી નેતાઓની ધાક ધમકીઓ અને મારામારીને પગલે ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારીઓ સહિત ૧૫ જેટલા કર્મચારીઓએ ચૂંટણી કામગીરીમાંથી એકસામટા રાજીનામા ધરી દીધા છે. જેને લઈને ચૂંટણીના વિવાદ વધુ વકર્યો છે. બીજી બાજુ વિદ્યાર્થી નેતાઓના ગંદા રાજકારણમાં કર્મચારીઓ અને અધિકારીઓનો ભોગ લેવાય છે તેમજ નિર્દોષ વિદ્યાર્થીઓનો પ્રતિનિધિત્વનો હક પણ છીનવાઈ રહ્યો છે.

વિદ્યાર્થી સેનેટ અને વેલફેરની ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત શુક્રવાર બાદ શનિવારે પણ એબીવીપી અને એનએસયુઆઈના વિદ્યાર્થી નેતાઓ વચ્ચે ઝપાઝપીની મોટી ઘટના બની હતી. મતદાર નામો મુદ્દે એબીવીપીએ એનએસયુઆઈ સામે અને એનએસયુઆઈ એબીવીપી સામે આક્ષેપો કરતા ભારે હંગામો થયો હતો. દરમિયાન બે કોલેજના મતદાર નામો ગેરકાયદે અને મેરિટવગરના હોવા સાથે અને એક કોલેજના મતદાર નામો સમય બાદ જમા થયા હોવાના વિવાદને લઈને મોટો હોબાળો થયો હતો. દરમિયાન વિદ્યાર્થી નેતાઓ કર્મચારીઓ, અધિકારી સહિત ભાજપ જ સીનિયર સીન્ડીકેટ મેમ્બર સાથે પણ અસભ્ય વર્તન કરી ધક્કે ચડાવ્યા હતા. આ વિવાદ વચ્ચે આજે સેનેટ અને વેલ્ફેર ચૂંટણી માટે નિમવામા આવેલા તમામ અધિકારી-કર્મચારીઓએ રાજીનામા આપી દીધા છે.

સેનેટ અને વેલ્ફેરના બંને ચૂંટણી અધિકારીઓ ઉપરાંત કર્મચારીઓ સહિત ૧૫ જણાએ ચૂંટણી કામગીરીમાંથી સામુહીક રાજીનામા આપી દીધા છે. ચૂંટણી કામગીરી કરતા આસિ.રજિસ્ટ્રાર કક્ષાના અધિકારીએ લેખિત ફરિયાદ ઉપકુલપતિ અને રજિસ્ટ્રારને આપી જણાવ્યુ હતું કે તેઓને વિદ્યાર્થી નેતાઓ ખૂબ જ અપશબ્દો બોલ્યા હતા અને ગાળાગાળી કરવા ઉપરાંત તેઓને ધાક ધમકી આપી ટપલીઓ પણ મારી હતી.આમ વિદ્યાર્થી નેતાઓની ગુંડાગીરી અને મારામારીની ઘટનાઓ આ વર્ષે પણ જોવા મળી છે ત્યારે હવે ચૂંટણી કામગીરી કોઈ નહી સ્વીકારે અને વધુ એકવાર ચૂંટણી પડતી મુકાશે.

કોરોના વાઈરસના દર્દીઓ માટે હોસ્પિટલમાં ખાસ આઈસોલેશન વોર્ડ ઉભો કરાયો

વડોદરા

ચીનમાં કોરોના વાઈરસને પગલે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી ગયો છે. ત્યારે ગુજરાત રાજ્યના વડોદરા શહેરની સૌથી મોટી સયાજી હોસ્પિટલમાં તકેદારીના ભાગરૂપે કોરોના વાઈરસ અંગે દર્દીઓ માટે ખાસ આઈસોલેશન વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે. કોરોના વાઈરસને કારણે ચીનનું વુહાન સિટી લોકડાઉન કરી દેવાયું છે. જેમાં અભ્યાસ અર્થે ગયેલા વડોદરાના સહિત ૨૦થી વધુ ગુજરાતી વિદ્યાર્થીઓચીનના વુહાન સિટીમાં ફસાયા છે. હાલ કોરોના વાઈરસને કારણે તંત્ર એક્શનમાં આવ્યું છે. ત્યારે ગુજરાત સરકારના આદેશ બાદ ડબ્લ્યુએચઓની ગાઈડ લાઈન પ્રમાણે જિલ્લાના તમામ ડોક્ટરો, એરપોર્ટઓથોરિટી અને કોર્પોરેશન સહિતના ડોક્ટરોની સૌપ્રથમ એક કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ૨ કલાક કોરોના વાઈરસ મુદ્દેવિસ્તૃત ચર્ચા કરી એક રણનીતિ ઘડવામાં આવી હતી. જેના ભાગરૂપે વડોદરાની સૌથી મોટી એસ. એસ. જી. હોસ્પિટલમાં કોરોના વાઈરસ માટેના દર્દીઓ માટે એક ખાસ આઈસોલેશન વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે. જેમાં બધી સુવિધાઓ જેવી કે,વેન્ટિલેટર, એક્સરે મશીન, સોનોગ્રાફી મશીનની સાથે સાથે તમામ દવાઓનો સ્ટોક રાખવામાં આવ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે રાઉન્ડ ધ ક્લોક ડોક્ટરો અને સિસ્ટરોની ડ્યૂટી રાખવામાં આવી છે. જે સતત ફરજ પર હાજર રહેશે. હાલમાં કોરોના એક પણ કેસ એસ. એસ. જી. હોસ્પિટલમાં નોંધાયો નથી અને જો કોઈપણ કોરોના કેસ આવશે તો એસ. એસ. જી.નું હેલ્થ સિસ્ટમ સારવાર માટેસક્ષમ હોવાનું એસ. એસ. જી. ના સુપરિટેન્ડન્ટ ડો. રાજીવ દેવેશ્વરે પત્રકારોની વાતચીતમાં કહ્યું હતું.

કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ૪ યુવકોનાં ઘટનાસ્થળે જ મોત

જામનગર

જામનગરમાં કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે આ અકસ્માતમાં ચાર યુવકોના મોત નિપજ્યા છે. ચારેય યુવાનોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. જોકે આ અકસ્માત કેવી રીતે સર્જાયો તે વિશે કોઈ માહિતી સામે આવી નથી.

જામનગર નજીક નવાગામ અને છીકારી ગામ વચ્ચે બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ૪ યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. ઘટનના પગલે અકસ્માત સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક પોલીસ અને ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા જ મેઘપર પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

કોરાના વાયરસ મુદ્દે અગ્ર સિચવ આરોગ્ય વિભાગ જયંતિ રવીની પ્રેસ કોન્ફરન્સ

ગુજરાતમાં કોરોના વાયરસ માટે કિલ્લેબંધી કરવામાં આવી છે : જયંતિ રવિ

ગાંધીનગર

કોરોના વાયરસે ચીનમાં હાહાકાર મચાવ્યો છે જેને પગલે ગુજરાતમાં પણ ચીનથી આવતા લોકો માટે અને ચીનમાં ફસાયેલા લોકો માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હોવાનું આરોગ્ય વિભાગના મુખ્યસચિવે ખાસ પત્રકાર પરિષદ યોજીને જણાવ્યું હતુ.

કોરાના વાયરસ મુદ્દે અગ્ર સચિવ આરોગ્ય વિભાગ જયંતિ રવીએ પત્રકાર પરિષદ યોજીને ગુજરાતની કોરાના વાયરસને પહોંચી વળવાની તૈયારી અંગે માહિતી આપી હતી. ચીનમાં કોરોના વાયરસ મોટા પ્રમાણમાં ફેલાયો છે. આ અંગે અમે ભારત સરકારના સચિવ સાથે વાત કરી છે. નેપાળમાં એક કેસ સામે આવ્યો છે. જેને પગલે નેપાળ સાથે જોડાયેલા રાજ્યના સચિવોની પણ બેઠક મળી હતી. ભારે તાવ, શરદી, ઉધરસ જેવા લક્ષણો છે. કોરોના વાયરસ માટે હાલમાં કોઈ દવા નથી. લોકોએ બિનજરૂરી ગભરાવવાની જરૂર નથી. કોરોના વાયરસ વ્યક્તિથી વ્યક્તિમાં ફેલાતો નથી.

ગુજરાત સરકાર સંપૂર્ણ પણે તૈયાર છે. રેપિડ રિસ્પોન્સ ટીમ એલર્ટ કરાઇ છે. મોટી હોસ્પિટલમાં આઇસોલેશન વોર્ડ તૈયાર કરાયા છે. ડોક્ટર અને નર્સને ખાસ તાલીમ આપવામાં આવી રહી છે

પોલીસ કાઉન્સિલર વચ્ચે ઘર્ષણ સર્જાતા અધોરા મોલના દબાણની માપણી મુલતવી રહી

વડોદરા

વડોદરા શહેરના સમા મંગલપાંડે રોડ ઉપર આકાર લઇ રહેલા વડોદરાના સૌથી મોટા અધોરા શોપિંગ મોલના બિલ્ડરો દ્વારા વિશ્વામિત્રી નદીમાં કરવામાં આવેલ દબાણની માપણી મુલતવી રહી હતી. કલેક્ટર કચેરી તરફથી લેટર મળવા છતાં માપણી સ્થળે કાઉન્સિલરને જવા ન દેતા પોલીસ અને કાઉન્સિલરના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. મામલતદાર પાસે ટાઈમ ન હોવાના કારણે મુલતવી રહેલી માપણી અંગે કાઉન્સિલર અમી રાવતે માપણીનું નાટક બંધ કરીને ડિમોલેશન કરવાની માંગણી કરી હતી.

કોંગ્રેસના કાઉન્સિલર અમી રાવત દ્વારા અધોરા શોપિંગ મોલ દ્વારા વિશ્વામિત્રી નદીમાં કરવામાં આવેલા દબાણ અંગે લડત આપી રહ્યા છે. અગાઉ ચાર વખત માપણી કરવામાં આવી છે. અને તેમાં શોપિંગ મોલના ડેવલપર્સ દ્વારા એક લાખ સ્ક્વેર ફૂટથી વધુ જમીન ઉપર દબાણ કરવામાં આવ્યું હોવાનું પણ સ્પષ્ટ થઇ ગયું છે. પરંતુ, કોર્પોરેશન દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવતી ન આવતા કાઉન્સિલરે કલેક્ટરમાં રજૂઆત કરી હતી. જે રજૂઆતના પગલે કલેક્ટરે તા.૨૮ જાન્યુઆરીના રોજ માપણી કરવા ઓર્ડર કર્યો હતો. વિશ્વામિત્રી નદીમાં શોપિંગ મોલ દ્વારા કરવામાં આવેલા દબાણના કારણે ચોમાસાની ઋતુમાં પૂરની સ્થિતી સર્જાય છે. ગત ચોમાસામાં વિશ્વામિત્રી નદીમાં આવેલા પૂરના કારણે આસપાસના વિસ્તારના એક લાખ ઉપરાંત લોકોને આર્થિક નુકશાન થયું હતું. અને હજારો લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. આમ છતાં, તંત્ર દ્વારા શોપિંગ મોલ દ્વારા ગેરકાયદેસર કરવામાં આવેલા દબાણો દૂર કરવાને બદલે છાવરી રહ્યું હોવાના કાઉન્સિલર અમી રાવત દ્વારા કરવામાં આવ્યા છે.

ઘોર કળિયુગ...સતત ચાર વર્ષ સગીર પુત્રી પર દુષ્કર્મ આચરતા પિતાની ધરપકડ

મહેસાણા

ઉત્તર ગુજરાતના મહેસાણામાં ૧૪ વર્ષની એક સગીરા પર તેનો જ પિતા છેલ્લા ૪ વર્ષથી દુષ્કર્મ ગુજારતો હતો. ધોરણ-૯માં અભ્યાસ કરતી દીકરીને તેના જ નરાધમ પિતાએ પિંખી નાખી હતી. અને આ સિલસિલો ૪ વર્ષ સુધી ચાલુ રહ્યો હતો. સગીરાએ તેના પિતાની હેવાનીયતની જાણ તેની માતાને પણ કરી હતી. માતાને પણ દીકરીની વાત માનવામાં નહીં આવતા અવગણના કરી હતી. દીકરીની માતા તેના પુત્રને લઈને અલગ સૂતી હતી. જ્યારે સગીરા ના છૂટકે તેના પિતા સાથે સુવા મજબૂર બની જતી. તેની દાદીએ પણ સગીરા મોટી થતી હોઇ પિતા પાસે નહીં સુવાડવા ટકોર કરી હતી.

આમ ને આમ કિશોરી ધોરણ-૧૨માં અભ્યાસ કરતી હતી તે દરમ્યાન કિશોરીએ પિતાની આ હરકતોનો વિરોધ કરતા તેને તેની માસીને ત્યાં વધુ અભ્યાસ માટે મોકલી દીધી. પણ પિતાથી પીડિત કિશોરી પર હવે માસાએ નજર બગાડી અને માસાએ સગીરાના શરીરે બચકા ભરી વિકૃતી દર્શાવી દીધી.

સમગ્ર ઘટનાની જાણ પાટણ સીડબ્લ્યુસી દ્વારા સખીવનસ્ટોપ સેન્ટર અને ૧૦૯૮ સમક્ષ મહેસાણાની આ કિશોરીએ પોતાની આપવીતી જણાવતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. અને આખરે તાત્કાલિક મહેસાણા પોલીસે સગીરાના પિતા અને માસા વિરુદ્ધ પોકસો અંતર્ગત ગુનો નોંધી આરોપી પિતાની ધરપકડ કરી લીધી હતી.

યુવતીના ૧૮ ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવી બીભત્સ લખાણ લખતા ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

સોશિયલ મીડિયાનો ઉપયોગ વધ્યો છે, ત્યારે હવે લોકો અંગત બાબતોની દાઝ સોશિયલ મીડિયા પર કાઢી રહ્યા છે. ક્યારેક કોઈ બીભત્સ કોમેન્ટ કરીને અથવા તો કોઇ નકલી આઈડી બનાવી બીભત્સ મેસેજો કરી બદલો લેતા હોય છે. સરખેજમાં રહેતી અને સેટેલાઈટમાં એક બ્યૂટીપાર્લરમાં ત્રણ માસ પહેલા નોકરી કરતી યુવતીએ સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી છે. આઠેક માસ પહેલા તેણે પોતાના તમામ સોશિયલ મીડિયાના એકાઉન્ટ બંધ કરી દીધા હતા.

બે માસ પહેલા જે બ્યૂટી પાર્લરમાં નોકરી કરતી હતી તેની માલિકે તેના પાર્લરના ઈન્સ્ટાગ્રામ આઈડી પર ફરિયાદીના મેકઓવર વાળી તસવીરો અપલોડ કરી હતી. જેમાં ૧૦મી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ એક આઈડી પરથી કોઈએ ગંદી કૉમેન્ટ કરી હતી. જે બાદમાં બ્યૂટી પાર્લરની માલિકે ફરિયાદીના ફોટોગ્રાફ્સ ડિલિટ કરી નાખ્યા હતા.

જે બાદમાં બ્યૂટીપાર્લરની માલિકે ફરિયાદીના જાણ કરી હતી કે તેના નામનું કોઈએ ફેક આઈડી બનાવ્યું છે અને તેના પર તેનો મોબાઈલ નંબર પણ મૂક્યો છે. જે બાદમાં એક મહિના પછી ફરિયાદીની એક બહેનપણીએ તેણીને જાણ કરી હતી કે તેના નામે એક નહીં પરંતુ અલગ અલગ ૧૮ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનેલા છે. જેમાંથી એક આઈડીમાં ફરિયાદના બંને મોબાઈલ નંબર અને તેની બહેનપણીનો મોબાઈલ નંબર પણ મૂકેલા છે.તસવીરો સાથે બનાવવામાં આવેલા ફેક આઈડીમાં બીભત્સ લખાણ લખવામાં આવ્યું હતું. એટલું જ નહીં જેમાંથી એક આઈડી પરથી ફરિયાદીની બહેનપણીને સતત મેસેજ આવી રહ્યા હતા અને કોઈ યુવક તેને મળવા માટે બોલાવી રહ્યો હતો. આ મામલે યુવતીએ સાઈબર ક્રાઇમમાં ફરિયાદ કરતા પોલીસે તપાસ શરૂ કરી છે.

કેનેડામાં નોકરીના બહાને ૪ ગુજરાતીને ગોંધી રાખી પરિવાર પાસે ૪૫ લાખની ખંડણી માંગી

અમદાવાદ

યુગાન્ડામાં નોકરી મેળવવામાં માટે ગયેલા રાણીપ, મહેસાણા અને પાટણના ચાર યુવકોને બંધક બનાવી રૂ. ૪૫ લાખની ખંડણી માંગવામાં આવી હતી. સ્થાનિક ગુજરાતીની મદદથી યુગાન્ડા પોલીસે ચારેય યુવકોને હેમખેમ છોડાવી એક મૂળ ભારતીય સહિત સ્થાનિક અપહરણકર્તાઓની ધરપકડ કરી છે. અપહરણ કરાયેલા મૂળ ગુજરાતી યુવાનોમાં અક્ષય પ્રજાપતિ, સાહિલ પટેલ, અતુલ પટેલ તથા કલ્પેશ વ્યાસનો સમાવેશ થાય છે. જ્યારે તેમનું અપહરણ કરવામાં અન્ય ગુજરાતી યુવાન પ્રફુલ બૂટાણીનો હાથ હતો. યુગાન્ડા પોલીસે તેના સાથીદાર અને યુગાન્ડાના નાગરિક ઈગ્નેશિયસ મુગુમ્યાની પણ ધરપકડ કરી છે.

હોલીવુડ અભિનેત્રી મેરી લૂઇસની હાજરીમાં ભરુચના ગૌરવવંતા "ભરુચ રત્નો"નું થયું વિશેષ સન્માન



ભરૂચ

જાણીતી સેવાભાવી સંસ્થા સહારા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ અને દેશની જાણીતી મલ્ટી લેંગ્વેજ વાયર ન્યૂઝ એજન્સી જી.એન.એસ.(ધ્વજી) દ્વારા ૨૬ જાન્યુઆરી ૭૧મા પ્રજાસત્તાક દિનનની સમી સાંજે આયોજિત એક ભવ્ય અને હોલીવુડની જાણીતી સોહામણી અભિનેત્રી મેરી લૂઇસનની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ભરુચ જિલ્લાના ગૌરવવંતા નાગરિકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.. જેમાં કુલ ૨૪ નાગરિકો નું "ભરુચ રત્ન" પુરસ્કારથી વિવિધ ક્ષેત્રે વિશેષ યોગદાન આપવા બદલ તેમને સન્માનિત કરાયા હતા. જેમનું સન્માન થયું તેમાં સૌથી નાની વયની દિકરી ખુશી ચુડાસમાથી લઈને ૮૦ વર્ષના વરિષ્ઠ પત્રકાર મહેન્દ્ર ગાંધી નો સમાવેશ થાય છે.

ભરૂચના સિનિયર પત્રકાર વસીમ મલેક દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન ઓમકારનાથ ભવનમાં કરવામાં આવ્યું હતું. જેમાં દક્ષિણ આફ્રિકાથી વિશેષ મેહમાન તરીકે હોલિવૂડની સોહામણી અભિનેત્રી અને મોડેલ મેરી લુઈસ પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા. જેમને મિસ્ટર વર્લ્ડ અસ્ફાક બેંડવાલા ઍવોર્ડથી સન્માનિત કરીને પુરસ્કાર સુપરદ કરવામાં આવ્યો હતો.

ભરૂચમાં યોજાયેલા આ ભવ્ય કાર્યક્રમમાં શહેરના યુવાનો, સામાજિક આગેવાનો, પ્રબુધ્ધ નાગરિકો, પત્રકારો, ધારાસભ્યો સહિત મોટી સંખ્યામાં હાજર રહીને આયોજકોના ઉત્સાહમા વધારો કર્યો હતો. કાર્યક્રમના ભાગીદાર એવા જીએનએસની મિડિયા ટીમ પણ અમદાવાદથી ખાસ હાજર રહી હતી.

વિવિધ ક્ષેત્રે આ સન્માન લેનાર ગૌરવવંતા નાગરિકો નીચે મુજબ છે

ભરુચ રત્ન મેળવનાર ગૌરવવંતા ભરૂચવાસીઓ

રમત ગમત

૧. મુનાફ પટેલ (ક્રિકેટર ભારતીય ક્રિકેટ ટીમ)

૨. અસ્ફાક બેંડવાલા (સાઉથ આફ્રિકામાં રહીને મિસ્ટર વર્લ્ડ બન્યા હાલ હોલિવૂડ કલાકાર અને મોડલ)

૩.ખુશી ચુડાસમા (નાની ઉમરમાં રાઈફલ શૂટિંગમાં નેશનલ ક્વોલિફાઇ કર્યું)

સામાજિક કાર્ય

૧.રશ્મિ કંસારા (બ્લડ ડોનેશન નું ઉમદા કાર્ય છેલ્લા ૨૦ વર્ષ થી)

૨.અતુલ મુલાણી (ભૂખ્યા ને ભોજન નામથી સંસ્થા ચલાવી દરરોજ ૩૦૦ થી વધુ ગરીબો ને ખાવાનું આપે છે)

૩.દિક્ષા વાનિયા (રસ્તાઓ પર નીકળી ને ગરીબોને નાસ્તો ,ખાવાનું ,કંબલ વિતાન વગેરે)

૪.મહમ્મદ ફાંસીવાલા "મરણોપરાંત " (આરોગ્ય ક્ષેત્રે ઉમદા કાર્ય)

૫.ફેસલ પટેલ (એચએમપી ફાઉન્ડેશન નામથી સંસ્થા ચલાવી ગરીબો ની સેવા)

૬..રાકેશ ભટ્ટ (સેવા યજ્ઞ સમિતિ દ્વારા લોકસેવા)

ભારતીય સેના

૧. શહીદ યુસુફ ખીલજી "મરણોપરાંત " (વર્ષ ૨૦૦૪ માં કારગિલ યુધ્ધ માં શહીદ)

ઉદ્યોગ ક્ષેત્રે

૧.અશોક પંજવાની (પર્યાવરણ બાબતે સારું કાર્ય અને દરરોજ ૧૫૦૦૦ જેટલા કર્મચારીઓ ને મફત ભોજન)

૨.ડી આનંદપુરા (અંકલેશ્વર ઓદ્યોગીક વિસ્તાર માં સિંહફાળો)

૩.એમ એસ જોલી (ઉદ્યોગ અને ફિલ્મ ક્ષેત્રે)

રાજનીતિ અને લોકસેવા

૧. એહમદ પટેલ (રાજનીતિ ક્ષેત્રે ભારતભર માં ભરુચનું નામ રોશન કર્યું

૨.મનસુખ વસાવા (સતત ૬ વાર લોકસભા સાંસદ બન્યા)

૩.છોટુભાઈ વસાવા (આદિવાસી સમાજ ના નેતા સતત ધારાસભ્ય બન્યા)

અભ્યાસ ક્ષેત્રે

૧. ડો સુનિલ ભટ્ટ (નરેન્દ્ર મોદી પર પીએચડી કરનાર પેહલા ભારતીય)

૨.ડો.ખુશ્બુ પંડ્યા (શોશ્યલ મીડિયા પર પીએચડી કરનાર પેહલા ભારતીય)

૩.ડો. અશ્વિન કાપડિયા (ભરૂચના પેહલા વ્યક્તિ જેઓ યુનિવર્સિટી ના વાઇસ ચાન્સેલર રહ્યા)

આરોગ્ય ક્ષેત્રે

૧.ડો સુકેતુ દવે (છેલ્લા ૨૦ વર્ષ થી મનમેળાપ કરીને સેવા આપનાર)

ફિલ્મ અને કલાજગત ક્ષેત્રે

૧.ડો તરુણ બેક્કર (ભરુચ માં રહીને ઘણી ફિલ્મો માં કામ કર્યું અને એજ વિષય પર પીએચડી કર્યું હાલ નિર્માતા દિગ્દર્શક છે)

૨. ઈમરાન બાદશાહ (સીદી નું આફ્રિકા ધમાલ નૃત્ય ને દુનિયા ના વિવિધ દેશો માં પ્રદર્શન કર્યું)

પત્રકારત્વક્ષેત્રે

૧.મહેન્દ્ર ભાઈ ગાંધી (યુવાની થી જૈફ વાય ની વયે પણ પત્રકારત્વ ,ગાંધીવાદી વિચારધારા)

સ્ટાર ઈંગ્લિશ મીડિયમ શાળામાં ધ્વજવંદન કરાયું

અંકલેશ્વર

તા.૨૬-૦૧-૨૦૨૦ ના રોજ સ્ટાર ઇંગ્લિશ મિડિયમ ખાતે પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. તેમાં મુખ્ય મહેમાન શ્રી રમેશકુમાર સિંગ ચીફ મેનેજર ઓફ બેંક ઓફ બરોડા, સ્કૂલના ટ્રસ્ટી કરાર હુસેન સિદ્દકી સર, સ્કૂલના પ્રિન્સિપલ શ્રીમતી શહેનાઝ સિદ્દકી મેમ, સમાજના અન્ય અગ્રણીઓ તેમજ શિક્ષણગણ, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રી ઉપસ્થિત રહ્યાં હતા. ૭૧ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે કરાર હુસેન સિદ્દકી સરે આંબેડકર દ્વારા રચિત બંધારણ વિશે ટુંકમાં સ્ત્રી સન્માન વિશે જણાવ્યુ તથા મહેમાન શ્રી રમેશકુમાર સિંગ દ્વારા શિસ્તા તેમજ ૨૬ મી જાન્યુઆરીની ઉજવણી વિશે જણાવતા કહ્યુ હતુ કે સર્વ પ્રથમ ૧૯૩૦ મા ૨૬ મી જાનયુઆરીને સ્વરાજ જાહેર કર્યુ હતુ એટલા માટે ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ થી આપણે ૨૬ મી જાન્યુઆરીને પ્રજાસત્તાક દિન તરીકે ઉજવીએ છે.

સુરતમાં ૧૦૧ મુમુક્ષુઓની દિક્ષા ૧ ફેબ્રુઆરીએ કતલખાના બંધ

શનિવારે માંસ-મચ્છીના વેચાણ પર પ્રતિબંધ

સુરત

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ તેમના ઠરાવ નં.૬૯/૨૦૨૦, તા.૨૦-૧-૨૦૨૦ થી સુરત શહેર ખાતે સમસ્ત જૈન સમાજના કુલ ૧૦૧ મુમુક્ષુરત્નોના સામૂહિક દીક્ષા મહોત્સવના ઐતિહાસિક દિન તા.૧-૨-૨૦૨૦ને શનિવારના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ કતલખાનાઓ બંધ રાખવાનું અને સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ઉપરોક્ત દિવસ દરમિયાન માંસ મચ્છી મટન, જીવતા પશુ પક્ષીઓની કતલ તથા વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનું ઠરાવવામાં આવેલ હોય, તા.૧-૨-૨૦૨૦ને શનિવારના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા કતલખાના અને રાંદેર કતલખાનાં બંધ રહેશે, જેની લાગતા વળગતા તમામ ઈસમો લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી. વધુમાં સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ઉપરોક્ત દિવસો દરમ્યાન માંછ, મચ્છી, મટન, જીવતા પશુ પક્ષીઓની કતલ તથા વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ જાહેરાતનો ભંગ કરનાર સામે ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ અને બોમ્બે પોલીસ એક્ટની વિવિધ કલમો જોગવાઈઓ હેઠળ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેવી.

પીએમ મોદીની સાથે ટ્રમ્પ ૨૫ ફેબ્રુઆરીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે..!!

કેવડિયા

હાલ થોડા દિવસથી અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનાં ભારત પ્રવાસની ઘણી ચર્ચા થવા લાગી છે. ત્યારે સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે. ૨૫મી ફેબ્રુઆરીનાં રોજ ડોનાલ્ડ ટ્રમ્પ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લઈ શકે છે. હાલ તંત્રએ પણ ખાનગીમાં તૈયારીઓનો આરંભી દીધી છે.

ચર્ચા એવી પણ થઈ રહી છે કે, ડોનાલ્ડ ટ્રમ્પનો એક કાર્યક્રમ અમદાવાદમાં થઈ શકે છે. મહત્વનું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ પર 'હાઉડી મોદી' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ટેક્સસ રાજ્યના હ્યુસ્ટનમાં થયેલા આ ખાસ કાર્યક્રમમાં પીએમ મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મંચ શેર કર્યું હતું. તેમને જોવા માટે લગભગ ૫૦ હજાર લોકો પહોંચ્યા હતા. હવે આવો જ એક કાર્યક્રમ ટ્રમ્પના ભારત પ્રવાસ પર કરવામાં આવશે. ફેબ્રુઆરીમાં યોજાનાર આ કાર્યક્રમને હાલ ગુજરાતી નામ આપવામાં આવ્યું છે 'કેમ છો ટ્રમ્પ.' આ કાર્યક્રમનું આયોજન અમદાવાદમાં થશે. જોકે સૂત્રોથી ખબર પડી છે કે, અમેરિકા ઈચ્છે છે કે, આ ઈવેન્ટને દિલ્હી-એનસીઆરમાં કરાવવામાં આવે. કહેવામાં આવી રહ્યું છે કે, ભારત પ્રવાસ પર ટ્રમ્પ દિલ્હીથી બહાર ક્યાંય જવાના મૂડમાં નથી. કારણ કે તેમની પાસે વધારે સમય નથી.

લોકસમસ્યા નિદાન કેન્દ્ર દ્વારા કોસાડ ખાતે ધ્વજવંદન કરાયું

સુરત

તા.૨૬'મી જાન્યુઆરી ૧૯૫૦ પ્રજાસત્તાક દિન નિમિત્તે લોક સમસ્યા નિદાન કેન્દ્ર અને ગુલશન સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા બિલ્ડિંગ નંબર ૧૬૦, એ/૧, કોસાડ આવાસ, અમરોલી સુરતમાં તા.૨૬-૧-૨૦૨૦ના રોજ સવારે ૮.૦૦ કલાકે રાષ્ટ્રધ્વજનું માન-સન્માન કરી લોક સમસ્યા નિદાન કેન્દ્રના પ્રમુખ સમદભાઈ શેખ, આગેવાન બલ્લુભાઈ રેતીવાલા તથા ગુલશન સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ, સુરતના પ્રમુખ ફારૂક ખાન અને ઉપપ્રમુખ અસફાક બાપુ હસ્તે રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવેલ અને ત્યારબાદ પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે કોસાડ આવાસના રહીશોને લાભ મળે તેવી રીતે વિનામૂલ્યે આયુષ્યમાન કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જે કાર્યક્રમમાં લોક સમસ્યા નિદાન કેન્દ્રના તથા ગુલશન સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટના તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજને સલામી આપી ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી કરી તથા વિનામૂલ્યે આયુષ્યમાન કાર્ડ કેમ્પનું આયોજન સફળ પાર પાડ્યું હતું.

સાથી ફાઉન્ડેશન અંદાડા દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી

ધ્વજ વંદન કાર્યક્રમ બાદ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

અંકલેશ્વર

સાથી ફાઉન્ડેશન અંદાડા-અંકલેશ્વર ના સહયોગથી પ્રાથમિક કુમાર અને કન્યાશાળાના પ્રાંગણમાં અંદાડા ગામના સરપંચશ્રી દિપકભાઈ વસાવા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે બંને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

શાળામાં અગાઉ રાખવામાં આવેલ દેશભક્ત અને દેશ માટે શહીદી વહોનારા શહીદો અને રાષ્ટ્રીય નેતાઓના જીવન ચરીત્ર તેમજ પ્રજાસત્તાક દિન ઉપર વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવેલ જેને સાથી ફાઉન્ડેશનના પ્રમુખ શ્રીમતી ફાલ્ગની બેન પટેલ અને સંયોજક તુલસી પુરી ગોસ્વામીના વરદ હસ્તે પ્રથમ, દ્વિતિય અને તૃતીયા નંબરના કુમાર અને કન્યા – ૬ વિજેતાઓને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળા પરિવાર, ગ્રામજનો તેમજ અંદાજિત ૧૦૦૦ ની આસપાસ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સરપંચશ્રી અને આમંત્રિત મહેમાનોએ પ્રજાસત્તાક પર્વનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમજ વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના સમાપન બાદ સાથી ફાઉન્ડેશન દ્વારા મીઠાઈમાં કળી લાડુ વહેંચી મોં મીઠું કરાવ્યું હતું. ત્યારબાદ વનવાસી આશ્રમના વિધાર્થીઓને પણ લાડુનું વિતરણ કરી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી હતી. તેમજ ગામના વિકાસ અને છેવાડાના માણસો સુધી શિક્ષણ, સ્વાથ્ય, પર્યાવરણ, આરોગ્ય, અને મહિલા સશક્તિકરણની પ્રવૃત્તિમાં સૌને જોડાવવા ફાલ્ગનીબેન પટેલ દ્વારા અપીલ કરી હતી.

ગાના મ્યુઝિક લવર્સગ્રુપ દ્વારા દેશ ભક્તિગીતનો કાર્યક્રમ યોજાયો

પ્રજાસત્તાક પર્વ સંદર્ભે અંકલેશ્વરમાં કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી ખાતે કાર્યરત ગાના મ્યૂઝિક લવર્સ ગ્રુપ દ્વારા તારીખ ૨૫મી જાન્યુઆરીના રોજ અંકલેશ્વર શહેર જીઆઈડીસીની જનતા માટે દેશભક્તિ ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વર જી. આઈ. ડી. સી. માં આવેલ નવજીવન ગરબા ગ્રાઉન્ડ ખાતે તારીખ ૨૫ મી જાન્યુઆરી શનિવારના રોજ રાત્રે ૦૮:૩૦ કલાકથી ગાના મ્યૂઝિક લવર્સ ગ્રુપ દ્વારા દેશભક્તિ ગીતોના કાર્યક્રમનું આયોજન પ્રજાસત્તાક પર્વના અનુસંધાને કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંકલેશ્વર શહેર તેમજ જી. આઈ. ડી. સી. ની શાળાઓના વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ શિક્ષકોએ મોટી સંખ્યામાં ભાગ લઈને દેશભક્તિના ગીતોને નૃત્ય સાથે પ્રદર્શિત કર્યા હતાં. દેશદાઝ અને દેશભક્તિથી ધબકતાં ગીત નૃત્યના આ સંગીતમય કાર્યક્રમે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાગણને પણ રાષ્ટ્રપ્રેમથી ભીંજવી દીધો હતો.

આ પ્રસંગે ગાના મ્યૂઝિક લવર્સ ગ્રૂપના અગ્રણી નરેશ પુજારા ઉપરાંત ડુંગરશી બાપુ, ઉદ્યોગપતિઓ સુભાષ પાટીલ, દિપક રૂપારેલ સહિત મોટી સંખ્યામાં ઉદ્યોગકારો તેમજ જનતા ઉપસ્થિત રહી હતી.

નોંધનીય છે કે ગાના મ્યુઝિકલ ગ્રુપ છેલ્લા ઘણા વર્ષોથી વિનામૂલ્યે અંકલેશ્વર શહેર તેમજ જીઆઈડીસીના પ્રતિભાવાન બાળકો માટે એક આદર્શ માધ્યમ બની રહ્યું છે જેને લોકોનો સુંદર પ્રતિસાદ પણ સાંપડ્યો છે. ઔદ્યોગિક હબ ગણાતા અંકલેશ્વરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ગાના મ્યૂઝિક લવર્સ ગ્રુપનું નામ ટોચમાં ગણાઈ રહ્યું છે.

રાજપીપળા કાર્યક્રમમાં હાજરી આપી એસ.જયશંકરે કોરો વિષે માહિતી આપી

ચીનની મંજૂરી મળતાં જ વિદ્યાર્થીઓને સહીસલામત લાવવા પ્રાઈવેટ પ્લેન તૈયાર: વિદેશમંત્રી

રાજપીપળા

રાજપીપળા ખાતે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા જઈ રહેલા વિદેશ મંત્રી જયશંકરે હરણી એરપોર્ટ ખાતે પત્રકારો સાથેની વાતચિતમાં જણાવ્યું હતું કે, ચીનમાં ફાટી નીકળેલા કોરોના વાયરસના ફસાયેલા દેશના તમામ સ્ટુડન્ટસને સુરક્ષીત પરત લાવવા માટે સરકાર તમામ શક્ય પ્રયાસો કરી રહી છે.મંજૂરી મળતાં જ પ્રાઈવેટ પ્લેનમાં વિદ્યાર્થીઓને લાવવામાં આવશે.

વિદેશ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ચીનમાં ફસાયેલા ભારતીય તમામ સ્ટુડન્ટ સુરક્ષીત છે. સ્ટુડન્ટ્સને સહીસલામત વહેલી તકે ભારત લાવવા માટે સરકાર દ્વારા પ્રાઈવેટ પ્લેન પણ તૈયાર રાખવામાં આવ્યું છે. ચીનથી સ્ટુડન્ટ્સને લાવવા માટે તૈયાર રાખવામાં આવેલ પ્રાઈવેટ પ્લેન ચીન મોકલવા માટે ચીન સરકાર પાસે મંજૂરી માંગવામાં આવી છે. મંજૂરી મળતા જ પ્લેન ચીન રવાના કરવામાં આવશે. અને ફસાયેલા સ્ટુડન્ટ્સને સહી સલામત ભારત લાવવામાં આવશે. થોડો સમય લાગશે. પરંતુ, તમામ સ્ટુડન્ટસને સહી સલામત લાવવામાં આવશે. ભારતમાં કોરોનાની કોઈ અસર નથી. પરંતુ, તંત્ર એલર્ટ છે. ચીનથી પરત ફરતા લોકોને સ્ક્રેનીંગ કરાવી લેવા માટે સરકાર તરફથી પરિપત્ર જારી કરાયો છે.

તલાટી-સરપંચો માટે બાળ વિષયક કાયદાઓ સંદર્ભે વર્કશોપ યોજાયો

નવસારી

જિલ્લા બાળ સુરક્ષા ઍકમ નવસારી દ્વારા તાલુકા પંચાયત ચીખલી ખાતે ખેરગામ અને ચીખલી તાલુકાના સરપંચશ્રીઓ/તલાટીશ્રીઓ સાથે બાળ વિષયક કાયદાઓ, જુવેનાઈલ જસ્ટીસ ઍકટ-૨૦૧૫, બાળકોને જાતિય ગુનાઓ સામે રક્ષણ આપતો કાયદો-૨૦૧૨, ગ્રામ્ય બાળ સમિતિની ભૂમિકા, દત્તક વિધાન, બાળ લગ્ન પ્રતિબંધક નિયમ-૨૦૦૬, કાયદાકીય યોજનાકીય, બાળ હકકો તથા બાળ મૈત્રી વિષયે વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, બાળકો એ કુમળા છોડ છે. જેઓને આપણે જેમ વાળવા હોય તેમ વાળી સારા સંસ્કારોનું સિંચન કરી શકીએ. તેઓ ભવિષ્યના સારા નાગરિકો છે તેથી બાળકોની સુરક્ષા માટે જવાબદારીપૂર્વક પોતાની ભૂમિકા નિભાવવા માર્ગદર્શન આપ્યું હતું.

ચીખલી તાલુકા વિકાસ અધિકારી શ્રી ચૌહાણે બાળકોની સુરક્ષા સુનિશ્રિત કરવા ગામના હોદે?દારો તરીકે આગેવાની સાથે હકારાત્મક અભિગમથી પ્રયત્નો કરવા તેમજ કોઈ બાળક સાથે હિંસા થતી હોવાનું ધ્યાને આવતા તેને દબાવી દેવાનું કે સમાધાન કરાવવા નહિ પરંતુ બાળકને ન્યાયિક કાર્યવાહીમાં માર્ગદર્શન અને સમજણ આપવામાં આવ્યું હતું.

જિલ્લા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત બાળ લગ્ન અને તેની અટકાયત, સજા તથા બાળલગ્નના પરિણામોની વિસ્તૃત સમજ આપી હતી.જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રીમતી હેમતલા ગંજીએ જણાવ્યું કે, ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિની સક્રિય કામગીરી તથા જુદા જુદા મુશ્કેલીમાં કે કપરી પરિસ્થિતિમા મુકાયેલા બાળકો માટે સક્ષમ અને સુદૃઢ વ્યવસ્થા ઉભી કરવા જણાવ્યું હતું.

નવસારી જિલ્લામાં કોઈપણ વ્યકિત કે સંસ્થા દ્વારા અનાથ નિરાધાર બાળકોને આશ્રય આપવામાં આવતા હોય તેવી વ્યકિત કે સંસ્થાને જુવેનાઈલ જસ્ટીસ ઍકટ-૨૦૧૫ અંતર્ગત માન્યતા મેળવવા માટે અપીલ કરવામાં આવી છે. તેમજ કોઈપણ કપરી પરિસ્થિતિમાં બાળકો મળી આવે તો જિલ્લા બાળ સુરક્ષા ઍકમ, બ્લોક સી, પહેલો માળ, જિલ્લા સેવા સદન, નવસારી ફોન નંબર (૦૨૬૩૭) ૨૮૧૪૪૦ તથા ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.



ગુજરાત સરકારે શહેરી વિસ્તારમાં ટુ વ્હીલર ચાલકો અને પાછળ બેસનારાઓ માટે પણ હેલમેટ ફરજીયાત હોવાની રજૂઆત હાઈકોર્ટ સમક્ષ કરી છે, એટલે કે ટુ વ્હીલર ચાલકો માટે હેલમેટનો કાયદો ગુજરાતમાં અમલી છે. એવા અખબારી અહેવાલને પગલે આજે સવારથી જાહેર માર્ગો પર ટુ વ્હીલર વાહન સાથે નીકળેલા મોટાભાગના લોકોએ ફરી હેલમેટ પહેરી લીધા હોવાનું તસ્વીરમાં જણાઈ રહ્યું છે.

સહારાદરવાજા ગરનાળુ તા.૧'થી ૨૨ દિવસ સુધી વાહનો માટે બંધ

ફ્લાય ઓવરબ્રીજ પર ગર્ડર ગોઠવવાની કામગીરી શરૂ કરાશે

સુરત

સહારાદરવાજા પાસે નિર્માણાધીન કરણીમાતા મલ્ટીલેયર ફ્લાયઓવર કમ રેલવે ઓવરબ્રીજની કામગીરી માટે ૧થી ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર બંધ રહેશે.

સુરત મહાનગરપાલિકાના બ્રીજ વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સહારાદરવાજા પાસે મલ્ટીલેયર ફ્લાયઓવર કમ રેલવે ઓવરબ્રીજનું કામ ચાલી રહ્યું છે. સુરત શહેરની એક બેનમૂન બ્રિજ બની રહ્યો છે. સ્મીમેર હોસ્પિટલ સામે પીયર લોકેશન એલ.પી.૧થી એલ.પી.૩ સુધીના સુપર સ્ટ્રક્ચર, ગર્ડર, સ્લેબ, કશ બેરીયર વગેરેની કામગીરી હાથ ધરવા માટે ૧થી ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધી સહારાદરવાજા ગરનાળુ જાહેર જનતાના જાનમાલની સુરક્ષા જળવાઈ રહે તે હેતુસર અવર જવર માટે બંધ રહેશે.

રેલવે ગરનાળા નં.૪૪પના સહારાદરવાજાથી કડોદરા તરફના તમામ પ્રકારના વાહનોની અવર જવર ગરનાળાના બોક્સ નં.૩માંથી બંધ રહેશે. વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે દિલ્હીગેટથી આવતા તમામ વાહનો લાલદરવાજા થઈ સુરત રેલવે સ્ટેશન સૂર્યપુર ગરનાળામાંથી પસાર થઈ પોદ્દાર આર્કેડ પાસેથી વરાછા ઝોન થઈ જૂની બોમ્બે માર્કેટ અને સુરત કડોદરા રોડ પર જઈ શકશે.

રેલવે સ્ટેશનથી લંબેહનુમાન સબરસ ગરનાળાથી વરાછા ઝોન, બોમ્બે માર્કેટ થઈ સુરત કડોદરા રોડ પર જઈ શકશે.

ઉધના દરવાજાથી આવતા વાહનો ફ્લાય ઓવર બ્રીજના નીચેથી થઈ કિન્નરી સિનેમા જંકશન થઈને ભાઠેના કેનાલ રોડ થઈ આંજણા રેલવે ઓવર બ્રીજનો ઉપયોગ કરી પરવત પાટીયા પાસે સુરત કડોદરા રોડ પર જઈ શકાશે.

દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટો આકાશમાં ચોમાસા જેવા વાદળા ઘેરાયા

વાતાવરણ બદલાતા તાપમાનમાં વધારોઃ નવસારીમાં ૧૨ અને સુરતમાં ૧૮ ડિગ્રી તાપમાન

સુરત

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો. બપોર સુધી વાદળછાયુ વાતાવરણ વચ્ચે ઠંડો પવન ફુંકાયો હતો. નવસારી અને વલસાડમાં ઠંડીનો ચમકારો અનુભવાયો જ્યારે સુરતમાં ઠંડીથી રાહત મળી હતી.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે નોંધાયેલ વિગત અનુસાર અધિકતમ તાપમાન ૩૦.૭ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૮ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૬ ટકા અને હવાનું દબાણ ૧૦૧૩.૫ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી દક્ષિણ પશ્ચિમ દિશાથી ૩ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં વધારો થયો છે. પરંતુ ઠંડો પવન ફુંકાવાથી મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ન્યુનતમ તાપમાન ૧૨.૫ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૩ ડીગ્રી નોંધાયું હતું. વલસાડમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૫ ડીગ્રી નોંધાયું હતું. ઉત્તર દિશાથી ફુંકાતી શીત લહેરના લીધે ઠંડીનો ચમકારો વધ્યો છે. આગામી દિવસોમાં ફરી શીત લહેરની અસર દક્ષિણ ગુજરાતમાં વર્તાશે.

આજે સવારે સુરત શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના લીધે હવામાનમાં અચાનક પલટો આવ્યો છે. બપોર સુધી વાદળછાયુ વાતાવરણ અને ઠંડો પવન ફુંકાયો હતો. બપોરે ૧૨ વાગ્યા બાદ શહેરમાં સૂર્ય દેવતાના દર્શન થયા હતા. હવામાન વિભાગના અધિકારીઓ દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું કે આગામી બે ત્રણ દિવસ દરમ્યાન ઠંડીનું પ્રમાણ વધશે ફરી એક વખત દક્ષિણ ગુજરાતમાં કડકડતી ઠંડીનું મોજુ ફરી વળશે. તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાશે.

એનઆરસી-સીએએના વિરોધમાં બેનરો સાથે મહિલાઓ ધરણા પર ઉતરી

સુરત

દિલ્હીના શાહીન બાગમાં નાગરિકતા સંશોધન કાયદો અને નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન વિરુદ્ધ પ્રદર્શન ચાલી રહ્યા છે. ૧૫ ડિસેમ્બરથી મહિલાઓ ધરણાં કરી રહી છે. ત્યારે સુરત શહેરમાં પણ મહિલાઓ અનિશ્ચિતકાલીન સમય માટે વિરોધ પ્રદર્શન સાથે ધરણાં પર ઉતરી ગયા છે.

સુરત શહેરના લિંબાયત વિસ્તારમાં આવેલા ઓમનગર ખાતે મેદાનમાં મહિલાઓ દિલ્હીની જેમ સુરત શહેરમાં પણ સીએએ અને એનઆરસીના વિરોધમાં અનિશ્ચિતકાલીન માટે ધરણાં પર ઉતરી ગયા છે. ધરણાં સાથે માંગણી કરવામાં આવી રહી છે કે, કેન્દ્ર સરકાર કેવી રીતે સીએએ કાયદો લાવી છે તે સંવિધાન વિરુદ્ધ કાયદો છે. જેને સરકાર પરત ખેંચે તેવી માંગ કરવામાં આવી રહી છે. જેમાં મહિલાઓ

ધરણાંમાં જોડાયેલા મહિલા રઝીયા શેખે જણાવ્યું હતું કે, સંવિધાન સુરક્ષા સમિતિ દ્વારા સીએએ અને એનઆરસીનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. હજી તો શરૂઆત થઈ છે અંજામ તો બાકી છે. કેન્દ્ર સરકાર કેવી રીતે સીએએ કાયદો લાવી છે તે સંવિધાન વિરુદ્ધ કાયદો છે. જેને સરકાર પરત ખેંચે તેવી માંગ કરી રહ્યા છીએ. માંગ સ્વિકારવામાં ન આવે તો જે રીતે શાહીન બાગમાં મહિલા શક્તિ પ્રદર્શન ચાલી રહ્યું છે તેવી રીતે આખા ભારતમાં ચલાવવામાં આવશે. ન્યાય ન મળે ત્યાં સુધી ધરણાં કરવામાં આવશે.



વેસુમાં ડીઆરબી કોલેજ પાસેના માર્ગ પર એકાએક ભંગાણ સર્જાયું હતું. રસ્તામાં ભૂવો પડતા સુરત મહાનગરપાલિકાના માર્ગ-મકાન વિભાગ દ્વારા તૂટી ગયેલા રસ્તાનું સમારકામ શરૂ કરી દેવાયું હતું.

ઉધના અને કાપોદ્રામાં બે લોકોના આપઘાત

સુરત

ગળે ફાંસો ખાઈ બે વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. પ્રથમ બનાવમાં કાપોદ્રા ગાયત્રી તપોવન વસાહતમાં રહેતી મીનાદેવી જીતેન્દ્ર નિસાદે ઉ.વ.૨૩ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. કાપોદ્રા પોલીસે તપાસ હાથ ધરી છે. બીજા બનાવમાં ઉધના રામનગર સોસાયટીમાં રહેતા જમીનદલાલ જયેશભાઈ રામસજીવનસિંગ રાજપુતની પત્ની ઉમાબેન ઉ.વ.૪૦એ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. ઉધના પોલીસે અકસ્માત મોતની નોંધ કરી હતી.

ઓટોરિક્ષામાં સવાર મુસાફરનું પાકીટ ચોરાયું

સુરત

ચોકબજાર વિસ્તારમાંથી પસાર થઈ રહેલી એક ઓટોરિક્ષામાં મુસાફરી કરતા એક રત્નકલાકારનું પાકીટ ખૂંચવીને ચાર અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ચોકબજાર પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કતારગામ કલ્પવૃક્ષ રેસીડેન્સી ખાતે વિશાલ મેર રહે છે. તેઓ કારખાનામાં છુટક મજૂરી કરે છે. ગતરોજ તેઓ કતારગામ વિસ્તારમાં ઓટો રિક્ષામાં બેઠા હતા અને ઉતરવાના સ્થળ પર પાકીટ કાઢી ભાડુ આપવા જતા હતા. ત્યારે ચાર અજાણ્યા ઈસમોએ રોકડા ૫ હજાર રૂપિયા વાળુ પાકીટ આધારકાર્ડ, પાનકાર્ડની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

હજીરા રોડ અન્નપૂર્ણા મંદિરે ભવ્ય ગણેશ યાગનું આયોજન

સુરત

પાલ પાટીયા, હજીરા રોડ ખાતે આવેલ અન્નપૂર્ણા માતાજી મંદિરના પ્રાંગણમાં બિરાજમાન સિદ્ધિવિનાયક દાદાના સાનિધ્યમાં મંગળવાર તા.૨૮મી જાન્યુઆરીના રોજ તીલકુંદ ચતુર્થીના દિવસે ભવ્ય ગણેશયાગનું આયોજન કરવામાં આવ્યું છે. ગણેશ જન્મ અને તીલકુંદ ચોથનું મહાપર્વ ગણેશજીની પૂજા અંગે અત્યંત શુભદાયી મનાય છે. કેસર સ્નાન, વિવિધ તીર્થોના જળ, પંચામૃત, વિવિધ ફળો અને પુષ્પના રસ વગેરેથી અભિષેક પૂજન સવારે પાંચ કલાકે બાદમાં આરતી અને ૯ કલાકે યજ્ઞનો પ્રારંભ થશે. સાંજના ૫ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ બાદ ૬-૪૫ મહાઆરતી થશે. ભાવિકોને કેસર સ્નાન, યજ્ઞ તેમજ મહાઆરતી તેમજ ગણપતિ દાદાના દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવાયું છે.

એનટીપીસી કવાસમાં ૭૧માં ગણતંત્ર દિવસની ઉજવણી

સુરત

એનટીપીસી કવાસના મહાપ્રબંધ એમ.કે.શ્રીવાસ્તવના હસ્તે ધ્વજવંદન થયા પછી સીઆઈએસએફએસ દ્વારા ગણતંત્ર દિવસની પરેડ યોજવામાં આવી હતી. આ પ્રસંગે શ્રીવાસ્તવે દેશ માટે બલીદાન આપનારા શહીદો, સ્વતંત્રતા સેનાનીઓને યાદ કરી ભારતના સંવિધાનનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે લેડીઝ ક્લબ અને નર્સરી સ્કૂલ તથા બાલ ભવનના બાળકો દ્વારા દેશભક્તિ પર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા.

બીલીમોરામાં નારી સંમેલન તથા જાગૃતિ શિબિર યોજાશે

નવસારી

ગુજરાત રાજય મહિલા આયોગ અને જિલ્લા વહીવટીતંત્ર નવસારીના સંયુકત ઉપક્રમે આયોજીત મહિલા સશકિતકરણ અને મહિલા વિષયક યોજનાઓની જાણકારી આપવા તથા બંધારણ દિવસની ઉજવણી નિમિત્તે મહિલાઓને કાયદાકીય જાગૃતિ અને નારી અદાલતની સમન આપવાના હેતુસર તા.૨૯/૦૧/૨૦૨૦ ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે મોહનલાલ ચુનીલાલ સાંસ્કૃતિક હોલ, સોમનાથ મંદિર, બીલીમોરા, ગણદેવી ખાતે નારી સંમેલન અને કાયદાકીય જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજય મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલીયા સહિત સાંસદ સભ્યશ્રી, ધારાસભ્યશ્રી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ખાસ ઉપસ્થિત રહેશે. તેમ જિલ્લા વહીવટીતંત્ર નવસારી દ્વારા જણાવાયું છે.

ગાંધી નિવાર્ણ દિવસે કતલખાના બંધ રહેશે

સુરત

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિનાઠરાવ નં.૨૬૧, તા.૨૦-૦૨-૧૯૭૬ થી વિદીત થઈ, દર વર્ષની જેમ તા.૩૦/૦૧/૨૦૨૦ ને ગુરૂવારના રોજ ગાંધી નિર્વાણ દિન' નિમિત્તે સુરતમહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેનીમટન-બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

આવાસ યોજના અંગે દસ્તાવેજમાં સુધારો કરી ઝડપથી સબસિડી આપવા બેંકરોને જણાવાયું : સી આર પાટીલ

સુરત

પ્રધાનમંત્રીશ્રીની આવાસ યોજનામાં જેમને સબસિડીનો લાભ મળ્યો નથી અને દસ્તાવેજમાં સુધારા કરાવવાનાં છે એવા લાભાર્થીઓ માટે આજે કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં બેંકરો સાથે એક મિટીગ મળી હતી. આ મિટીગમાં જેમને સબસિડી મળવાની બાકી છે તેમજ દસ્તાવેજમાં પત્નીનું નામ નથી એમનો દસ્તાવેજ સુધારી, નામ દાખલ કરી એમને સત્વરે સબસિડીનો લાભ મળે એ માટે ચર્ચા વિચારણા કરી હતી. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ તરફથી સૌથી વધુ લોકોને આવાસ યોજનાનો લાભ મળે એ માટે નોટિફિકેશન જાહેર કરાયું છે. આ નોટિફિકેશન પ્રમાણે ચર્ચા-વિચારણા કરી નવો ડ્રાફ્ટ તૈયાર કરવાનું પણ નક્કી કરાયું. આ સાથે દસ્તાવેજમાં સુધારો આપી સબસિડીનો લાભ આપવા જણાવાયું. દસ્તાવેજમાં પત્નીનું નામ હોવા છતાં જેમને સબસિડી મળી નથી એમને પણ જલ્દીથી સબસિડી મળે એની કાર્યવાહી ઝડપથી કરવામાં આવે એવું ઠરાવવામાં આવ્યું.

અંતે સારોદ-જંબુસર મુકામે આવેલ પી. આઈ. ઈન્ડસ્ટ્રીઝ (MPP5-પ્લાન્ટ)ને ક્લોઝર અને રૂપિયા ૧ કરોડથી દંડિત કરાઈ

હાલમાં બનેલ અકસ્માતમાં પાંચ વ્યક્તિઓ ના મૃત્યુ,અનેકના ઘાયલ થયાની ઘટના તેમજ આ એકમની સ્થાપના બાદથી જ વાંરવાર પર્યાવરણના કાયદાઓનું ઉલ્લઘનની થતી ફરિયાદો માટે પર્યાવરણવાદીઓ તરફથી ઉચ્ચ સ્તરે લેખિત અને મોખિક ફરિયાદ કરી આ એકમની મંજુરી રદ કરવાની માંગણી કરવામાં આવી છે

ભરૂચ

મોજે સારોદ, તાલુકા-જંબુસર, જીલ્લા-ભરૂચ મકામે આવેલ પી.આઈ ઈન્ડસ્ટ્રીઝ કમ્પની માં તારીખ; ૦૬/૦૧/૨૦૨૦ ના રોજ બનેલ અકસ્માત માં પાંચ વ્યક્તિઓ ના મરણ થયા હતા અને અન્ય કેટલાક ગંભીર રીતે ઘાયલ થયેલ હતા. જે માટે આ એકમની બેદરકારી જવાબદાર છે. આ એકમ ને જીપીસીબી તરફથી વાંરવાર ના અપાયેલ દિશા-નિર્દેશો નું ઉલ્લઘન કરતા આ બેદરકારી નો ભોગ નિર્દોષ કામદારો બન્યા હતા. જો કાયદાઓ નું પાલન કર્યું હોત કે જીપીસીબી ની નોટીશો નો ખરા અર્થ માં અમલ કર્યો હોત તો આ દુર્ઘટના ના બની હોત.

અકસ્માત માં થયેલ પાંચ વ્યક્તિઓ ના મૃત્યુ, અને એકમની સ્થાપના બાદ થી જ વાંરવાર પર્યાવરણ ના કાયદાઓ નું ઉલ્લઘન થવાની, અને પર્યાવરણ ને થતા નુકસાન ની થતી ફરિયાદો માટે આ એકમ સામે તારીખ ૧૨-૦૧-૨૦૨૦ ના રોજ પ્રકૃતિ સુરક્ષા મંડળ તરફથી ઉચ્ચ સ્તરે લેખિત અને મોખિક ફરિયાદ કરી આ એકમ ની મંજુરી રદ કરવાની માંગણી કરવામાં આવી હતી.

જીપીસીબી ગાંધીનગર તરફથી કાર્યવાહી ના ભાગ રૂપે ૧૬.૦૧.૨૦૨૦ ના રોજ (જાવક પત્ર ક્રમાંક.૫૫૧૩૦ થી) આ એકમ ના જે પ્લાન્ટ માં દુર્ઘટના બની હતી તે રૅપ પ્લાન્ટ ને તાત્કાલિક અસર થી બંધ કરવા કે જેમાં વીજ-પાણી ના કનેકસનો પણ કટ કરવાના હુકમો થયા છે. તેમજ પર્યાવરણ ને થયેલ ગંભીર નુકશાન ના દંડ બદલ એક કરોડ રૂપિયા જમા કરવાના હુકમો થયા છે.

જોકે આ હુકમ સામે આ પી.આઈ ઈન્ડસ્ટ્રીઝ કમ્પની ના સત્તાધીશો તરફથી અપીલ કરી રજૂઆત કરવામાં આવી હતી કે (૧) પ્લાન્ટ ના વીજ-પાણી ના કનેકશનો હાલ યથાવત રહેવા દેવામાં આવે અને તે માટે તેમણે તેમના કારણો રજુ કર્યા હતા (૨) એક કરોડ નો દંડ વધુ પડતો છે અને તેને તાત્કાલિક ભરવાના હુકમ સામે રાહત આપવી.

આ અપીલ સામે જીપીસીબી એ (૧) વીજ-પાણી ના કનેકશનો કટ કરવા માટે વધુ ૧૦ દિવસ નો સમય આપવામાં આવ્યો છે. (૨) દંડ બાબત જીપીસીબી ની વિચારણા હેઠળ છે અને આખરી નિર્ણય હાલ જાણી શકાયું નથી. અને આ એકમ શરૂઆત થી જ જીપીસીબી ના નિયમો અને માપદંડો નું ઉલ્લઘન કરતું આવ્યું હોવાની ફરિયાદો થઈ છે. આ બાબતે અનેક વખત સ્થાનિકો, ખેડૂતો અને જે તે સમય ના વાગરા વિસ્તાર ના સન્છ સાહેબે પણ કલેકટર સાહેબ ને ફરિયાદ કરી હતી. અને જયારે જયારે ફરિયાદ થઈ છે ત્યારે ત્યારે તપાસ જરૂર થઈ છે અને તેમાં જણાયેલ નિયમોના ભંગ બદલ નોટીસ કે શો-કોઝ નોટીસ અપાઈ છે.

પ્રકૃતિ સુરક્ષા મંડળ ના સલીમ પટેલ ના જણાવ્યા મુજબ "અમોએ આ પી.આઈ ઈન્ડસ્ટ્રીઝ કમ્પની ની શરૂઆત થી લઈ ને હાલ બનેલ દુર્ઘટના બાબત ની માહિતી મેળવતા જાણવા મળેલ છે કે આ એકમ સામે અગાઉ અનેક વખતે પર્યાવરણ ના કાયદાઓ ના ઉલ્લઘન બાબતે થયેલ ફરિયાદો ના અનુસંધાને અને જે જીપીસીબી ની તપાસ ના અનુસંધાને અનેક ગેરરીતીઓ સામે નોટીસ / શોકોઝ-નોટીસ આપવામાં આવી હતી જેમાં (૧)આ એકમ નું વગર મંજુરીએ પ્લાન્ટ ચલાવવો (૨) મંજુરી વગર ની કેટલીક પ્રોડક્ટો નું ઉત્પાદન કરવાનું (૩) મંજુરી વગર પોતાના હેઝાર્ડ વેસ્ટ અને એફ્લુંએન્ટ બહાર નિકાલ કરવાના ગુન્હો અને એ બાબત ની માહિતી જીપીસીબી દ્વારા માંગવા છતાં, બદ ઈરાદા સાથે માહિતી ના આપી ને અને માહિતી છુપાવવા ના ગુન્હા(૪) ખુલ્લામાં ડ્રમો માં વેસ્ટ ભરી રાખવાના (૫) જમીન પર વેસ્ટ ફેલાવવાના ગુન્હા(૬) વારવાર કહેવા છતાં ફ્લો મીટર ના લગાડવું (૭) એફ્લુએન્ટ લઈ જતી પાઈપ-લાઈનો માં લીકેજ અને તેમાં જીપીસીબી ની સુચના બાદ પણ સમયસર રીપેર ના કરવાનું, અને આ લીકેજ થી આસપાસ ની જમીન સાથે ખેડૂત ના પાક ને ગંભીર નુકશાન કરવાના(૮) એકમ ના VOC ગંધ થી આસપાસ ના વિસ્તાર માં હવા ના પ્રદૂષણ કરવાના (૯) MEE અને ઈન્સીનેટર હોવા છતાં બંધ રાખવા(૧૦) આ એકમના એફ્લુએન્ટ ને દરિયા સુધી લઈ જવા ના સંચાલન કરતી VECL ના રીપોર્ટ મુજબ એફ્લુએન્ટ ના રીપોર્ટ માં COD,NH3H, TDS અને કલર ની માત્રા વધારે હોવાનું (૧૧) આ એકમ તરફથી પાટણ ની શ્રી જી ઈન્ડસ્ટ્રીઝ ને તેને મળેલ મંજુરી કરતા અનેક ગણો વધારે સ્પેન્ટ HCL નું ગેર-કાયદેસર ના વેચાણ કરવાના ગુન્હા (૧૨) અકસ્માત ના દિવસે એટલે કે તારીખ ૦૬.૦૧.૨૦૨૦ના રોજ જે પ્લાન્ટ (MPP5-પ્લાન્ટ) અકસ્માત થયો તે પ્લાન્ટ માં જે પ્રોડક્ટ નું ઉત્પાદન કરી રહ્યા હતા તે પ્રોડક્ટ નું તેમના અન્ય પ્લાન્ટ માટે તેમણે R&D માટે નું EC (એન્વાયર્મેન્ટ કલીયરન્સ) મેળવ્યું હતું પરંતુ અકસ્માત વાળા પ્લાન્ટ માં તેનું ઉત્પાદન કરી રહ્યા હોવાનો ગંભીર ગુન્હો (૧૩) અકસ્માત ના દિવસે એટલે કે તારીખ ૦૬.૦૧.૨૦૨૦ના રોજ એક ટેન્કર કબજે લેવામાં આવેલ કે જેમાં હાઈ COD વેસ્ટ વોટર ભરેલ હતું અને તે માટે જીપીસીબી ના તારીખ ૧૧/૧૦/૧૯ ના જાહેરનામાં મુજબ ના કાયદેસર ના પરિવહન ના કોઈ પણ દસ્તાવેજો કે ઓન-લાઈન મેનીફેસ્ટો પણ આપવામાં આવેલ ના હતા. અને અગાઉ અનેકો પ્રકાર ના ગંભીર ગુન્હાઓ સામે અગાઉ ફક્ત નોટીસ કે શોકોઝ નોટીસ સુધી ની જ કાર્યવાહી કરવામાં આવી હતી. જો ભૂતકાળમાં સખ્ત કાર્યવાહી કરવામાં આવી હોત તો આ એકમ બેદરકાર ના બન્યો હોત અને આ દુર્ઘટના ટાળી શકાય એમ હતી. આ બેદરકારી એ પાંચ વ્યક્તિઓ ના મૃત્યુ, અનેકો ને ઘાયલ અને પર્યાવરણ ને ના ભરપાઈ થઈ શકે એવું નુકશાન થઈ ચુકયુ છે. જીપીસીબી એ પણ આ બનેલ ઘટના થી બોધપાઠ લેવો જોઈએ અને અભ્યાસ કરવો જોઈએ અને આનું પુરાવર્તન પી.આઈ ઈન્ડસ્ટ્રીઝ કમ્પની ના અન્ય એકમ માં ના થાય તેમજ રાજ્ય ના અન્ય એકમો માં પણ ન થાય એ બાબત ની ચર્ચા-વિચારણા કરી નિષ્પક્ષ /પારદર્શક કાર્યવાહી થવી જોઈએ અને કાયદા ના અમલ માં સમાનતા જળવાવી જોઈએ. અમારી દ્રષ્ટીએ થયેલ ગંભીર ગેરરીતિઓ સામે આ કાર્યવાહી અપૂરતી છે કે જે માં જે યુનિટ માં અકસ્માત થયો હતો તે પ્લાન્ટ(MPP-5) ને જ ક્લોઝર આપવામાં આવ્યુ છે કે જેને ફેક્ટરી ઈન્સ્પેકટર દ્વારા પેહલાથી જ ક્લોઝર અપાયેલ છે. તારીખ ૧૨.૦૧.૨૦ ના અમારા પત્ર માં અમારી માંગણી હતી કે અત્યાર સુધી બનેલ ઘટના ક્રમ જોતા સારોદ મુકામે આવેલ પી.આઈ ઈન્ડસ્ટ્રીઝ કમ્પની ને તાત્કાલિક અસર થી બંધ કરવી જોઈએ અને કાયદા મુજબ એની મંજુરી પણ રદ કરવી જોઈએ. પાંચ-પાંચ નિર્દોષ વ્યક્તિઓ ના મૃત્યુ બદલ ફોજદારી રાહે કાર્યવાહી કરી માનવ વધ નો કેશ થવો જોઈએ. "

ભરૂચ જિલ્લાન ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ ના અધિકારી શ્રી વાઘેલા સાહેબે જણાવ્યું હતું કે "પી.આઈ.ઈન્ડસ્ટ્રીઝ માં થયેલ અકસ્માત માં કુલ પાંચ વ્યક્તિઓ ના મૃત્યુ થયા છે. અને અકસ્માત બનેલ એકમ (MPP5 પ્લાન્ટ)ને હાલ ક્લોઝર આપેલ છે."



સુરતના પુણા વિસ્તારમાં દાગીના સહિત રોકડની ચોરી થઈ હતી. પરિવાર બહારગામ ફરવા જતા બંધ ઘરનો ચોરે ફાયદો ઉઠાવી ચોરી કરી હતી.

ડુમસ સામુહિક દુષ્કર્મ કેસઃ એક આરોપી નવ વર્ષે હરિયાણાથી ઝડપાયો

સુરત

સુરતમાં રહેતી યુવતી તા. ૨૮-૧૦-૨૦૧૧ના રોજ પોતાના ફિયાન્સ સાથે ડુમસ ફરવા માટે ગઈ હતી. આ કપલ ડુમસની ઝાડીમાં આવેલા બાકડા પર બેઠું હતું ત્યારે જીતેન્દ્ર સીંગ ઉર્ફે રાજુ મધુસુગન પ્રસાદ, કમલનયન ભૂમિહાસ, કનૈયા વાલ્મીકી અને રાજકુમાર ઉર્ફે મુથલે યુવતીના ફિયાન્સને માર મારી જમીન પર પાડી દીધો હતો. જ્યારે યુવતીને જમીન પર પાડી દઈને જીવથી મારવાની ધમકી આપીને વારાફરતી સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. સામૂહિક દુષ્કર્મ બાદ યુવતીએ પહેરેલી સોનાની ચેઈન અને મોબાઈલ ફોન મળીને કુલ રૂ.૧૮,૮૦૦ની મત્તા લૂંટી લીધી હતી. નરાધમો યુવતીનાં કપડાં પણ લઈ ગયા હતા.

શહેરના એક માત્ર ફરવાના સ્થળ પર ગેંગરેપની ઘટનાના શહેર સહિત રાજયભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયાં હતાં. જોકે, આ મામલે યુવતી ફરિયાદ ન કરતા પોલીસ આ મામલે ફરિયાદી બનીને તપાસ શરુ કરી હતી. તે સમયના એસીપી વિધિ ચૌધરીએ બીજી નવેમ્બર, ૨૦૧૧ના રોજ ચાર હવસખોર પૈકીના જીતેન્દ્રસીંગ અને કમલ નયન ભુમિહારની ધરપકડ કરી હતી. જયારે નરાધમ કનૈયાકુમાર વાલ્મીકીસીંગ ભુમિહારની ગત પાંચમી નવેમ્બર, ૨૦૧૮ના રોજ ઝડપી પાડયો હતો.

આ કેસમાં રાજકુમાર ઉર્ફે મુથલ પોલીસના સકંજામાં આવ્યો ન હતો. વિધિ ચૌધરી સુરતમાં પાછા આવ્યા બાદ તેમણે આ કેસને પાછો હાથમાં લઈને ચોથા આરોપીને પકડવાની કવાયત હાથ ધરી હતી. આ માટે એક ટીમને લગાવી હતી. પોલીસને બાતમી મળી હતી કે આ આરોપી રાજકુમાર ઉર્ફે મુથલને સતત પોલીસનો ડર સતાવતો રહેતો હતો. જેથી તે વતન બિહારના નાલંદાના ખાલસા ગામમાં ક્યારેક જ આવતો હતો અને સતત પોતાનું ઠેકાણું બદલતો રહેતો હતો.

વતનથી ભાગીને રાજકુમાર મોતીહારી, ધનબાદ અને છેલ્લે ઝારખંડ-રાંચી ભાગી ગયો હતો. જયાં અંતરિયાળ વિસ્તારમાં આશ્રય મેળવી ત્યાં મજૂરી કામ કરતો હતો. બે મહિના અગાઉ રાંચીથી હરિયાણા-ફરીદાબાદ ગયો હતો અને ત્યાં પોતાનું નામ કુદોસીંગ ધારણ કરી પત્ની અને ૮ વર્ષની પુત્રી સાથે રહેતો હતો. બાતમીના આધારે નવ વર્ષે આરોપીની સુરત પોલીસે ધરપકડ કરી છે.

લીંબાયતમાં નાસ્તાની લારી પર માથાભારે લોકો દ્વારા તોડફોડ

તોફાન મચાવી લારીવાળાને ચપ્પુ મારી દેવાયું

સુરત

લીંબાયત ગોડાદરા શ્રીજી આર્કેડમાં આવેલી ચાઈનીઝ લારી પર નાસ્તો કરવા ગયેલા ચાર અજાણ્યા યુવકોએ ઝઘડો કરી લારીની તોડફોડ કરી લારીવાળા ઉપર ચપ્પુથી હુમલો કર્યો હતો.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગોડાદરા શ્રીજી આર્કેડ દુકાન નં.૧માં ચાઈનીઝની લારી ચલાવતા ભાર્ગવ યશવંત ચૌધરીએ ચાર અજાણ્યા યુવકો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપી ચાર અજાણ્યા યુવકો પરિયાદીની લારી ઉપર નાસ્તો કર્યા બાદ રૂપિયા નહીં આપતા ફરિયાદીએ રૂપિયાની માંગણી કરી હતી. જેથી ઉશ્કેરાયેલા આરોપીઓએ ખુરશી ટેબલની તોડફોડ કરી લારી ઉંધી વાળી દઈ કારીગરોને માર મારી ફરિયાદીને ચપ્પુ હુલાવી રૂપિયા સાત હજારનું નુકસાન પહોંચાડયું હતું. લીંબાયત પોલીસે લારીવાળા ભાર્ગવ ચૌધરીની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પરિણીતાને મારી ઘરમાંથી કાઢી મુકનાર દહેજ ભૂખ્યા સાસરિયાં વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

સુરત

ઘોડદોડ વિસ્તારમાં રહેતા વેપારીની પુત્રી પાસે લગ્નના પાંચ મહિનામાં જ દહેજમાં એક કરોડની માંગણી કરી દહેજ ભુખ્યા પતિ સહિત સાસરીયાઓએ તેણીનું ગળું દબાવી મારઝૂડ કરી ઘરમાંથી કાઢી મુકતા સમગ્ર સમાજમાં ભારે ચકચાર મચી છે.

ઉમરા પોલીસ સ્ટેશનથી મળતી વિગત અનુસાર ઘોડદોડ રોડ વિસ્તારમાં રહેતા ૨૫ વર્ષીય પૂજા(નામ બદલેલ છે)ના લગ્ન ગત તારીખ ૧૧મી જુલાઈ ૨૦૧૯ના રોજ મુંબઈ પરેલના પાર્થ રોડ ખાતે રહેલા વેપારી અવિ વિપુલ ચોકસી સાથે થયાં હતાં. લગ્ન બાદ પતિ અવિ ચોક્સી, સસરા વિપુલ નાનાલાલા ચોક્સી, સાસુ કાજલબેન, નણંદ અનુષી તથા વિપુલ ચોક્સી દ્વારા અવાર નવાર શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો અને દહેજમાં એક કરોડની માંગણી કરવામાં આવતી હતી. પૂજાએ તેમની દહેજની માંગણી નહીં સંતોષતા પતિ અવિ ચોક્સીએ તેનું ગળુ દબાવી ઢોર માર મારી મહિનાથી તરછોડી દીધી હતી. બનાવ અંગે પોલીસે પૂજાની ફરિયાદને આધારે પતિ સહિત સાસરીયાઓ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પરવતમાં ડી.જી. પોઈન્ટના બંધ ફ્લેટમાંથી ૮.૪૪ લાખની ચોરી

શારદા પરિવારના ઘરમાં તસ્કરોનો હાથફેરો

સુરત

પરવત પાટીયા હનુમાન મંદિરની પાછળ ડી.જી. પોઈન્ટમાં આવેલ ફ્લેટ નં.એ/૪૦૧માં ત્રાટકેલા તસ્કરો રોકડા રૂપિયા ૧.૨૫ લાખ સહિત કુલ રૂા.૮.૪૪ લાખની મતા ચોરી કરી ગયા હતા.

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ બનાવ અંગે ફ્લેટ માલિક ચંદ્રેશ માણેકલાલ શારદાએ ફરિયાદ નોંધાવી હતી. તા.૨૫-૧-૨૦૨૦થી તા.૨૭-૧-૨૦૨૦ દરમિયાન શારદા પરિવાર બહાર ગામ હતા. એ સમય દરમિયાન અજાણ્યા તસ્કરોએ ફ્લેટનું તાળુ તોડી તિજોરી તોડી રોકડા રૂા.૧.૨૫ લાખ, સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૮,૪૪,૩૩૦ની મતા ચોરી કરી ગયા હતા. પુણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

કતારગામમાં ગુલાબ વાડીના ભાડે અપાયેલા ૧૮ આવાસની ફાળવણી રદ કરાઈ

સુરત

મહાનગરપાલિકા કે સરકાર દ્વારા બનાવવામાં આવેલા આવાસની ફાળવણી બાદ ભાડે અપાતા હોવાની ફરિયાદ પછી કતારગામ ઝોનમાં ભાડે અપાયેલા ૧૮ અને ઉધના ઝોનમાં ચાર ફ્લેટની ફાળવણી રદ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ખાલી રહેલા ૮૮ જેટલા ફ્લેટ ધારકોને નોટિસ આપીને તેમની પાસે ખુલાસો મંગાયો છે.

ગરીબી રેખા નીચે જીવતા કે મધ્યમ વર્ગના લોકો માટે સરકાર દ્વારા સસ્તા દરે આવાસ બનાવવાની યોજના ચાલી રહી છે. આ યોજનામાં જરૂરિયાત મંદને બદલે કેટલાક લોકો વધુ આવક હોવા છતાં આવાસ મેળવી લે છે. આવી રીતે મેળવેલા આવાસ ભાડે અપાતા હોવાની વ્યાપક ફરિયાદ છે.

આ અંગેની ફરિયાદ સુરત મહાનગર પાલિકા કમિશનર બંછાનિધી પાનીને મળી હતી. મહાનગરપાલિકા કમિશનરને ફરિયાદ મળ્યા બાદ તેઓએ ચકાસણીના આદેશ આપ્યા હતા.

કતારગામ ઝોન ટીપી સ્કીમ નંબર ૩૫ના ફાઈનલ પ્લોટ નંબર ૧૨૧ ડભોલી ગુલાબ વાડી ખાતે મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ આવાસ બનાવવામાં આવ્યા છે. જેમાં સુમન શ્રેષ્ઠ બિલ્ડીંગ સી ફ્લેટની તપાસ કરતા મહાનગરપાલિકાએ જેને આવાસ ફાળવ્યા હતા. આ ચકાસણી દરમિયાન બિલ્ડિંગમાં ૩૫ જેટલા ફ્લેટ બંધ હાલતમાં જોવા મળ્યા હતા. આવાસની ફાળવણી કરી દીધા બાદ પણ લાંબા સમયથી બંધ રહેતા ફ્લેટના માલિકોને નોટીસ આપી તેમની સામે કાર્યવાહી કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

મોરાભાગળમાં મિલ્કતના ભાગ માટે ભાઈ અને ભત્રીજાનો હુમલો

મોટાભાઈને ઘરે બોલાવી નાના ભાઈ અને ભત્રીજાએ ફટકાર્યો

સુરત

નાના ભાઈ અને ભત્રીજાએ મિલ્કતમાં ભાગ માંગી હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનો બનાવ રાંદેર પોલીસ મથકે નોંધાયો હતો.

રાંદેર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મોરાભાગળ બોટનીકલ ગાર્ડનની સામે રહેતા વિનુભાઈ ઘોઘાભાઈ બારીયાએ આરોપી નાનો ભાઈ બળવંત ઘોઘા બારીયા, પુત્ર ભવદીપ બળવંત (રહે. ઉમિયા આશિષ સોસાયટી, મોરાભાગળ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી પિતા પુત્રે ફરિયાદીની ઘરે આવી મિલ્કતમાં ભાગ કેમ આપતો નથી. તેમ જણાવી ગાળો આપી કોદાળીના હાથાથી હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. રાંદેર પોલીસે વિનુભાઈ બારીયાની ફરિયાદ નોંધી પો.સ.ઈ. સી.આર. ઠુમરે તપાસ હાથ ધરી છે.

ઉમરા-પાલનો અધુરો બ્રીજ પૂર્ણ કરવા લાઈન દોરીનો અમલ થશે

સુરત

સુરત શહેરના અડાજણ તથા અઠવા વિસ્તારોને જોડતા તાપી નદી પરના બી.આર.ટી.એસ. ફેઝર અંતર્ગત પાલ ઉમરા બ્રીજના ઉમરાગામ તરફના એપ્રોચ માટે ઘણાં સમયથી મિલ્કતદારો સંમતિ ન આપવાને કારણે પરસ્પર સંમતિથી જગ્યા મેળવવાનું કામ ખોળંભે પડેલ છે. તા.૧૩/૧૧/૨૦૧૮ ના રોજ અસરગ્રસ્તો સાથે કમિશ્નરશ્રીની મીટીંગ થયેલ. જેમાં કમિશ્નરશ્રી ધ્વારા વિસ્તૃત સમજુતી આપી અને એક અઠવાડીયામાં અસંમત અસરગ્રસ્તોને અંતિમ નિર્ણય પર આવવા જણાવેલ. જે અઠવાડીયાનો સમય પૂર્ણ થયા બાદ તા.૨૧/૧૧/૨૦૧૯ ના રોજ અસંમત અસરગ્રસ્તોને ફરીથી ચર્ચા માટે બોલવવામાં આવેલ પરંતુ અસરગ્રસ્તો હાજર રહેલ નથી. જે અંગે કમિશનરશ્રી દ્વારા કાયદાકીય જોગવાઈઓ અનુસાર લાઈનદોરી મુકી જરૂરી જગ્યાઓ મેળવવાની કાર્યવાહી અગ્રિમતાના ધોરણે હાથ ધરવા સુચના આપેલ છે. જે અન્વયેની કાર્યવાહી તાકીદના ધોરણે હાથ ધરવામાં આવેલ છે.તેમ સુરત મહાનગર પાલિકાના પીઆરઓ વિભાગની અખબારી યાદીમાં જણાવ્યું છે.

વરાછામાં લાખો લોકોનો વસવાટ છતા ગ્રાન્ટેડ કોલેજોનો અભાવ



વરાછામાં સરકારી કોલેજો શરૂ કરવા વિદ્યાર્થીઓની માંગણી

સુરત

શહેરના વરાછા, પુણા, કામરેજ વિસ્તારમાં અંદાજે ૧૫થી ૨૦ લાખની વસ્તી છે. આવો મોટો ભરચક વિસ્તારમાં એકપણ ગ્રાન્ટેડ કોલેજ નહીં હોવાને કારણે વિદ્યાર્થીઓનું ભાવી ધંધુળુ બન્યું છે. શહેરના વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ વરાછા વિસ્તારમાં આર્ટસ, સાયન્સ અને કોમર્સ ફેકલ્ટી સરકાર દ્વારા ખોલાવવાની માંગણી સુરત જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને કરી છે. આ વિસ્તારમાં તાકીદે ગ્રાન્ટેડ કોલેજ શરૂ કરવાની પણ માંગ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી છે.

શહેરની કે.પી. કોમર્સ, ધારૂકાવાળા સહિત અન્ય કોલેજોમાં ભણતા ચિંતન સંઘાણી, ધ્રુવીત ઢોલરીયા, કેતન સોજીત્રા, વિજય હીરપરા, કિર્તિ ગજેરા તથા રોહિત તળાવીયાએ જિલ્લા કલેક્ટરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, વરાછા, કાપોદ્રા, પુણા તથા કામરેજ વિસ્તારમાં સરકાર સંચાલિત ગ્રાન્ટેડ કોલેજ નહીં હોવાને કારણે વિદ્યાર્થીઓનું ભાવી અંધકારમય બની ગયું છે. દૂર દૂર સુધી વિદ્યાર્થીઓએ કોલેજમાં ભણવા જવું પડે છે. જેના કારણે વિદ્યાર્થીઓનો સમય, ખર્ચ થાક તથા માનસિક ત્રાસ વધી જાય છે. વરાછા વિસ્તારમાં તાત્કાલિક ગ્રાન્ટેડ કોલેજ ખોલવાની માંગણી કરવામાં આવી હતી.

સરકાર કોઈની પણ હોય, આદિવાસીઓનો પ્રશ્ન આવશે તો હું હંમેશા લડીશ : મનસુખ વસાવા

નર્મદા

ભાજપના નેતા કેતન ઈનામદારનું રાજીનામુ અને ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ભાજપ વિરુદ્ધ બાંયો ચઢાવી છે. ત્યારે હવે સાંસદ મનસુખ વસાવા મેદાનમાં પડ્યા છે. તેમણે આદિવાસીઓનાં ખોટા પ્રમાણપત્રો સરકારી નોકરી મેળવવાનાં મુદ્દા અંગે અવાજ ઉઠાવવા માટે મેદાનમાં આવ્યાં છે. તેમણે કહ્યું છે કે, આદિવાસીનાં નામનો ખોટો ઉપયોગ કરીને સરકાર પર પ્રેસર કરે છે. પરંતુ આદિવાસીઓનાં નેતાઓ સમર્થનમાં બહાર આવે.

તેમણે વધુમાં કહ્યું છે કે, 'સરકાર ગમે તેની હોય પરંતુ આદિવાસી લોકોનાં પ્રશ્નમાં હું હંમેશા લડીશ. ભાજપનાં જ સાંસજ આજે ભાજપ સામે ઉગ્ર અવાજમાં બોલી રહ્યાં હતાં.' વધુમાં તેમણે જણાવ્યું કે, હું ટ્રાયબલ કમિશનરને પૂછું છે કે, કેમ તમે રદ કરેલા સર્ટિફિકેટ મંજુર કર્યા? અમે ન્યાય માટે લડીશું.

તેમણે વધુમાં જણાવ્યું કે, 'આદિવાસીઓનો હક છીનવવાનો આ પ્રયાસ સરકારનાં વહીવટી તંત્રને અમે ખુલ્લા પાડીશું. બાકીનાં લોકો દબાણ લાવી રહ્યાં છે તો અમે કેમ ન દબાણ કરીએ. દબાણનું રાજકારણ ચાલે છે. સરકાર જેની હોઈ તેની પણ જ્યારે આદિવાસીઓનો પ્રશ્ન હોઈ તો તમામ આદિવાસીએ ભેગા થવું જોઈએ.'

આ પહેલા પણ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે, 'સરકારે આદિવાસીનાં હિતમાં જાતિ અંગેનાં પ્રમાણપત્રોની ખરાઈ કરી રહી છે. વનવિભાગની અને અન્ય ભરતીમાં આદિજાતીનાં પ્રમાણપત્રોની ખરાઈ દરમિયાન ખોટા પ્રમાણપત્રો મળ્યા હતાં. તેવા ૧૫૦ ઉમેદવારોનાં આવા પ્રમાણપત્રો રદ થયા છે. તેવા લોકો સરકાર સામે આંદોલન કરી રહ્યાં છે. સરકાર આદિવાસીઓનાં હિતમાં કાર્ય કરી રહી છે. જેથી અમે ભાજપ સરકાર સાથે રહેવાનો નિર્ણય કર્યો છે.'



રાજપીપળા પાલિકાના ખોખલા વહીવટથી ખુદ ભાજપના સભ્યો તોબા પોકારી ઉઠ્યા: માજી પ્રમુખે આપી રાજીનામાની ચીમકી

જો વિકાસના કામો બાબતે કોઈ નિર્ણય નહિ લેવાય તો હું સભ્યપદેથી રજીનામુ આપીશ: સંદીપ દશાંદી, માજી પ્રમુખ રાજપીપળા નગરપાલિકા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



અમારા વોર્ડમાં વિકાસના કામો થતા નથી તો પાલિકા સભ્યપદે રહીને શુ કામ છે, મેં અનેક વખત રજુઆત કરી પણ અમારું કોઈ સાંભળતું નથી : સંદીપ દશાંદી, માજી પ્રમુખ રાજપીપળા નગરપાલિકા

રાજપીપળા નગર પાલિકામાં વર્ષો બાદ ભાજપને પૂર્ણ બહુમત મળ્યો છે. રાજપીપળાના શહેરીજનોએ વિકાસ થશે એ આશાએ ભાજપને સત્તા આપી પણ છેલ્લા ઘણા સમયથી અનેક તકલીફો વેઠી રહેલા શહેરીજનો ભાજપના વહીવટથી કંટાળ્યા હોવાની બુમો ઉઠી છે.ત્યારે હવે તો ખુદ ભાજપના ચૂંટાયેલા સભ્ય અને રાજપીપળા પાલિકાના પૂર્વ પ્રમુખ સંદીપ દશાંદીએ પાલિકા વહીવટથી કંટાળી સભ્યપદેથી રાજીનામાની લેખિત ચીમકી આપી છે.આ જોતા રાજપીપળા પાલિકા માં વિકાસના કામો નહિ થતા હોવાની પોલ ખુદ ભાજપના જ સભ્યએ ખુલ્લી પાડી છે.

આ બાબતે રાજપીપળા પાલિકા વોર્ડ-૪ના સભ્ય અને પાલિકાના પૂર્વ પ્રમુખ સંદીપ દશાંદીએ જણાવ્યું હતું કે મારા વોર્ડમાં વિકાસના કામો થતા નથી લોકોની નાની મોટી ફરિયાદોનો નિકાલ પણ થતો નથી.મેં ઘણી રજૂઆતો કરી પણ કોઈ ધ્યાન નથી આપતું.મારા વોર્ડના લોકો મને ફરિયાદ કરવા આવે છે.જો વોર્ડમાં વિકાસના કામો જ ન થતા હોય તો મારે સભ્યપદે રહીને શુ કામ છે,જો વિકાસના કામો બાબતે યોગ્ય નિર્ણય ન લેવાય તો હું રાજીનામું આપી દઈશ.મેં મારી લેખિત ફરિયાદ રાજપીપળા પાલિકા પ્રમુખ,નર્મદા જિલ્લા અને રાજપીપળા શહેર ભાજપ પ્રમુખને કરી છે.

આ બાબતે રાજપીપળા શહેર ભાજપ પ્રમુખ રમણસિંહ રાઠોડે જણાવ્યું હતું કે પાલિકા વોર્ડ-૪ ના ભાજપ સભ્ય સંદીપ દશાંદીએ મને પોતાની રજુઆત લેખિતમાં કરી છે અને જો વિકાસના કામો નહિ થાય તો રાજીનામાનો પણ એમાં ઉલ્લેખ કર્યો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આ તો ભાજપના એક જ સભ્યએ ખુલ્લેઆમ પડકાર ફેંક્યો છે, હજુ તો ઘણા સભ્યો વહીવટીથી નારાજ છે, ત્યારે આગામી સમયમાં ભાજપના અન્ય સભ્યો પણ પોતાના રાજીનામાં આપશે એવા એંધાણ વર્તાઈ રહ્યા છે.બીજી બાજુ તાજેતરમાં જ રાજપીપળા પાલિકામાં કરોડો રૂપિયાની બીજી ગ્રાન્ટ આવી છે તો એ ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થાય એ પણ જરૂરી છે.

સાગબારાના ચોપડવાવ ગામે આડા સંબંધનો વ્હેમ રાખી પતિએ પત્નીની હત્યા કરતા ચકચાર

પત્ની પર પુરુષ સાથે સંબંધ ધરાવતી હોવાનો સક કરી વારંવાર મારઝૂડ કરતા પતિ એ ૨૬ જાન્યુઆરી એ જ દંડા વડે ઢોર માર મારી હત્યા કરી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના સાગબારા તાલુકાના ચોપડવાવ ગામમાં ખોટો પત્ની પર ખોટો શક રાખી પતિએ માર મારી હત્યા કરતા નાનકડા ગામમાં અરેરાટી ફેલાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ચોપડવાવ ખાતે રહેતા રવિદાસ જયરામસીંગ ઉર્ફે જેરમીયાભાઈ વસાવા ના ૩-૪ વર્ષ પહેલાજ કૈલાશબેન સાથે લગ્ન થયા હતા.લગ્ન જીવન દરમીયાન તેમબે બે સંતાન હોય શરૂઆતમાં પત્ની કૈલાશ ને સારી રીતે રાખ્યા બાદ પતિ રવિદાસ કૈલાશને અન્ય પુરુષ સાથે આડો સંબંધ છે તેવો વ્હેમ રાખી અવાર નવાર મારઝૂડ કરતો હતો છતાં કૈલાશબેન સંતાનો માટે પતિનો આ ત્રાસ વારંવાર સહન કરી રહેતા હતા છતાં પતિનો ખોટો શક દૂર ન થયો અને વ્હેમ નું કોઈ ઓસડ હોતું નથી એમ ગત તારીખ ૨૬ જાન્યુઆરી એ આડા સબંધનો વહેમ રાખી ગમે તેમ ગાળો બોલી ઝગડો કરી કૈલાશને ગડદાપાટુ તથા વાસના ડંડાવડે માર મારી ગંભીર ઈજાઓ પહોચાડી તેનું મોત ઘટના સ્થળ પરજ ઘરમાં નિપજાવી નાસી જતા આ બાબતની જાણ આસપાસના લોકોને થતા ભારે હોબાળો મચી ગયા બાદ સાગબારા પોલીસમાં ફરિયાદ થતા પોલીસે ફરાર રવિદાસ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.આ ઘટના બાદ નાનકડા ચોપડવાવ ગામ માં અરેરાટી ફેલાઈ હતી.તપાસ સાગબારા પીએસઆઈ જી.કે.વસાવા કરી રહ્યા છે.

રાજપીપળા પાલિકાના લુલા વહીવટને અને પાલિકામાં વિકાસના કામો નહિ થતા હોવાની પોલ ખુદ ભાજપના જ સભ્યએ ખુલ્લી પાડતા ભાજપમાં સન્નાટો

સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે બનાવવામાં આવેલ જંગલ સફારી પાર્કમાં વધુ એક પ્રાણીનું મોત



- **વિદેશી પ્રાણીઓને વાતવરણ અનુકૂળ નથી છતાં તંત્રના સબ સલામતના દાવા : બે જિરાફ,૩ એમ્પાલા, એક જીબ્રા અને વિદેશી પક્ષીઓના પણ મોત થયા**
- **જંગલ સફારી હવે પૂર્ણતાના આરે ૧૫૦૦ થી વધુ પ્રાણીઓ અને પક્ષીઓ લાવી દેવાયા હાઈ ચિમ્પાઝી અને ઓરંગઉટાન બાકી**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે બનાવવામાં આવેલ જંગલ સફારી પાર્કમાં વધુ એક પ્રાણીનું મોત થતા આ જંગલ સફારીના લોકાર્પણ માટે અનેક પ્રશ્નો ઉભા થયા છે. જંગલ સફારી હવે પૂર્ણતાના આરે ૧૫૦૦ થી વધુ પ્રાણીઓ અને પક્ષીઓ લાવી દેવાયા,હાઈ ચિમ્પાઝી અને ઓરંગઉટાન બાકી છે. ત્યારે વિદેશી પ્રાણીઓ પક્ષીઓ પર થતી અસર ને લઈને તંત્ર હાલ ચિંતામાં છે. અહી રાખવામાં આવેલ દેશ વિદેશના પ્રાણીઓને અહીનું વાતાવરણ અનુકુળ ન આવતા તાજેતરમાં ઝીબ્રાનું મોત થયું છે. વિદેશી પ્રાણીઓને વાતવરણ અનુકૂળ નથી છતાં તંત્ર સબ સલામત ના દાવા કરી રહ્યું છે ત્યારે અત્યાર સુધીમાં જંગલ સફારીમાં બે જિરાફ,૩ એમ્પાલા,એક જીબ્રા અને વિદેશી પક્ષીઓના પણ મોત થયા જેમાં તંત્ર વાતાવરણની અસર બતાવી રહ્યું છે.

આબાબતે સરદાર પટેલ જિયોલોજિકલ પાર્કના ડાયરેક્ટર અને નાયબ વન સંક્ષક રામ રતન નાલા એ જણાવ્યું હતું કે આ જીબ્રા ત્રણ દિવસ થી બીમાર હતું અને વાતાવરણની અસરને કારણે મોત થયું છે જોકે અન્ય પ્રાણીઓનું પૂરતું ધ્યાન રખાય રહ્યું છે. બાકીના તમામ પ્રાણીઓને વાતવરણ માફક આવી ગયું છે અને બધા સલામત છે. અને તમામ જેતે જરૂરી ખોરાક પાણી અને તબીબોની નિગરાની હેઠળ છે.

નવસારીમાં ૧.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો, લોકોમાં ફફડાટ

નવસારી

નવસારીમાં બપોરે એક વાગ્યા આસપાસ ૧.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ નવસારીથી ૨૪ કિમી દૂર હોવાનું નોંધાયું છે. ભૂકંપના કારણે લોકોમાં થોડો ભય પણ જોવા મળી રહ્યો છે.

નવસારી જિલ્લામાં એક મહિના પહેલા ૨૭ ડિસેમ્બરના રોજ વહેલી સવારે ભૂકંપના આચંકા અનુભવાયા હતા. ત્યારબાદ ફરી બપોરના ૧ વાગ્યા આસપાસ નવસારીમાં ભૂંકપના આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર ૧.૯ની તીવ્રતા નોંધાઈ હતી. જ્યારે ભૂકંપનું કેન્દ્રબિંદુ નવસારીથી ૨૪ કિમી દૂર અને ૩.૧ કિમી ઉંડાણમાં હોવાનું નોંધાયું છે. ૧.૯ની તીવ્રતાના ભૂકંપના આંચકાના કારણે કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી.

એક મહિના પહેલા નવસારી જિલ્લાના વાંસદામાં હળવા આંચકાઓ અનુભવાયા હતા. જેના કારણે લોકો રાત્રે પણ ઘરની બહાર સૂવા માટે મજબૂર થઈ ગયા હતા. જોકે, ફરી ભૂકંપનો આંચકો અનુભવાતા ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઈ-ટિકિટોનો ગેરકાયદે વેપાર કરતો યુવક ઝડપાયો, ૧ લાખનો મુદ્દામાલ જપ્ત



સુરત

સોફ્ટવેરનો ઉપયોગ કરીને રેલવેની ઈ-ટિકિટોનો ગેરકાયદે વેપાર કરતા ડિંડોલીના એક યુવાનને ઝડપી લઈને આરપીએફએ રૂ. એક લાખની કિંમતની ૪૬ નંગ ઈ-ટિકિટો તથા લેપટોપ-મોબાઈલ કબજે લીધાં છે.

હેડ ક્વાર્ટરથી મળેલી ચોક્કસ વિગતોના આધારે આઆરપીએફની ટીમે ટીમે જગદંબા નગર ડીંડોલીમાં આવેલા એક મકાનમાં એકાએક ચેકિંગ કરતા એક યુવાન રૂ. એકસોથી લઈને દોઢસો વસૂલીને જરૂરતમંદોને તત્કાળ ટિકિટો કાઢી આપતો હોવાનું જણાયું હતું.

સોફ્ટવેરની મદદથી રેલવેનો ઈ-ટિકિટોનો વેપાર થતો હોવાનું અગાઉ પણ ઘણી વખત પકડાઈ ચૂક્યું છે અને આવા સોફ્ટવેર સામે એક ઝુંબેશ પણ રેલવે વિભાગ દ્વારા ચલાવવામાં આવી છે.

તેમ છતાં ડીંડોલી માંથી પકડાયેલા યુવાન અજીતસિંહ તત્કાળની ઈ-ટિકિટ મેળવવા માટે એનજીઈટી નામનો સોફ્ટવેરનો ઉપયોગ કરતો હોવાનું બહાર આવ્યું છે. આરપીએફની ટીમે એક લેપટોપ, એક મોબાઈલ અને ૪૬ નંગ ઈ-ટિકિટો કબજે લીધી છે.

પાંડેસરામાં વસંત ડાઈંગ મીલમાં બીજા માળે આગ લાગી

આગમાં મશીન અને માલ સળગી ગયો

સુરત

પાંડેસરા વિસ્તારમાં આવેલી વસંત ડાઈંગ મિલમાં આજે સવારે બીજા માળે અચાનક આગ ફાટી નીકળતા ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. હાલ કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી. જોકે, ડાઈંગ મિલમાં મોટા નુકસાનનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.

પાંડેસરા વિસ્તારમાં વસંત ડાઈંગ મિલમાં બીજા માળે આવેલા પ્રિન્ટિંગ ખાતામાં અચાનક આગ ફાટી નીકળી હતી. સવારે ૭.૨૦ કલાકે ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયર વિભાગનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. જોકે, આગ કાબૂમાં આવે તે પહેલા ૪ પ્રિન્ટિંગ મશીન, ૨૨ તાકા, ફર્નીચર, ઈલેક્ટ્રિક મોટર, કેબલ સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જેના પગલે મોટા નુકસાનનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. જ્યારે આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ સર્જાઈ હોવાના અહેવાલ મળ્યા નથી.

અન્ય એક આગની ઘટનામાં મહિધરપુરામાં લાકડાના બંધ ઘરના ત્રીજા માળે મોડી રાત્રે આગ લાગી હતી. રસ્તા પરથી પસાર થતા વરઘોડામાં ફોડવામાં આવેલા ફટાકડાના કારણે એક રોકેટ ત્રીજા માળે ઘૂસી જતા આગ લાગી ગઈ હતી. ઘટનાની જાણ થતા ફાયરની બે ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને પાણની મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. બંધ મકાન હોવાથી કોઈ જાનહાનિ થઈ નહી.

રાજપીપળાના ૮૦ વર્ષ જુના શ્રી રત્ન ગણેશ મંદિરે ગણેશ યાગ યોજાયો : ગણેશ યાગમાં ૧૭ જોડાઓએ લાભ લીધો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળાના દરબારરોડ સ્થિત ૮૦ વર્ષ જુના પૌરાણિક શ્રી રત્ન ગણેશ મંદિરે છેલ્લા ઘણાં વર્ષોથી ચાલતી આવતી પ્રથા મુજબ મંગળવારે ગણેશ જયંતિ નિમિત્તે ગણેશ યાગ યોજાયો હતો.

વૈદિક મન્ત્રોચ્ચાર સાથે યોજાયેલા ગણેશ યાગનો ૧૭ જોડાઓએ લાભ લીધો હતો.બાદ સાંજે ૫:૩૦ બાદ નાળિયેર હવન અને મહાપ્રસાદી લઈ સૌ ભક્તજનો છુટા પડ્યા હતા.એક માન્યતા મુજબ રાજપીપળાના રહેવાસી તથા મુંબઈના શાસ્ત્રી રત્નેશ્વર બહેચરભાઈને સપનામાં શ્રી ગણેશજીએ આવીને નંદપુર એટલે હાલના રાજપીપળામાં જમણી સૂંઢના ગણેશજીની મૂર્તિ સ્થાપનાનો આદેશ આપ્યો હતો.બાદ મુંબઈથી સેવાકાર્ય છોડી શાસ્ત્રી રત્નેશ્વરે આદેશ મુજબ પોતાના ભાઈ અગ્નિહોત્રી કલિશંકર ને કેહતા તેમને કાશીના બ્રાહ્મણોને બોલાવી ૧૯/૦૬/૧૯૪૦ ના દિવસે રાજપીપળાના દરબાર રોડ પર આ મંદિરની સ્થાપના કરી હતી.મુંબઈના સિદ્ધિવિનાયક મંદિર જેવા જમણી સૂંઢના ગણપતિની મૂર્તિ છે તેવીજ ભરૂચ-નર્મદા જિલ્લામાં ફક્ત રાજપીપળા માં દરબાર રોડ પર શ્રી રત્ન ગણેશ મંદિરે મૂર્તિ છે.હાલમાં શાસ્ત્રી રત્નેશ્વર બહેચરભાઈના ભત્રીજા મહેશભાઈ સેવા પુંજા કરે છે.જ્યાં રોજ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શનાર્થે આવતા હોય છે.

મુંબઈના જ્વેલર્સ ચોકસી પરિવાર દ્વારા વહુની હત્યા કરવાનો પ્રયાસ

સુરત

માત્ર ત્રણ મહિનામાં જ સુરતની સિટીલાઈટ વિસ્તારની જૈન સમાજની યુવતી ઉપર મુંબઈના સાસરીયાએ રૂપિયા એક કરોડ માટે શારીરિક માનસિક ત્રાસ ગુજારી ગળુ દબાવી જાનથી મારી નાંખવાની કોશિશ કરી તરછોડી દીધાની ફરિયાદ ઉમરા પોલીસ સ્ટેશને નોંધાતા જૈન સમાજમાં ખળભળાટ મચી ગયો હતો.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મુંબઈ લોઅર પરેલમાં રહેતા અને જ્વેલર્સના વ્યવસાયી સાથે સંકળાયેલા પતિ અવિ વિપુલ ચોકસી, સસરા વિપુલ નાનાલાલ ચોકસી, સાસુ કાજલબેન, નણંદ અનુષી વિરૂદ્ધ સિટીલાઈટની યુવતીએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી સાસરીયાએ ભેગા મળીને ફરિયાદી ઉપર સતત શારીરિક માનસિક ત્રાસ ગુજારી રૂપિયા એક કરોડની માંગણી કરી પતિએ ગળુ દબાવી મૂઢ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી છેલ્લા બે માસથી તરછોડી દીધી હતી.

દરમિયાન ફરિયાદી પરિણીતાનો ટેલીફોનીક સંપર્ક સાંધતા તેણીએ જણાવ્યું હતું કે, અમો સામાન્ય પરિવારના છીએ ગત જુલાઈ માસમાં મારા લગ્ન મુંબઈના જ્વેલર્સ વેપારી પુત્ર અવિ ચોકસી સાથે થયા હતા. લગ્નના બે મહિના બાદ જ પરિવારે કામવાળી કરતાં પણ મારી હાલત બદતર કરી નાંખી હતી. મારા પિતાજીની આર્થિક સ્થિતિ સારી ન હોવાનું જાણવા છતાં પણ પોતાના કહેવાતા મોભા પ્રમાણે નણંદના ૩૧મી જાન્યુઆરીએ યોજાનારા લગ્ન ખર્ચ પટે રૂપિયા એક કરોડની માંગણી કરી મારઝુડ કરવામાં આવતી હતી. ઉમરા પોલીસે પીડિતાની ફરિયાદ નોંધી સાસરીયા વિરૂદ્ધ પો.સ.ઈ. એ.કે. જાડેજાએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતની યુવતી પાસે રૂા.૧ કરોડનું દહેજ માંગી ત્રાસ અપાતા પોલીસ ફરિયાદ